

'બાકી રહ્યું કૈં હવે ?' — ફોટો · આર. ભારદ્વાજ

કુમાર

તંત્રી · રવિશંકર રાવળ — આવતી કાલનાં નાગરિકોનું માસિક — સંપાદક · બચુભાઈ રાવત

ઑક્ટોબર ૨૧૪ ઈ. ૧૯૪૧

'કુમાર'ની અપ્રાપ્ય ફાઈલો

આજ સુધી જે નહોતી મળતી તેમાંની કેટલીક

ઑફિસના સ્પેશ્યલ સ્ટૉકમાંથી સ્થળસંકોચને કારણે કમી કરીને વેચવા કાઢી છે અને તે માત્ર જૂજ સંખ્યામાં જ છે. આ નીચે દરેકની નકલ તેની સામે જણાવી છે.

ઑર્ડરોનો નિકાલ, આવેલા પત્રોના ક્રમવાર જ થશે. તમારે મોડા ન પડવું હોય તો તાકીદે લખો:

વર્ષ	અંક	નંગ
૪	(૩૭થી ૪૮)	૧૦
૯	(૯૭થી ૧૦૮ ૧૦૦મા અંક વિના)	૯
૧૦	(૧૦૯થી ૧૨૦)	૬
૧૨	(૧૩૩થી ૧૪૪)	૧૪
૧૩	(૧૪૫થી ૧૫૬)	૯
૧૫	(૧૬૯થી ૧૮૦)	૨૫
૧૭	(૧૯૩થી ૨૦૪ ૨૦૦મા અંક વિના)	૨૧

દરેક ફાઈલની કીંમત રૂા. ૪

પોસ્ટેજ દરેકનું ૦-૪-૦

સાતે વર્ષની સામટી લેનારને રૂપિયા ૨૫માં ઘેરબેઠાં

એ ઉપરાંત

વર્ષ ૬ઠ્ઠા તથા વર્ષ ૧૧માની ફાઇલો પણ હજી સિલિકે છે અને તેની કિંમત તો સસ્તી છે. દરેકના માત્ર બે રૂપિયા. પોસ્ટેજ ચાર આના જુદું

બધા ફાઇલો બાંધ્યા વિનાની સમજવાની છે.

૧૦૦મો અંક તથા ૨૦૦મો અંક દરેકના રૂા. ૨ પોસ્ટેજ દરેકના ૦-૪ બંને સાથેના પોસ્ટેજ સાથે રૂા. ૪

કુમાર કાર્યાલય · અમદાવાદ

કુમાર

ઑક્ટોબર ૧૯૪૧

અંક ૨૧૪

ચિત્રો—

કવિતા—

ચરિત્ર—

વાર્તા—

લેખો—

વિભાગો—

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક—રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પ્રભદેશના રૂા. ૬‖, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬—૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઈ—૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ ને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ—૨



હર–ગૌરી

ચિત્રકાર · રવિશંકર રાવળ









હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ ઉપરથી અનુક્રમે : (૧) 'શૂન્યપથ'–શિવકુમાર જોષી (કલકત્તા) નોંધપાત્ર; (૨) 'શ્રમજીવીઓની સવાર'–આર. એસ. મિસ્ત્રી (નડીઆદ) બીજું ઈનામ; (૩) 'સૂરદાસ'–બાબુ ભણસાલી (મહુધા) ત્રીજું ઇનામ; (૪) 'જળનિવાસ'–આર. એમ. મિસ્ત્રી (નડીઆદ) નોંધપાત્ર; (૫) 'વાત્સલ્ય'–લલિતકુમાર પટેલ (અમદાવાદ) નોંધપાત્ર; (૬) 'વેરણિયા'–નટુભાઈ દેસાઈ (કપડવણજ) નોંધપાત્ર; (૭) 'શિકારી'–આર. જે. પરીખ (ધ્રાંગધ્રા) નોંધપાત્ર.

અમાવાસ્યા આજે

· શિખરિણી ·

અમાવાસ્યા આજે: ઘન તિમિરનો સાગર મહા
પડ્યો પ્હોળાઇને, સકલ અવકાશો ય ભરીને,
ઊંચે, નીચે, ચારે ગમ, અણુઅણુ સર્વ ગળીને
બધે; સીમાઓ આ અકલ તણી કલ્પાઇ ન શકે!

અમાવાસ્યા આજે: નયન સહુનાં અંધ તિમિરે,
બધા માંહોમાંહે અથડઇ પડે, ઓળખી શકે
નહીં ભાઇ ભાંડુ, સ્વજન, સુહૃદોને ય જરી, ને
કુરુક્ષેત્રો ગાજે ભીષણ જગના નંદનવને!

મહાખેલન્દા હે અકલિત લીલાના! ધડકતે
ઉરે ન્યાળું તારી રમત, નવ કૈં યે ગમ પડે;
વહે કંપારીઓ હિમશિશિર સર્વાંગ ઉપરે,
ઊંડે ઊંડે જો કે અકલ કંઇ શાન્તિ ઝમી રહી!

પ્રભો! છો ખેલે તાંડવ મનગમ્યાં, કિન્તુ સહવા
બોજી માટીનું દે હૃદય અમને: ના સહતું આ!

પ્રજારામ રાવળ

ચકોર અને વિચિત્રની સહીથી કરેલાં કટાક્ષચિત્રો અને ઠઠ્ઠાચિત્રો

વાણીના જેમ અનેક પ્રકાર છે તેમ ચિત્રમાં પણ આલેખ્ય હેતુ અનુસાર પ્રકાર બદલાય છે. કોઇ પણ બીના કે વસ્તુનું સ્વાભાવિક, સહજસિદ્ધ કે નિસર્ગનિર્મિત સ્વરૂપ છોડી, તેમાં આપણે કોઇ પણ પ્રકારની વિકૃતિનું મિશ્રણ કરીએ છીએ ત્યારે આપણા મનના હેતુ અનુસાર તેમાં આઘાત પ્રત્યાઘાત ઉત્પન્ન કરી શકીએ છીએ. આ શક્તિનો પ્રયોગ ને અનુભવ આપણા વ્યવહારમાં તો જાણ્યેઅજાણ્યે દરેક જણ કરતું હોય છે. દાખલા તરીકે આપણો કોઈ લાંબો મિત્ર ઘરમાં આવે તેને આપણે કહીએ કે 'ભાઈ, તારા માટે છાપરૂં ઊંચું લેવું પડશે!' જોકે તેની ખરેખરી ઊંચાઈ એવી ન હોય કે છાપરૂં ઊંચું લેવું પડે; પણ આપણો મર્મ તેની લંબાઇને સ્પર્શ કરે છે જ. આ બોલમાં કોઇને દુઃખ લાગતું નથી, પણ નરમ હાસ્ય પ્રકટે છે. પણ જો કોઇ ધીમું કામ કરતો હોય કે હાથમાંથી કામ પડતું મૂકે તેને ધડ કરતાં શબ્દબાણ મારીએ કે 'કેમ! કાંઇ ખાતો નથી? પાંગળો છે?' તો એ સાંભળી સામું પાત્ર ઝંખવાણું બનશે જ. આ બંને પ્રયોગોમાં વાસ્તવિકતા પર અતિશયતાનું અથવા વિકૃતિનું આરોપણ છે, પણ તેમાં હેતુ અનુસાર અસરો થાય છે.

ચિત્રકળામાં પણ આવો જ કંઇક પ્રકાર બને છે. વાસ્તવિકતાનું વિરૂપ પ્રદર્શન કરાવી ઉપહાસ કે આઘાત કરવાની તેમાં શક્તિ હોય છે; અને ઘણીવાર એ વિરૂપતાથી જ્યારે કોઇને દુઃખ ન થતાં પ્રસંગનું તલસ્પર્શી દર્શન થાય ત્યારે સૌને આનંદ પણ આવે છે.

'ચકોર' અને 'વિચિત્ર'ની સહીથી ગુજરાતમાં ઠઠ્ઠાચિત્રો આલેખતા ભાઈ બંસીલાલે શ્રી બલવંતરાય ઠાકોર અને કવિ ખબરદારની મતભેદચર્ચાને કુસ્તી કરવા ખડા થએલા પહેલવાનો તરીકે રજૂ કરી ત્યારે એની જ ગમ્મત ઘણાને મળી હતી. હરકોઇ પ્રસંગની કફોડી સ્થિતિ દર્શાવવામાં ભાઈ બંસીલાલે ચિત્રકળાના આ પ્રકારનો ભારે ઉપયોગ કરી બતાવ્યો છે. જનાબ ઝીણા ઉપર એમણે વખતોવખત દોરેલાં કાર્ટૂનો જોતાં એ સમજાશે.

વિનોદના ભાવે પ્રસિદ્ધ પુરુષોની તસ્વીરો વિકૃત કરવામાં તેની રેખાઓ અજબ તરંગો ધારણ કરે છે. આ કામ જેવુંતેવું ન કહેવાય. વાસ્તવિકતાના ચિત્રકારને તો માપો અને પ્રમાણો દૃષ્ટિ સામે જ હોય છે. ત્યારે અવાસ્તવિક છતાં સચોટપણે વાસ્તવિક ભાવદર્શનને વિરૂપતામાં ઉતારવાને કલાકારને તદ્દન નવાં જ રેખામંડળો અને આંદોલનો લડાવવાં પડે છે. એનો ઘણો અચ્છો અને સફળ પ્રકાર ભાઇ બંસીલાલે સિદ્ધ કરી બતાવ્યો છે, તે આ અંકમાં આપેલા તેના પરિચિત કલાકારમંડળની વ્યક્તિઓનાં ઠઠ્ઠાચિત્રો—'ફટાણાતસ્વીરો'—જોવાથી સમજાશે. કોઇનું નાક, કોઇની આંખ, કોઇનાં જડબાં, કોઇના વાળ વગેરેની વિલક્ષણતા અને પ્રાધાન્ય ઉપર તેની રેખા ગાંડી પણ જોમવંતી લહેરો પર ચડી છે. અસર અને ભાવની ઊંડી સમજ મેળવ્યા સિવાય આ પ્રકારમાં સિદ્ધિ મેળવવી અશક્ય છે. આવી કળામાં જે નૈપુણ્ય જોઇએ છે તે સામાન્ય ચિત્રકામ કરતાં અનેકગણી વિશેષતા માગે છે.

સ્વસ્થ ચિત્રકળાના પ્રકારોમાં પણ ભાઈ બંસીલાલે અનેક કૃતિઓ કરી તે કળામાં પોતાની શક્તિનું સુંદર નિદર્શન અગાઉ કરી બતાવેલું છે, અને 'ઝુંપડીની લક્ષ્મી' નામથી 'કુમાર'ના ૧૯૮મા અંકમાં પ્રકટ થઇ ગએલું વાંસકોડાના ઘરનું તેનું ચિત્ર મ્હૈસુર રાજ્યના ચિત્રસંગ્રહમાં તેની સાક્ષી રૂપે ગયું છે. પણ આજકાલ તો ગુજરાતની કળાના થતા સર્વાંગી વિકાસનો એક ખૂણો તેણે પોતાની આ કાર્ટૂનકળાથી ખરેખરો અજવાળ્યો છે. હિંદ કે હિંદ બહારના કાર્ટૂનકારો ધન્યવાદ આપે એવાં ચિત્રો તેણે ઘણી વાર કર્યાં છે, એટલું જ નહિ પણ છેલ્લાં બેત્રણ વર્ષના ગુજરાતના જાહેર જીવનનો સળંગ ઇતિહાસ તેના હાથે 'પ્રજાબંધુ' સાપ્તાહિકનાં પાનાંઓ ઉપર રેખાઇ ગયો છે. ગુજરાતને એનો પરિચય આપતાં 'કુમાર' ગૌરવ અનુભવે એ સ્વાભાવિક છે.

રવિશંકર રાવળ

ઉત્તર ગુજરાતમાં આવેલા વડોદરા રાજ્યના ખેરાળુ તાલુકામાં, તારંગાતીર્થ પાસેના ચોટિયા નામના નાનકડા ગામમાં ૧૯૧૭ની ૨૩મી નવેમ્બરે બંસીલાલનો જન્મ થયો. એમના પિતા ગુલાબરાય પાલનપુરથી માત્ર દોરીલોટો લઇને ચોટિયા આવેલા; પણ કુશાગ્ર બુદ્ધિને લઇ તેમણે ધીમેધીમે અનાજનો સારો વેપાર જમાવ્યો; ઉપરાંત તે ધીરધારનો પણ ધંધો કરતા. આજુબાજુનાં દસબાર ગામમાં એમનો વેપાર ચાલતો, અને એ ગામો-

વડે ગુજરાતની કળાનું એ સૂનું અંગ અજવાળનાર કાર્ટૂનિસ્ટ

ના આગેવાન શેઠ તરીકે એમણે નામના મેળવી હતી.

માતા જમનાબેન ભણેલાં ન હતાં, પણ અત્યંત તીવ્ર બુદ્ધિનાં ને વહીવટવેપારમાં પાવરધાં હતાં. પતિ શિક્ષિત હોઈ આટલો વેપાર ખેડી સારી સ્થિતિએ આવી શક્યા એ દૃઢ માન્યતાએ એમને પોતાનાં બાળકોને સંપૂર્ણ કેળવણી આપવાનાં આકાંક્ષી બનાવ્યાં હતાં, અને એમના નાના ગામમાંથી સંખ્યાને અભાવે નીકળી જતી નિશાળને પોતા તરફથી મદદ કરી બચાવી હતી. પિતાને તો બાળકોને શિક્ષણ આપવાની ઉત્કંઠા હોય જ; એટલે નિશાળે મૂકવા જેવડી ઉંમર થતાંમાં તો ઘેર આંક અને મૂળાક્ષરોનું શિક્ષણ જાતે જ આપી દેતા.

પૈસા હતા, વેપાર હતો, આવડત હતી, ભર્યુંભાદર્યું કુટુંબ હતું, બધું સુખરૂપ ચાલતું હતું. એવામાં મહાયુદ્ધ પછીનો ૧૯૨૦નો રોગચાળો આવ્યો. એ મહામારીએ માનો ભોગ લીધો. એ વખતે બંસીલાલ ત્રણ વર્ષના, એમનાથી મોટા લક્ષ્મણભાઇ છ વર્ષના, એથી મોટા પુરુષોત્તમ તેરના અને સૌથી નાની બેન મંગુ દોઢ વર્ષની હતી. આ ઉપરાંત આગલી અપર માતાનો એક મોટો ભાઇ હતો: ૨૨–૨૩ વર્ષનો, જુવાનજોધ, પણ અત્યંત લાડમાં ઉછેરવાથી બગડી જઇ સ્વચ્છંદે ચડેલો.

મા ગઈ તેની સાથે જાણે ઘરની લક્ષ્મી ગઈ. પિતાને, જીવનભર ખેડેલી જહેમતના ઘસારાથી લાગુ પડેલા દમના ધીમા દર્દમાં આ આઘાતે વધારો કરી ક્ષયને માર્ગે વાળ્યા; અને નિરંકુશ બનેલા મોટા પુત્રે એ દુઃખમાં વધારો કર્યો. ઘરની હતી તેટલી મત્તા અને મિલ્કત ગામના સ્વાર્થી લોકોના ફંદમાં એણે ઉડાડી મૂકી, અને ૧૯૨૩ના એક કપરા દિવસે પિતા ગુજરી ગયા તે અરસામાં તો એવી સ્થિતિ આવી ગઇ હતી કે પડોશીને ત્યાંથી ભોજન આવતું ત્યારે આ કુટુંબ જમતું!

આ સ્થિતિમાં પોતાને સરળ લાગ્યો તે એક જ માર્ગ મોટા ભાઇએ કાઢ્યો. પુરુષોત્તમ તો એમના દબાણ અને ત્રાસથી કંટાળી પિતાના જીવતાં જ મુંબાઇ ચાલ્યો ગએલો; બાકીના બે ભાઇ લક્ષ્મણ ને બંસીલાલને વડનગરના મહંત ગોરધનદાસજીના અનાથાશ્રમમાં અને બેનને એક સગાને ત્યાં મૂકી આવવાનો એણે નિર્ણય કર્યો.

બે ભાઇઓને અનાથાશ્રમમાં મૂકી મોટાભાઇ ગયા. કેટલેક વર્ષે એમણે પણ જીવનલીલા આટોપી લીધી.



કટાક્ષકલાકાર

બંસીલાલ વર્મા

અનાથાશ્રમના જીવન સાથે બંસીલાલના જીવનનો બીજો તબક્કો શરૂ થયો. આશ્રમનું જીવન શિસ્તબદ્ધ હતું. બધું ઘડિયાળના કાંટાને અનુસરીને જ કરવાનું હતું. એમાં જરા જેટલી પણ ઢીલાશ યા ભૂલ થઇ કે તેની સજા અચૂક થતી. પણ તે સિવાય ખાવાપીવા, પહેરવાઓઢવા કોઇ વાતમાં મણા નહોતી. ભણવા સિવાય કોઇ કામ નહોતું.

અભ્યાસમાં બંને ભાઇઓએ પહેલેથી જ આશ્રમમાં જ્વલંત કારકીર્દિ નોંધાવી. વર્ષોવર્ષ દરેક વર્ગમાં બંને પહેલા જ રહેતા આવેલા. બંનેમાં લક્ષ્મણભાઈ સેવાતત્પર અને શરીરે ખડતલ હોવાથી તેમજ પહેલેથી જ મહંતને તથા તેમનાં પત્નીને પ્રિય થઈ પડેલા હોવાથી અંગ્રેજી ત્રીજા ધોરણમાંથી આશ્રમના મંત્રીપણાનો ભાર તેમને માથે આવતો ગયો, અને ચોથું પાસ કરીને પાંચમામાં આવ્યા ત્યારે તો તેમણે ભણતર તદ્દન છોડયું અને આશ્રમનું વ્યવસ્થિત મંત્રીપદ લઇ લીધું.



શ્રી બંસીલાલે આલેખેલાં પોતાના પરિચિત કલાકારમંડળનાં કટાક્ષચિત્રો (કૅરીકૅચર્સ) : ઉપલી હાર–શ્રી રવિશંકર રાવળ, શ્રી બંસીલાલ પોતે, શ્રી સોમાલાલ શાહ. નીચલી હાર–શ્રી કનુ દેસાઇ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી છગનલાલ જાદવ.





(૧) શ્રી બ. ક. ઠાકોર અને કવિ ખબરદાર વચ્ચેની સાહિત્યચર્ચાની સાઠમારીનું કાર્ટૂન (પ્રજાબંધુ); (૨) 'આંગળીની આપલે': ગાંધીજી કૉંગ્રેસને હિંદુ સંસ્થા તરીકે સ્વીકારી તેના પ્રતિનિધિ તરીકે આવે તો જ પોતે મળવા તૈયાર છે એવી જનાબ ઝીણાની ઉક્તિ ઉપરનું કટાક્ષચિત્રઃ 'તારી આંગળી મારા મોંમાં, મારી આંગળી તારી આંખમાં' (પ્રજાબંધુ).

બીજી બાજુ એકાંતપ્રિય ને કાંઇક અતડા સ્વભાવના બંસીલાલ એકમાર્ગી વૃત્તિ અને તેજસ્વી બુદ્ધિને લીધે અભ્યાસ તેમજ જ્ઞાનપ્રાપ્તિમાં આગળ વધતા જ રહ્યા. ગુજરાતી ચોથીમાં આવ્યા ત્યારથી નિશાળના અભ્યાસ ઉપરાંત એમનું ઈતર વાચન પણ વધતું જ ગયું. આશ્રમના જીવન દરમ્યાન સંસ્કૃત અને હિંદી એમણે સારા પ્રમાણમાં સાધ્ય કર્યા. આ પછીની એમના વિકાસની કથા એમના જ શબ્દોમાં સાંભળીએ:

'ગુજરાતી વાચનના શૉખની શરૂઆત સામયિક પત્રોના વાચનથી થઇ. 'બાલમિત્ર', 'વીસમી સદી' અઠવાડિક, 'બે ઘડી મોજ' અને 'કુમાર' હું વાંચતો. પણ 'કુમારે' મને જેટલો હેરાન કર્યો છે એટલો બીજા કોઈ પત્રે નથી કર્યો. એનું કારણ એ મને જેટલું પ્રિય હતું તેટલું જ બીજાં બધાંને પણ હતું. એના આકર્ષણનું મુખ્ય કારણ તો એનાં ચિત્રો અને એની સાહસવાર્તાઓ હતી. ચિત્રો મને પહેલેથી જ ગમતાં. કરતો પણ હતો. વળી મનમાં ચિત્રકાર થવાની ઇચ્છા હતી. એટલે એક ચિત્રકાર એના તંત્રી હતા તે કારણે એ મારે મન માનનીય હતું. ત્યારપછી પુસ્તકોનાં વાચન તરફ વળ્યો. જીવનચરિત્રો, નવલકથાઓ, સાહસકથાઓ, કાવતરાંકથાઓ, હાસ્યકથાઓ, કાવ્યો, પ્રિય હતાં. વાચનમાંથી લખવાનો શૉખ લાગુ પડ્યો. લખ્યું પણ ખરું; પરંતુ કચરા જેવું. બેપાંચ કવિતાઓ, થોડી વાર્તાઓ, એકાદ નવલકથા.

પણ ચિત્રનો શૉખ તો વાંચતાં કે લખતાં નહોતું આવડતું ત્યારથી હતો. ભણતા તો પહેલી-બીજી, પણ મૅટ્રિક સુધીના છોકરાઓની અંગ્રેજી-ગુજરાતી ચોપડીઓનાં ચિત્રો ધારીધારીને જોતા. ચમચા, છરી, ચપ્પુ વગેરેથી ચીતરવાની શરૂઆત કરી. આશ્રમમાં કે શાળાઓમાં ચિત્રશિક્ષણ ન હતું, પણ વાતાવરણ અનુકૂળ હતું. મહંત સાહેબ નાટ્યના ખૂબ શૉખીન હતા અને વિદ્યાર્થીઓ પાસે નાટકો ભજવાવતા. આને અંગે પડદા, પોશાકો વગેરે તૈયાર કરવા એમણે બેત્રણ કુશળ કારીગરો રોકેલા. ૧૯૨૩માં અમે દાખલ થયા ત્યારથી જ પડદા ચિતરાતા જોએલા, એટલે ચિત્ર તરફનો અનુરાગ વધ્યો. એ જ કશ્યપનાથ પેઇન્ટર, એ જ એમના શાગિર્દો અને એ જ પડદા તથા જાહેરાતનાં બોર્ડનું ચિત્રકામ. નિરંતર આ વાતાવરણ ચાલ્યા કરતું. અમે બંને ભાઇઓ રાત્રે કે દિવસે, જ્યારે નવરા પડીએ ત્યારે પાસે ચોંટયા જ હોઇએ.

અક્ષરો તો નાનપણથી જ સરસ કરતા. દોપિસ્તાં ને કૉપીબુકોમાં તો શિક્ષકને શંકા પડે એટલા સારા અક્ષરો લખતા; એટલે મહંત સાહેબે અમારો રસ જોઇ પેઇન્ટરને અક્ષરનું કામ અમને સોંપવા એક દિવસ કહ્યું. કચવાતે મને તેણે આપ્યું તો ખરું, પણ પરિણામ જોઇને તેનો અભિપ્રાય ફરી ગયો. કલમ પકડેલાં આંગળાંએ પહેલવહેલી પીંછી તે દહાડે પકડી. શરૂમાં હાથ થોડા ધ્રૂજ્યાં. પણ પેઇન્ટર તો ખુશ થઇ ગયો. પછી તો અક્ષરોનું કામ અમને જ સોંપાવા લાગ્યું. એની તો મહેનત બચી.

ગુજરાતી બીજીમાં હતા ત્યારે એક પડદાની નકલ કરીને બતાવી. કશ્યપનાથ ખુશ થઈ ગયા. મહંત સાહેબને તેણે કહ્યું: આ લોકો આમ ને આમ ખંત રાખીને મહેનત





(૧) 'શાહે પાકિસ્તાન': મુસ્લિમ લીગના સરમુખ્ત્યાર જનાબ ઝીણાના સિંહાસનના બે પાયા સમા સર સિકંદર અને ફઝ્લુલ હક્કે રાજીનામાં આપવાની ના પાડ્યાથી ઊભી થએલી પરિસ્થિતિ પર નર્મ. (પ્રજાબંધુ); (૨) 'ભરેલા પેટની ભૂખ': લગભગ નેવું લાખનો નફો કરવા છતાં ટપાલખાતાએ સવા આનો પોસ્ટેજ ન ઘટાડ્યું તે પર વ્યંગ કરતું ચિત્ર (પ્રજાબંધુ).

કરશે તો ચોક્કસ સારા પેઇન્ટર થશે. અમારા ઉત્સાહનો આથી પાર ન રહ્યો.

ધીમેધીમે માનવઆકૃતિ ચીતરવાનો નાદ લાગ્યો. ગણેશ, કૃષ્ણ, લક્ષ્મી, વિષ્ણુ, શંકર આદિથી શરૂઆત કરી. બધાં રવિવર્માનાં ચિત્રો હતાં, એટલે એના તરફ પ્રેમ વધ્યો. મળી તેટલી છબીઓ સંઘરવા માંડી. માલની ટિકીટો ને દીવાળીનાં કાર્ડો મુખ્ય; કેમકે તેના જ પૈસા નહોતા બેસતા. ચિત્રો અપાવવાનું મહંત સાહેબને કહેવા જેટલી હિંમત નહોતી. જોકે પાછળથી ઑઇલ પેઇન્ટ વડે કાચ પર સારી રીતે ચીતરતાં શીખ્યા ત્યારે તો એમણે ખૂબ ખુશીથી બધી સામગ્રી લાવી આપેલી.

ચિત્રની નકલ ઉતારવાની અમારી રીત જુદી હતી. છાપ પાસે રાખી, તેમાં જોતા જઈ; માપીમાપીને કે તે પર સ્કેઈલ પાડીને નકલ ઉતારતાં તો અમદાવાદ આવીને જોયું–જાણ્યું. અમે તો ચિત્રને બરાબર ધારીધારીને જોઈ લેતા; પછી યાદદાસ્તથી જેટલું યાદ રહ્યું હોય તેટલું ચીતરતા. ફરી જોતા, અને બાકી રહેલું પૂરૂં કરતા તથા ખોટું હોય તે સુધારતા.


હવે રવિવર્માનાં ચિત્રો ઉપરથી લક્ષ્ય ઊઠી માસિકોનાં ચિત્રો પર ગયું. માધુરી, કલ્યાણ, ચાંદ, વિશાલ ભારત વગેરે હિંદી માસિકોમાં આવતાં ચિત્રો કંઈક અંશે ગમતાં. ગુજરાતી માસિકોમાં તો 'કુમાર'નાં જ ગમતાં. અને તેમાં યે રવિભાઇએ કરેલાં અને એમના જેવી શૈલી તથા ચીવટથી કરેલાં બીજાં ચિત્રો ગમતાં. કેમકે રવિવર્માનાં ચિત્રોથી મુગ્ધ થએલું મન એના જેવી જ સુબ્દુ માનવઆકૃતિઓવાળાં ચિત્રો પસંદ કરે એ સ્વાભાવિક હતું. રવિભાઇને અમે ગુજરાતના રવિવર્મા કહેતા. એ ઉપરાંત સોમાભાઇ, રસિકભાઈ વગેરેનાં ચિત્રો જોતા–ધારીધારીને જોતા. કનુભાઇની કલ્પનાઓ ખૂબ જ ગમતી. હિંદી માસિક 'ચાંદ'માં આવતી કાર્ટૂનમાલા ગમતી અને એ ઉપરથી કલ્પના વડે બીજી પાંચસાત કાર્ટૂનમાલાઓ મેં કરેલી, એ અમારા હસ્તલિખિત માસિકમાં આપતો.

આ ચિત્રો જોયા પછી દૃષ્ટિમાં સમજ ને જાગૃતિ આવ્યાં. એની અસર એ થઇ કે 'હવે દુકાનનાં પાટિયાં ચીતરનારા પેઇન્ટર નહિ, પણ માસિકો ને ચોપડીઓમાં આવતાં ચિત્રો કરનાર ચિત્રકાર થવા'નો સંકલ્પ કર્યો.

અંગ્રેજી પાંચમા ધોરણમાં આવ્યો તે વર્ષે હેડમાસ્તરની બદલી થઇ અને શંકર વાસુદેવ ભાવે આવ્યા. એક વખત એમના માટે થોડાં પ્રાણીચિત્રો અને ચાર્ટ કરી આપ્યા તે જોઈ ખુશ થઇ ગયા. આપમેળે મેં આટલી પ્રગતિ કરેલી જોઈ એમણે શિખામણ આપી અને પ્રોત્સાહન પણ આપ્યું કે ચિત્રનો જ અભ્યાસ કરો.

લગભગ એ જ દિવસોમાં 'વિશાલભારત'નો 'કલા-અંક' હાથમાં આવ્યો. એમાં શ્રી રવિશંકર રાવળનો અજંતા ઉપરનો લેખ હતો. તેની સાથે રવિભાઈની ઓળખ આપતાં એવી મતલબનું જણાવેલું હતું કે 'કુમાર'ની સાથેસાથે તેઓ એક ચિત્રસંસ્થા પણ ચલાવે છે.

જોઇતું હતું એ મળી ગયું. તકદીર જોર કરતું લાગ્યું. કેટલાંક તાજાં ચિત્રો મોકલી રવિભાઇ સાથે પત્રવ્યવહાર





(૧) 'મધપૂડાથી છૂટી પડેલી માખીને આમંત્રણ': કનૈયાલાલ મુનશી અહિંસાના તાત્ત્વિક પ્રશ્ન પર મહાસભાથી છૂટા પડ્યા તે વખતે ડૉ. મુંજે વગેરેએ તેમને હિંદુ મહાસભામાં જોડાવા આમંત્રણ આપેલું એ પ્રસંગ પર મર્મ કરતું ચિત્ર. (પ્રજાબંધુ);
(૨) 'ત્રણ દોસ્તો': રશિયાને મદદનાં વચન આપતાં બ્રિટન અને અમેરિકા પર કટાક્ષ (પ્રજાબંધુ).

કર્યો. વાત્સલ્યભર્યો જવાબ મળ્યો: 'ખુશીથી આવો; પણ રહેવાખાવાની સગવડ તમારે કરી લેવી પડશે.'

અમદાવાદ જઈ, કોઈ પેઈન્ટરને ત્યાં નોકરી કરી, પૈસા થયે રવિભાઈ પાસે જવાનો વિચાર ગોઠવ્યો. મહંત સાહેબનાં વાત કરીને આજ્ઞા માગી. એમણે આશીર્વાદ આપ્યા. આશ્રમ તરફથી અમદાવાદ સુધીનું દોઢ રૂપિયો ભાડું ને આઠ આના હાથખર્ચીના મળી બે રૂપિયા સાથે આપ્યા. એક મિત્ર પાસેથી બીજા બે રૂપિયા લઈ, બપોરે વડનગરથી ટ્રેનમાં બેસી, પહેરેલે કપડે ને અઢી રૂપિયાની ગંજાવર મૂડી સાથે સાંજે અમદાવાદ ઊતર્યો. સાથે પતરાની નાનકડી પેટી હતી; પણ તેમાં કપડાં નહિ, આજ સુધી કરેલાં ડ્રૉઇંગ અને કેટલાક સ્કેચો હતાં.

ધર્મશાળામાં ઊતર્યો. બે પૈસાનો સાબુ લાવી કપડાં ધોયાં. ટૂંકી મૂડી સાચવવાની હતી. એટલે સાબુનું ખર્ચ થવાથી ભોજન જતું કર્યું, અને ધર્મશાળાનો ઓટલો સાફ કરી, ડ્રૉઇંગ બુકોને ચડાવેલાં પૂંઠાં પાથરી સૂઈ રહ્યો.

સવારે નાહીધોઈ, યંગ લાર્ક પેઇન્ટર ઠાકરની દુકાને જઈ ચિત્રો બતાવ્યાં. જોતાં જ કહી દીધું: 'રહી જાઓ; છ આના રોજ આપીશું. સૂવા-ફરવાનું અહીં જ રાખજે.'

છ આના રોજ! સાંભળીને હૃદય ખૂબ આનંદમાં આવી ગયું. વળી સૂવા–રહેવાનું પણ ખરું! એ શુભ દિવસ હતો: ૧૯૩૩ના જુલાઈની ૯મી તારીખ!

પહેલે દિવસે પીંછી જરા ધ્રૂજતી હતી, પણ ત્રીજા દિવસથી બરાબર ચાલવા માંડી. વેગ વધ્યો, સફાઈ પણ આવી. એકાદ માસમાં તો એમના ફસાએલા કારીગરોની હારમાં આવી ગયો. બીજે મહિને રોજ ૭ આનાનો થયો, ચોથે મહિને ૯ આના ને દોઢ વરસે ૨૦ રૂપિયા પગાર થયો.

દુકાનમાં સવારના ૬થી રાતના ૧૧ સુધી સતત કામ કરવાનું હતું પણ અમદાવાદ કયા આશયથી આવ્યો છું તેનું સદા ભાન રહેતું. એટલે રાત્રે દુકાન બંધ કર્યા પછી ૧ વાગ્યા સુધી નિયમિત ચિત્રનો અભ્યાસ આપમેળે કર્યે જતો.

મારા આવવાથી ઠાકરને ઘણો લાભ થયો હતો એ તો એ ખુદ કહે છે. અંગ્રેજી ફર્મોનાં કામ જે પહેલાં સફળ ન થતાં તે ચીવટાઈથી ને શાસ્ત્રીય રીતે હું કરી શકતો ને પાસ થતાં. વળી અમદાવાદમાં સાઈનબોર્ડના અક્ષરોમાં નવા મરોડ લાવવાની પહેલ પણ મેં જ કરી હતી.

અંતે દોઢ વરસે, ટૂંકા પગારમાં, પેટે પાટા બાંધીને ૧૫૦ રૂપિયા મેં બચાવ્યા. એવામાં મેં સાંભળ્યું કે રવિભાઈએ 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા' નામની સંસ્થા શરૂ કરી છે, એટલે એમાં જવાનો વિચાર ઠાકરને જણાવ્યો. પણ એણે તો નારાજી જ બતાવી. દુકાનમાં રહીને શાળામાં જવાય એમ તો હતું જ નહિ. મકાન ભાડે રાખી બીજા કારીગરો જેમ કામે જવાનું રાખું તો જ થઈ શકે. આ ગડમથલ ચાલતી હતી ત્યાં લક્ષ્મણભાઈ સકુટુંબ અમદાવાદ ધંધાર્થે આવ્યા. એમની પાસે પંદર જ રૂપિયા સિલક હતી. એટલામાં ઘર કેમ મંડાય! મેં મારા એકઠા કરેલા બધા પૈસા આપી દીધા. પાલડીમાં ઘર ભાડે લીધું. જે આશયથી પૈસા એકઠા કર્યા હતા તે તો ન ફળ્યો, પણ દુકાનથી દૂર ને [અનુસંધાન આગળ પાન ૩૫૨મે]

'કુમાર'ના વાચકોને શ્રી એફ. આર. રત્નાકર જેવા કુશળ ફોટો-કલાકાર અને કલાપ્રેમીનો પરિચય આપતાં અમને આનંદ થાય છે. હિંદમાં જે થોડાએક કલાકુશળ કલાવિવેચકો છે તેમાં તેમનું સ્થાન ઊંચું છે. તેમનું કલાપરીક્ષણ સચોટ અને ઉચ્ચ કક્ષાનું છે. મામૂલી અથવા પરાણે પકવેલી કલાકૃતિઓ તેમની આંખમાં એકદમ કણીની જેમ ખૂંચે છે. ક્રિયાની (ટેકનિક-ની) ગમે તેવી જમાવટ હોવા છતાં તેમાં જો કલાતત્ત્વ ન હોય તો તેનો પણ ઇનકાર કરતાં તે વાર લગાડતા નથી. ફોટોગ્રાફી દ્વારા ચિત્રકળા કરનારાઓએ ચિત્ર-નિર્માણની બધી મર્યાદાઓ સ્વીકારવી પડે છે. તે ઉપરાંત કૅમેરાની શક્યતાઓ અને વ્યાપકતાઓ દ્વારા તેઓ ઘણું ઉપજાવી પણ શક્યા છે. પરંતુ સૌથી મુશ્કેલ કાર્ય તો ફોટોગ્રાફીમાં ઊર્મિતત્ત્વ અને ભાવલહરીઓ ઉપજાવ-વામાં છે. તેમજ સાથેસાથે અનેક વર્ણપ્રકારો ને પ્રકાશનાં અનુકંપનો સાચવી રાખવામાં છે. શ્રી રત્નાકરનાં ફોટોચિ-ત્રોમાં ઉત્તમ કલાકૃતિનાં એ સર્વ લક્ષણો સંપૂર્ણ જણાશે.



અભિજાત ફોટો-કલાકાર

શ્રી એફ. આર. રત્નાકર

એફ. આર. પી. એસ.

કલામાં આટલી ઊંચી શિષ્ટતા અને ભાવનિરૂપણ કરવાની શક્તિ તે મેળવી શક્યા તેનું કારણ તેમના પોતાના કૌટું-બિક અભિજાત સંસ્કારો છે. તેઓ અભ્યાસ માટે લંડનમાં હતા તે વખતે પોતાનો સંગીત-નો નાદ અચ્છી રીતે વિકસાવ્યો, અને મોટા ઉસ્તાદ સંગીતવેત્તાઓ પાસે સાત વર્ષ અભ્યાસ કરી તેમાં અચૂક શક્તિ સંપાદન કરી. વાયોલિન પર તે બહુ વિવિધ સુરાવટ અને અટપટાં સ્વરકંપનો ઉપજાવી શકે છે.

લંડનમાં તેમને ઇંગ્લંડના અહંગ ફોટોગ્રાફર મિ. ઍલેક્ઝાન્ડર કેઇગીનો સારો પરિચય થએલો. પણ તે વખતે મિ. રત્નાકરે ફોટોગ્રાફી હાથ પર લીધી નહોતી, એ અજબ સરખું છે. લંડન છોડ્યા બાદ તેમણે યુરોપનો પ્રવાસ કર્યો. અને ઈટાલીમાં તો તે બલ્ગેરિયન કલા-કાર મિ. બોરીસની સાથે તેની પ્રવાસી મોટરબસમાં ત્રણ મહિના રખડેલા અને ત્યાંની કલાવૃત્તિનો પૂર્ણ અનુભવ અને પરિચય પામેલા.

આમ, ઊંચી કલાદષ્ટિ પ્રાપ્ત કર્યા બાદ તેમણે હિંદમાં આવીને કૅમેરા દ્વારા ચિત્રસંયોજન કરવાનું હાથ ધર્યું અને ત્રણેક વર્ષમાં તો તેમાં અપૂર્વ પ્રગતિ કરી બતાવી. એમનાં ચિત્રો મોટે ભાગે કલ્યાણમાંના એમના ગ્રામ-નિવાસ અથવા મુંબાઈના સમુદ્રકિનારેથી જ ઉપાડેલાં છે. એ ચિત્રોની મધુરતા બ્લૉકની છાપ નથી જ દર્શાવી શકતી, કારણકે કલાકારે દરેક ચિત્ર પર કંઇ ને કંઇ કાગળ અને રસાયણોની સ્વકીય ક્રિયાથી નવીનવી યોજના કરીને, ક્વચિત જ શક્ય એવા તરંગો પાથર્યા છે. એમનો સવિશેષ પરિચય નીચેના લેખમાંથી મળશે. ર. મ. શ.


ઊંચા પ્રકારની શિષ્ટ ફોટો-ચિત્ર-કલાથી દેશપરદેશમાં નામ કાઢનાર મુંબાઈના 'કૅમેરા પિકટોરિયા-લિસ્ટ્સ' મંડળના આગળપડતા સભ્ય અને કુશળ કલાકાર તથા કલાવિવેચકનો પરિચય

અર્વાચીન જગતમાં કલાકારો પોતાની કલા-ઊર્મિઓનો આસ્વાદ જે અનેકવિધ સાધનો ને પ્રયોગો વડે આપી રહ્યા છે તેમાં ચિત્રકળા પછી તેની નાની બહેન ફોટોગ્રાફી પણ કલાસૃષ્ટિમાં અનેક કલાકારો-ના હૃદયમાં વસી ગઈ જણાય છે. તે દ્વારા ઘણી જ ભાવભરી માનવછબીઓ, કુદરતી દશ્યો તેમજ અચેતન વસ્તુઓની પણ સુમેળ સજાવટભરી અને છાયાપ્રકાશની સમતોલ સુરાવટવાળી ફોટોકૃતિઓ આપણને પ્રાપ્ત થાય છે.



ફોટો · એફ. આર. રત્નાકર

તડકી-છાંયડી



ફોટો · એફ. આર. રત્નાકર

એકલ પ્રવાસી




ફોટો · એફ. આર. રત્નાકર

દિનાન્તે



ફોટો · એફ. આર. રત્નાકર

પ્રભાત-ધૂસર



ગિરનારના યાત્રીઓ (ફોટો : એફ્. આર. રત્નાકર)

આવાં સર્જનોનાં મોટાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો યોજી પરસ્પર ગુણસ્પર્ધાના ધોરણે આધુનિક તસ્વીરકારો આ કલાને ઘણી ઉત્તમ કક્ષાએ લઇ જઇ રહ્યા છે. હિંદમાં પણ ઘણા યુવાન કલાબાજોએ ફોટોગ્રાફીની કળા પર હથોટી જમાવી છે, અને દેશભરમાં ઠેરઠેર તેમનાં નાનાંનાનાં મંડળો એ પ્રવૃત્તિમાં નિઃસીમ રસ લઈ, દેશપરદેશ સાથે પોતાનાં ચિત્રસર્જનોની આપલે કરી, ચન્દ્રકો પદકો અને પ્રશંસાપત્રો મેળવી ઉત્કર્ષ સાધી રહ્યા છે.

અવા અભિજાત કલાકારોમાં શ્રી એફ્.આર. રત્નાકર મોખરે ચમકતા એક તેજસ્વી તસ્વીરકાર છે. મુંબાઇના 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ' નામના ફોટો-કલાકારોના મંડળના તેઓ આગળપડતા સભ્ય ને કાર્યકર છે અને

એ મંડળના મંત્રીપદેથી તેમણે ઇ. ૧૯૩૫માં હિંદમાં પહેલું આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફીનું પ્રદર્શન યોજેલું. તેમાં દેશપરદેશના નામી ફોટોકલાપ્રવીણ તસ્વીરબાજોના નમૂનાઓ પહેલી જ વાર જોવાની તક હિંદને મળેલી; અને ફોટોગ્રાફી દ્વારા કલાનુઆટલું સામર્થ્યશાલ નિરૂપણ ને સર્જન નીપજી શકે છે તેવી પ્રતીતિ મળવાથી અનેક યુવાન તસ્વીરનવેશોમાં એથી ચેતન રેડાયું તથા નવી દૃષ્ટિ પ્રાપ્ત થઇ. ત્યારપછીનાં વર્ષોમાં એ મંડળે ત્રણથી ચાર એવાં આંતરરાષ્ટ્રીય અને અખિલ ભારતીય (હિંદ, બર્મા અને સીલોનનાં) ફોટોકલા–પ્રદર્શનો યોજ્યાં છે. તે ઉપરાંત દેશભરનાં મોટાં શહેરોમાં પણ આ કલાની પ્રવૃત્તિ મોટા પાયા ઉપર ફેલાઇ છે. વધુ મંડળો સ્થપાયાં છે અને સચિત્ર માસિકો, વર્તમાનપત્રો, પ્રચારપત્રો તથા પર્યટનોની યોજનાથી આ કલા એક મોટી પ્રવૃત્તિ બની રહી છે. ઇંગ્લંડની ‘રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી’ની ફેલોશિપ અને એસોશિયેટશિપ મેળવવાનું માન પણ ઘણા હિંદીઓ પામ્યા છે, જેમાં શ્રી રત્નાકર પહેલા જ છે, એટલું જ નહિ પણ તેમનાં બેએક મૂળ ફોટો ચિત્ર તો સોસાએટીએ પોતાના ખાસ સંગ્રહમાં લીધાં છે.


દેશપરદેશમાંથી અનેક ચન્દ્રકો, પદકો અને આવું સંમાન મેળવવા ઉપરાંત શ્રી રત્નાકરે ચિત્રરૂપ ફોટોગ્રાફીને લગતું કેટલુંક સ્વતંત્ર સાહિત્ય પણ વીએનાથી નીકળતા ‘ગૅલેરી’ (The Gallery) નામના આંતરરાષ્ટ્રીય ફોટોમાસિકમાં પ્રગટ કરી, તે દ્વારા આંતરરાષ્ટ્રીય જનતાને હિંદી ફોટો કલાકારોનો સારો પરિચય કરાવ્યો છે. આ દરમ્યાન તેમની કીર્તિ અમેરિકા સુધી પહોંચી ગઇ હતી. ત્યાંની ‘લૉસ ઍન્જેલિસ કૅમેરા ક્લબ’ના સભ્યોએ તો શ્રી રત્નાકરને પોતાના માનદ સભ્ય તરીકે અપનાવી માન આપ્યું છે. વળી કેટલાક વખત સુધી ‘ફોટોગ્રાફિક સોસાએટી ઑફ ઇન્ડિયા’ના માનદ પ્રમુખ તરીકે પણ તેમની નિમણુક થએલી.

કુદરતી દૃશ્યોને સમજી, સામાન્ય આંખને દુર્લભ એવા વિષયને પારખી, તેમાંના છાયાપ્રકાશનું અત્યંત સંવાદી નિરૂપણ કરવાની તેમની સમર્થ ચિત્રસર્જનશક્તિ અદ્વિતીય છે; અને ચિત્રવિષયને પારખી, કૅમેરા વડે તેની નેગેટિવ બનાવવાથી માંડીને તેમાંથી સીધાં સંપૂર્ણ બ્રોમાઇડ ચિત્રો સ્વહસ્તે જ તૈયાર કરવામાં તેમની ચિવટ અને ચોકસાઇ તો અજોડ છે. વળી તેઓ થોડા વખત પૂર્વે ઇંગ્લંડ ગયા ત્યારે બ્રોમૉઇલ ટ્રાન્સ્ફર–Bromoil Transfer–ની (એટલે કે ફોટોગ્રાફને ડ્રૉઇંગ પેપર ઉપર છાપી પ્રિન્ટિંગની શાહીથી તેના છાયાપ્રકાશને આછાપાતળા કરી સુરેખ સુસંવાદીરીતે સંપૂર્ણ કરવાની) રીત શીખી લીધી છે અને તેમાં પણ ઘણાં સુંદર ચિત્રો તેમણે નિપજાવ્યાં છે. જોકે હિંદના હવામાનમાં આવા નમૂના ઉતારવાનું કઠિન છે એવો તેઓનો અનુભવ છે. શ્રી રત્નાકરનાં સર્વ સર્જનો સામાન્યત: કલા અને કસબ બંનેની દૃષ્ટિએ સંપૂર્ણ નમૂનારૂપ (Ideal technique specimens) હોય છે.

ઊગતા ફોટો–કલાકારોને તો શ્રી રત્નાકરનો મેળાપ ઘણો ઉત્સાહપ્રેરક બને છે. એક વ્યાપારી પેઢીમાં કામ કરતા છતાં તેઓ અત્યંત ઉદ્યમી અને કાર્યશીલ હોઇ કલાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં રસ લઇ રહ્યા છે. તેમનું ઘર પણ આધુનિક ઢબની કલામય સજાવટવાળું છતાં સાદાઇભર્યું છે, અને તેમના દીવાનખાનામાંનાં ચિત્રો અને સજાવટ તેમને મળવા જનારને તેમના ઉચ્ચ કલામાનસની પ્રતીતિ કરાવે છે. હિંદી ચિત્રકળાના ઉત્તમ નમૂના ઉપરાંત યુરોપી કલાકારોનાં ઊંચી કક્ષાનાં ઇચિંગ્સનો એમનો સંગ્રહ તે માટેના તેમના શોખ ને સમજ વિષે ઊંચો ખ્યાલ આપે છે. થોડા જ સમય પર એક સુશિક્ષિત અને કલાવાંછુ બાનુ સાથે લગ્ન કરી તેઓ ચર્ચગેટ રેકલેમેશનના નાનકડા ફ્લૅટમાં ઉદ્યમી ને કલામય જીવન ગુજારી રહ્યા છે.

પ્રદર્શનો અને કલાની અનેકવિધ જાહેર તથા અંગત પ્રવૃત્તિઓના કામથી શ્રી રત્નાકર હંમેશાં લદાએલા જ રહે છે. હજી હમણાં જ તેમણે મુંબાઇમાં ‘આર્ટ સોસાએટી ઑફ ઇન્ડિયા’ના ચિત્રખંડમાં પોતાના જ એકલે હાથે કરેલાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન (One man show) યોજી એક સારી એવી રકમ યુદ્ધફાળા માટે સરકારને એનાયત કરી હતી. એમના કામના કેટલાક નમૂના આ સાથે છપાએલા છે તે પરથી એમની ચિત્ર સમજવા અને નિપજાવવાની ઉચ્ચ દૃષ્ટિ અને સચોટ નિરૂપણશૈલીનો પરિચય મળશે. **નરેન્દ્ર રાવળ**

તમે તમારી ફરજ બજાવી જાઓ એમાં તમારી મહત્તા નથી;
એ ફરજ તરફ તમે કેવો પ્રેમ ધરાવો છો એ જ મહત્ત્વનું છે.



ભવિતવ્યતા!

એક અજબ વૈજ્ઞાનિક શોધ
. . . તેમાંથી જન્મેલી આફત
. . . અને એ બંનેનો અંજામ

પ્રાધ્યાપક વીરેન્દ્રરાયે અણધાર્યા સંજોગોમાં એક બીડું ઝડપ્યું હતું. ભૌતિકશાસ્ત્ર અને પરમાણુવિદ્યાના આ અઠંગ અભ્યાસી જોડે મજાક કરતાં, જાણીતી અભિનેત્રી શકુંતલાએ એકદા હોડે ચઢી એમના મગજમાં એક બીજ નાખ્યું હતું.—અને એક વચન પણ આપ્યું હતું. એણે એક કલ્પનાતીત અને અસંભાવ્ય અશકયતા રજૂ કરી હતી કે જો વીરેન્દ્રરાય માનવપ્રવાસ માટે પવનપાવડી જેવું સાધન શોધે તો કોઇને પણ ન નમતી શકુંતલા તેમની બને! જવાબમાં વીરેન્દ્રરાયે ત્રણ વર્ષની મુદત ને ત્રણ લાખ રૂપિયા માગ્યા હતા અને એ જ દિવસથી એમનું ચિત્ત એ શોધ પર કેંદ્રિત થયું હતું.

એ અવધના ત્રીસ માસ વીત્યે વીરેન્દ્રરાયને લાગ્યું કે તેમના મનોરથ પૂર્ણ થવામાં હવે વિઘ્ન આવશે નહિ. પરંતુ એમની ધારણા એટલી ઉતાવળે સફળ ન થઇ. યુનાઇટેડ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશનના ડાયરેક્ટરને કાગળ ઉપર કાગળ લખી એમનો ટાઇપરાઇટર તૂટી ગયો કહેવાય. અને કાગળના જવાબ ન મળવાથી એ ઑફીસના જંગી મકાનના દ્વારે કલાકો સુધી ઊભા રહી મુલાકાતની રાહ જોતાંજોતાં કેટલા યે દિવસ એમણે ગુમાવ્યા. આથી અંતે, પાનાંનાં પાનાં ભરેલા પત્રોથી તથા રોજ આવતાં વિઝિટિંગ કાર્ડથી કંટાળી કૉર્પોરેશનના અધિષ્ઠાતાઓએ વીરેન્દ્રરાયને મુલાકાત આપવાની કૃપા કરી.

મુલાકાત માટે કૉર્પોરેશનના પ્રમુખ સર નેમચંદ અને મૅનેજિંગ ડાયરેક્ટર સર એરચશા સાથે બેઠા હતા. એમનો ખ્યાલ એવો હતો કે આ મુલાકાત માગનાર કોઇ ધૂની, ભૂલકણો, ચસ્માવાળો, માથે ટાલવાળો, અને બેઠી દડીનો આદમી હશે. અથવા તો લાંબાં ઝુલ્ફાંવાળો, પાતળો, ઊંડી ઊતરેલી કે ઘેનભરી આંખોવાળો એનો દેખાવ હશે. ગમે તેવો એ હશે, પરંતુ એના મગજનું સમતોલપણું કદીક ચસકી જતું હશે એ તો નક્કી. આથી, જ્યારે તેમની સન્મુખ, મજબૂત બાંધાવાળા, ચસ્મા કે ટાલ વગરના સ્વસ્થ વીરેન્દ્રરાય હાજર થયા ત્યારે એમની નવાઇનો પાર ન રહ્યો.

'આપને મળવું એ તો મહાભારત ખેલવા જેટલું મુશ્કેલીભર્યું કામ લાગે છે.' પ્રાધ્યાપકે શરૂઆત કરી: 'પરંતુ આપને ખબર નહિ હોય કે મને મુલાકાત ન આપવામાં આપ કેટકેટલા લાભ ગુમાવત.'

'તમુંને અત્તરે બોલાવવામાં અમે તો ટાઇમ જ ગુમાવી રહ્યા છીએ.' સર એરચશાએ વચ્ચે જ સંભળાવ્યું: 'હાં, ચલો સીધી વાત કરો. એ તમારો નવો નુસ્કો સું છે? . . . . . . બહુ જ તુંકામાં પતાવો.'

'મારા કાગળ આપે વાંચ્યા નથી?'

'હાં. હાં. જોયા છ, જોયા છ. એમાં તો સરૂસરૂના ફકરા પછી તો એવું લાંબું સમજ બેસમજ થઇ જાય એવું ચીતરેલું છે. પન હમુને તો એમાં લખેલી બધી વાતો, તુંકામાં કહીએ તો, બિલકુલ હવાઇ કિલ્લા જેવી લાગે છ.'

'હવાઈ કિલ્લા? હં હં, એ તો એમ જ લાગે. જ્યારે પહેલવહેલા વાયરલેસની શોધ થઇ ત્યારે પણ એમ જ લાગતું હતું ને? આજે જે લોકો એ જ ધંધામાંથી કરોડો પેદા કરે છે એમણે જ એ શોધને હસી કાઢેલી ને?'

'વાયરલેસના ઇતિહાસની વાત સાંભળવાને અમને વખત નથી.' સર નેમચંદ હવે વાતચીતમાં જોડાયા: 'આપ મુદ્દાની વાત પર જ આવો.'

'બસ, હું એ જ કહેવા માગું છું કે નવા વિચારોને કોઇએ અશક્ય ગણી કાઢવા ન જોઇએ. મારી આ શોધ તદ્દન નવી છે એમ પણ મારૂં કહેવું નથી. આજ સુધીમાં કેટલા યે શોધકોએ આ પ્રશ્ન વિષે પ્રયોગો કર્યા છે. રેડિયોના શક્તિપ્રચારક યંત્રની મદદ વડે સ્થૂલ વસ્તુઓને અદશ્ય (dematerialise) કરી દઈ, ફરીથી તેને મૂળ સ્વરૂપમાં લાવવા (rematerialise)ની જૅક્સે કરેલી શોધથી આપ માહિતગાર તો હશો જ. મેં એના કરતાં એક ડગલું આગળ ભરીને પદાર્થ (matter)ને વાયરલેસ વડે પ્રવાસ કરાવવાની વાત આપની આગળ ધરી છે.

'તમારી કલ્પના મજાની છે.' પ્રમુખે વાત કાપતાં કહ્યું: 'એ તો તમારા કાગળમાં પણ જણાવેલું છે.'

'જો એ વાત આપની બરાબર સમજમાં આવી ગઇ હોય તો આપને આ પ્રશ્ન હાથ લેવામાં શો વાંધો છે?'

'જૉવ ની મિસ્તર—આઈ મીન પ્રોફેસર—વીરેન્દર, એથી પન ચડે એવી કેટલી યે સજેશન્સ અમારી પાસે આવીને પડેલી છે.'

'એટલે? આપને આવી શક્યતામાં શ્રદ્ધા નથી એમ જ ને?'

'શક્યતાની તો અમે વાત કરવા માગતા જ નથી. અમારે તો પ્રત્યક્ષ પ્રયોગની સાબિતી જોઇએ. ખોટું ન લગાડતા પ્રોફેસર. અમારી પાસે એટલા બધા ખોટી ડંફાસ મારીને મગજ ખાઈ જનારા આવે છે કે એવી કલ્પનાઓમાં અમને શ્રદ્ધા જ રહેતી નથી.'

'જી. પણ હું તો આપની પાસે સાક્ષાત પ્રયોગ કરી બતાવવા માગું છું કે કોઈ પણ પદાર્થ અવકાશમાં પ્રવાસ કરી શકે છે. હું માનું છું કે આ શોધનો માયનો તો આપના ખ્યાલમાં આવી ગયો છે. રેડિયોના કાંઇ પણ સેટની સાથે મારા શોધેલા યંત્રનું જોડાણ કરવાથી આપ વેપારીને ત્યાંથી ગમે તે સામાન ઘણી જ સગવડ તેમ જ ઘણી જ ઝડપથી મંગાવી શકો. શાકભાજી વાડીમાંથી તાજમાં તાજાં આપને રસોડે આવે; અને ફળફૂલ પણ બગીચામાંથી ચૂંટાય તેવાં જ આપના ટેબલ પર આવી જાય. કાબૂલ ને કંદહારથી તાજી દ્રાક્ષ આવે, સૂરતથી ઘારી આવે, બ્રહ્મદેશથી નપ્પી પણ તાજી જ આવે . . .'

'નપ્પી સું?' એરચશાએ ગણગણતા હોય એમ પૂછ્યું.

'મારૂં યંત્ર વાપરશો એટલે નપ્પીના સ્વાદની આપને ખબર પડશે.'

'ઠીક, પ્રોફેસર; તમારૂં કહેવું અમે માન્ય રાખીએ છીએ. નપ્પી ઘણી સ્વાદિષ્ટ ચીજ હશે. પરંતુ તમને નથી લાગતું, કે રસ્તામાં જો તોફાન ને વાવાઝોડું હોય તો આવતાં આવતાં, તોફાન વખતે જેમ વાયરલેસના સ્વર ઠરડાઇ જાય છે તેમ આ વસ્તુઓ પણ ખરાબ થઈ જાય?'

'જી, આપનો એ મુદ્દો ખરો છે. શરૂઆતમાં એમ બને. પરંતુ જ્યાં અંતર બહુ ન હોય ત્યાં આવી મુશ્કેલી ઊભી થવાનો સંભવ નથી. મેં એક અળવીનો પાંદડાં સાથેનો કંદ આ યંત્ર વડે પાંચ માઇલ દૂર કાંઇ પણ અડચણ સિવાય મોકલી જોયો છે.'

સર એરચશાએ ભવાં ચઢાવ્યાં: 'અલવીનો છોર? બીજું કાંય નહિ ને અલવીનો જ છોર કાંય!'

'સજીવ પદાર્થોના પ્રવાસનો અંગેનો પ્રયોગ કરવા.'

'સું કીધું? એમાં કાંઇ સમજ પડી નહિ.'

'ન પડી? મારી ગણત્રી એવી છે કે જો પાંદડાંને કંદવાળો અળવીનો છોડ નિર્વિઘ્ને પાંચ માઇલ દૂર પહોંચાડી શકાય તો પછી બ્રૉડકાસ્ટિંગ કૉર્પોરેશનના આપ જેવા ડાયરેક્ટરને પણ અવકાશમાં ઉડાવી શકાય.'

'વાહ! વાહ! શું કહો છો?' સર નેમચંદે હસીને કહ્યું. 'પણ તમારો ઇરાદો રેલવે અને હવાઈ માર્ગોના હરીફ બનવાનો તો નથી ને?'

'એમાં પૂછવાનું શું? મારૂં ઉપયંત્ર રાખનારા રેડિયોની મદદથી એક સ્થળેથી બીજે સ્થળે, આંખના પલકારાથી યે ઓછા સમયમાં જવાને શક્તિમાન બનશે. અરે, અરેબિયન નાઇટ્સની વાર્તાઓમાં આવે છે તેમ જાદુઇ શેતરંજી કે પવનપાવડી કરતાં યે વધારે ત્વરાથી આ પ્રવાસ થઈ શકશે . . . . હાં, પણ આપ લોક કોઇ એર વેઝ યા રેલવે કંપનીઓમાં મોટું હિત ધરાવતા તો નથી ને? . . . નહિ ને? . . . તો તો બસ. એ બાબતની પણ ચિંતા હવે મારે કરવાની રહેતી નથી . . . .'

આમ સડસડાટ બોલ્યે જતા પ્રાધ્યાપકને રોકવા તેમની સામે હાથ ધરીને સર નેમચંદે તેમણે કહ્યું તે પ્રમાણે પોતાના સાથીદાર તરફ જોઇ બોલ્યા: 'એમણે કહ્યું તે મુજબ એમના પ્રયોગનું પ્રાથમિક પ્રદર્શન આઇ મીન ડેમોન્સ્ટ્રેશન–કરી બતાવવાને એવણ તૈયાર હોય તો તે પ્રયોગ જોવા–તપાસવાની ગોઠવણ આપણે કરી દઇએ. કેમ, બરાબર છે ને સર એરચ?'

'બરાબર, બરાબર, હું પન એ જ કહેવાનો ઉતો.'

'અરે, આ ત્રણ મહિનાથી હું પણ એટલું જ માગી રહ્યો છું. આટલું નક્કી કરવા માટે જો તમે મને વહેલી મુલાકાત આપી હોત તો કેટલી યે ચિંતાઓમાંથી હું બચી ગયો હોત. આપને જે જે પ્રકારે પ્રયોગની ચકાસણી કરવી હશે તે તે રીતે હું પ્રત્યક્ષ પ્રમાણ આપવાને તૈયાર છું. માત્ર શરત એટલી કે જ્યાં સુધી આપણો સોદો બરાબર થાય નહિ ત્યાં સુધી મારા યંત્રની યોજનાની વિગતો ગુપ્ત રહેશે.'

'બહુ સારૂં, ઍગ્રીડ. એ તો વહેવારની વાત છે. ચાલો સાહેબજી, અમારે હજી ઘણાં કામ છે.'

'જી, સાહેબજી ! હવે હું આપની વધારાની એક મિનીટ પણ લઇશ નહિ.' એમ કહેતા વીરેન્દ્રરાય મુખ પર વિજયી સ્મિત ફરકાવતા ઑફિસ બહાર નીકળી ગયા.

મહાન શોધોનાં જન્મસ્થાન નિર્માલ્ય જણાતી જગ્યાઓએ જ હોય છે. આપબળે સંશોધન ચલાવતા ખાનગી વૈજ્ઞાનિકોને આલિશાન મહેલાતો જેવી પ્રયોગશાળાના લાભ મળતા નથી. વીરેન્દ્રરાયની પ્રયોગશાળા પણ તારદેવ તરફના એક ઓછા જાણીતા માર્ગ પર આવેલી હતી. એ સ્થળનું વાતાવરણ, સર નેમચંદે આવતાં માર્ગમાં કહ્યું હતું તેમ, ભૂખડીબારસ જેવું લાગતું હતું. આથી આવો મહાન પ્રયોગ નીરખવા માટે ત્યાં એકત્ર થએલા વિશારદો અને નિષ્ણાતોમાંથી કોઇના મોં પર ખાસ ઉત્સાહ જણાતો ન હતો;—બલ્કે વાતાવરણ ગમગીનીભરેલું હતું. પરંતુ વીરેન્દ્રરાયના ઉત્સાહનો પાર ન હતો. અભિનેત્રી શકુંતલાની હાજરી એ પણ તેમના ઉત્સાહનું કારણ હોય.

મહેમાનોની ઓળખાણનો વિધિ લંબાવ્યા સિવાય પ્રોફેસરે સત્વર પોતાના યંત્રની ઓળખ સૌને કરાવવા માંડી. મુખ્ય ખંડથી દૂર બીજા એક ખંડમાં એ યંત્રનો બીજો ભાગ હતો. તે ભાગ રીસીવર (ગ્રહણાલય) તરીકે ઉપયોગમાં લેવાનો હતો.

'આ યંત્રમાં કાંઇ ખાસ ગુંચવાઈ જવાય એવી રચના નથી.' વીરેન્દ્રરાયે વિગતો સમજાવતાં જણાવ્યું : 'આપ સૌ તો નિષ્ણાતો છો. આ પૃથ્વી પરના સઘળા પદાર્થ આકાશતત્ત્વ (ઇથર)નાં આંદોલનોથી વ્યાપ્ત હોય છે. આથી જો આપણે એક પદાર્થને એક વાર આંદોલનનું સ્વરૂપ આપી અદશ્ય કરી શકીએ તો પછી એનું પુનઃ પદાર્થીકરણ કરવામાં (પાછો મૂળ રૂપમાં લાવવામાં) મોટી મુસ્કેલી નડે નહિ.'

'ગ્રેસ, વેરી ઇન્ટરેસ્ટિંગ(હાં, હાં; ઘણું જ રસભર્યું !)' પ્રેક્ષકોમાં પ્રમુખસ્થાન રોકતા સર નેમચંદ બોલ્યા : 'હવે એનો પ્રત્યક્ષ પ્રયોગ જ ચાલુ કરો.'

'પ્રયોગ માટે આપના ધ્યાનમાં આવે તે પદાર્થ કે વસ્તુ સૂચવો.' વીરેન્દ્રરાયે સત્વર જવાબ વાળ્યો : 'આપ જે કહો તે મૂકીએ. આપ કોઇ માઠું ન લગાડતા. પણ આપનામાંથી જ જો કોઈ સ્વેચ્છાપૂર્વક આગળ આવશે તો તેને, આ આકાશતત્ત્વ મારફતે પ્રવાસ કરતા વિશ્વના સૌથી પહેલા માનવી તરીકેનો વિરલ અનુભવ થશે. આપ આવશો, સર નેમચંદ ?'

'અં હં . . . વાત તો સાચી. પણ . . . શરૂઆત તો બીજા કોઇ પદાર્થથી કરવી એ જ ઠીક છે.'

'જેવી આપની ઇચ્છા. કોઇ પણ ચીજ લઇ શકાય. આ ખુરશી મૂકીશું.' એમ કહીને પ્રોફેસર આગળ વધ્યા.

ખુરશીને એક ટેલીફોન બૂથ જેવા દેખાતા અને એના જ જેવા રૂપાળા ચકચકિત પૉલિશવાળા નાનાસરખા ખુલ્લા કબાટમાં મૂકવામાં આવી. તે બાદ જોડાણ કરીને અમુક બટનો દાબી દટ્ટા ફેરવવામાં આવ્યા કે તરત સૌના આશ્ચર્ય વચ્ચે કબાટ ખાલી જણાયું ! અને જ્યારે સૌએ રીસીવરમાં જઇને જોયું તો ખુરશી ત્યાં આવી પડેલી જણાઇ ! ખુરશી એની એ જ હતી એ બાબત કોઇને શંકાનું કારણ ન હતું.

પછીથી બીજા એવા જ વધારે પ્રયોગો કરી બતાવવામાં આવ્યા. એ ઉપરથી સૌની ખાતરી થઇ કે પદાર્થનું આમ આકાશતત્ત્વ દ્વારા વહન કરવું એ તો ચોખ્ખી શક્યતા હતી. જો કે કોઇકને એમ પણ થયું કે આમાં જાદુ કે નજરબંધી તો નહિ હોય ! આથી એમ ઠર્યું કે હજી એકવાર ફરીથી બહુ મોટા પ્રમાણમાં આ પ્રયોગનું પ્રદર્શન કરી બતાવવામાં આવે, ને તે બાદ એ શોધનો સોદો લાગતાવળગતાઓએ નક્કી કરવો.

આ શરત પ્રોફેસરે તરત સ્વીકારી લીધી. એમની ઇચ્છા પણ એમની શોધની પૂરેપૂરી અજમાયશ કરી જોવાની હતી. આ આખરી પ્રયોગ-દર્શન માટે સર નેમચંદે બધી સગવડો આપવાનું કબૂલ કર્યું: નિષ્ણાત કારીગરો (ટેકનિશિયનો), નાણાંવિષયક મદદ અને યુનાઇટેડ રેડિયો કૉર્પોરેશનની આલિશાન પ્રયોગશાળા, —આ બધું વીરેન્દ્રરાયને પૂરૂં પાડવામાં આવ્યું.

ઘણીઘણી તકેદારી રાખવા છતાં આ મહાન શોધના પ્રયોગની વાત કોઇક માર્ગે બહાર પડી ગઇ, અને અખબારોએ એ વિષે ગટકળો અને બયાનો આપવા માંડયાં. વીરેન્દ્રરાયને સદ્ભાગ્યે એમને વર્તમાનપત્રો તરફથી ઘણી સહાનુભૂતિ મળી. અને આથી જાહેર જનતાએ પણ આ બાબતમાં રસ લેવા માંડ્યો. આને પરિણામે ચર્ચાપત્રીઓ પણ નીકળી આવ્યા. કેટલાકનું કહેવું એવું હતું કે જો આ શોધ સફળ થશે તો કુદરતના બીજા નિયમો સાથે અથડામણ થશે. બીજાઓ

એથી ઊલટું જ જણાવતા હતા. એમનું કહેવું એમ હતું કે આવી શોધને પરિણામે માનવી સંસ્કૃતિના શિખરે પહોંચશે, કારણકે એની ઘણી અગવડો દૂર થઈ જશે. એક સૂચના બહુ રમૂજી હતી. એ ચર્ચાપત્રીને એની સાસુ તરફથી ઘણું વેઠવું પડતું હશે એમ માનવાને કારણ મળે છે. એણે સૂચવ્યું હતું કે આ યોજના દ્વારા અણગમતી સાસુઓને એક બાજુથી મોકલીને બીજી તરફ રીસીવરમાં લેવા માટેની સ્વિચ (બટન) ફેરવવાનું જાણીબૂઝીને મુલતવી રાખવું!

ચર્ચાપત્રીઓએ તો જે જે ખ્યાલમાં આવ્યું તે તે કહ્યું; પરંતુ શકુંતલાને હવે વીરેન્દ્રરાયની શોધની શક્યતા અને સત્ય વિષે કશી શંકા રહી ન હતી. આથી સંપૂર્ણ ખેલદિલીપૂર્વક એ પોતાની શરત અમલમાં આણવાને અધીરી બની.

બધી તૈયારી થઇ ચૂકી હતી. પ્રયોગ-પ્રદર્શનના ઠરાવેલા દિવસે પ્રભાતે વીરેન્દ્ર–શકુંતલાએ લગ્ન પણ કરી લીધાં હતાં. પ્રયોગ માટે એમ ઠર્યું હતું કે એક છેડે રેડિયો કૉર્પોરેશનની લૅબૉરેટરી (પ્રયોગશાળા)માં મોકલવાનું યંત્ર રાખવું, અને બીજે છેડે પ્રોફેસરની તારદેવની પ્રયોગશાળામાં રીસીવર ગોઠવવું. આથી તારદેવના પ્રયોગાલયમાં શ્રીમતી શકુંતલા અને પ્રોફેસરના મદદનીશો તથા નિષ્ણાતોની એક ટુકડી હાજર રહી હતી.

કૉર્પોરેશનની લૅબૉરેટરીમાં મોટો સમુદાય એકઠો થયો હતો. દુનિયાના સૌથી આગળપડતા રેડિયોવિશારદો, તેમ આ શોધમાં હિત ધરાવતી દેશપરદેશની મોટીમોટી કંપનીઓના માલિકો પણ હતા. એ મંડળીમાં સૌ કરતાં લેડી વિજયાગૌરી નેમચંદ જુદાં તરી આવતાં હતાં. એમણે વીરેન્દ્રરાયને પાસે લઇને યંત્ર વિષે પૂછાપૂછ કરવા માંડી. એ ભલાં બાઇને શી ખબર કે પ્રોફેસરનું વિવરણ આટલું સડસડાટ, આટલું લાંબું અને આવડું ગૂંચવણભર્યું હશે. ભૌતિકશાસ્ત્રના ક–ખની પણ માહિતી વગરનાં લેડી સાહેબા પારિભાષિક શબ્દાવલિ આગળ મૂંઝાઇ ગયાં. એમણે વચ્ચે જ પૂછ્યું : 'ખરેખર પ્રોફેસર? તમે રેડિયોથી સંગીતની માફક ફર્નિચરને પણ મોકલી શકો છો?'

'હાજી, આ યંત્રની મદદ વડે કોઈ પણ જડ કે જીવતા પદાર્થને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડી શકાય. આજના પ્રયોગમાં મારો ઇરાદો મારી જાતને ટ્રાન્સમીટ (વહન) કરવાનો છે!'

'અરે, બાપ રે! એવું કાંઈ હાથપગ ભાંગે એવું જોજો કરતા!' પરંતુ સર નેમચંદ પાસે જ હતા તે એ સાંભળીને પ્રફુલ્લી ઊઠયા: 'રાઇટો! ધૅટ્સ ઍન એક્સેલંટ આઇડિયા.' (બરાબર, એ ઉત્તમ વિચાર છે.)

'જરૂર, મારી એ જ ઉમેદ છે.' પ્રોફેસરે ઉત્તર આપ્યો: 'યંત્ર ચાલુ થશે કે તરત હું અહીંથી જતો રહ્યો હોઇશ; અને મારો મદદનીશ ત્યાંનાં બટન ફેરવશે એટલે હું મારા પ્રયોગઘરના રીસીવરમાં પહોંચી જઇશ.'

'હંઅં . . . હંઅં . . .' સર નેમચંદે ઉદ્‌ગાર કાઢયો.

સોદ્દા કરનારી પેઢીના પ્રમુખ અધિષ્ઠાતા તરીકે તેમને જ મુબારક હાથે આ 'પદાર્થ–અક્ષેપાસ્ત્ર'ની ઉદ્‌ઘાટનક્રિયા કરવાની તેમને વિજ્ઞપ્તિ થઇ. શાંતિથી, પ્રસંગને છાજે એવા અભિનયથી, યંત્રને ગતિમાન કરવાને માટે આવશ્યક બટનોનાં જોડાણ તો એમણે કર્યાં; પણ એમનું હૈયું ધબકતું જ રહ્યું.

સૌની દૃષ્ટિ એ વખતે ટેલીફોન–બૂથ જેવા કબાટમાં ઊભેલા પ્રોફેસર તરફ જ ચોંટેલી હતી. જોડાણ થતાંની સાથે જ એ કૅબિન હળવા ભૂરા ઝગમગતા પ્રકાશનાં આંદોલનોથી ભરાઇ ગયું. એક નિમિષ–અરે, નિમિષાર્ધ–એ પ્રકાશ રહ્યો અને પછી જાણે બુઝાઇ ગયો. પ્રકાશ બંધ થતાંની સાથે જ જણાયું કે વીરેન્દ્રરાયનું અસ્તિત્વ કૅબિનમાં ન હતું! સૌ સ્તબ્ધ બની ગયાં હતાં. સૌથી પહેલા સર નેમચંદ સ્વસ્થ થઇ ગયા. 'ડૅશ ઈટ! (ખૂબ કરી!') એ બોલ્યા: 'પ્રોફેસર ગૅપ! કશી શંકાને સ્થાન જ ન મળે! કેવી આબાદ કરામત છે! ન જોઈતા મુલાકાતીઓને આમ જ વિદાય કરી દેવા માટે કેટલી ઉપયોગી!'

પણ હાજર રહેલાઓમાંથી બીજું કોઇ કાંઇ પણ બોલે તે પહેલાં તો સ્ટુડિયોનું–સ્ટૅર દ્વાર ધડાક દઇને ખોલી એક કારીગર દોડી આવ્યો ને તેની પાછળ પ્રોફેસર ધસી આવ્યા. તે એકદમ ઊકળી પડેલા જણાતા હતા.

'આ હેવાન!' પ્રોફેસર બરાડયા: 'મારા યંત્ર જેવા જ રીસીવરનો પ્રયોગ કરી રહ્યો હતો અને તેથી હું તો મારે બંગલે પહોંચવાને બદલે એના ખંડમાં જ પહોંચી ગયો!'

'ગજબની વાત!' લેડી વિજયાગૌરી બોલી ઊઠયાં. સર નેમચંદ તેમના તરફ જોઇને વાત આગળ ચલાવે તે પહેલાં તો ટેલીફોનની ઘંટડી વાગી. એ ફોન સર

નેમચંદ માટે જ હતો. એ સાંભળતાં જ એમની મુખ-મુદ્રા આશ્ચર્યથી ભરાઇ ગઈ.

'પણ . . .' સર નેમચંદ જવાબ આપતા સંભળાયા: 'એમ બને જ શી રીતે? પ્રોફેસર વીરેન્દ્રરાય આ જ ક્ષણે મારી સામે ઊભા છે ને? . . . શું? . . . પણ એક જ વ્યક્તિ એક જ સમયે બે સ્થળે હોઇ કેમ શકે?'

'કેમ, શું થયું છે?'

ટેલીફોનનું ભૂંગળું પાછું મૂકી દઇને સર નેમચંદે જવાબ આપ્યો: 'કાંઇ સમજાતું નથી. આ ફોન તાર-દેવની પ્રયોગશાળામાંથી આવ્યો હતો. એ લોક કહે છે કે પ્રયોગ–પ્રદર્શન પૂરેપૂરૂં સફળ થયું છે,—એટલે કે પ્રોફેસર ત્યાં સહીસલામત પહોંચી ચૂકયા છે. આમાં મને તો કાંઇ સમજ જ પડતી નથી.'

'મારૂં કહેવું સાંભળો. આ ગૂંચનો હું ઉકેલ આપી શકું એમ છું.' પ્રોફેસર બોલ્યા: આ ગોટાળો થવાનું કારણ આ તમારો માણસ છે. એણે પદાર્થવહન માટેનું રીસીવર ઉપજાવી કાઢ્યું—આપણી અજાણમાં. અને આમ બનશે એ વાત કદી યે મારા ખ્યાલમાં આવી ન હતી. આથી તો હવે તો એમ ફલિત થાય છે કે જો આ યંત્ર સામાન્ય વપરાશમાં હોય તો જેની જેની પાસે એ હોય તે સહેલાઇથી વહન થએલો પદાર્થ મેળવી શકે! એટલે આ જ ક્ષણે દુનિયા ઉપર મારા જેવા હજાર વીરેન્દ્રો એકસાથે રીસીવરોમાં હોઈ શકે!'

'હજારો! ગૉડ ફરબિડ (ભગવાન ન કરે એવું)!' સર બેરચશા વચ્ચે જ બોલ્યા.

'પણ તમે તેની ચિંતા ન કરો. એક કરતાં વધારે હસ્તીમાં રહી શકે નહિ.' કહેતાક ને વીરેન્દ્રરાય ખંડમાં ફરી વળ્યા. એક હલકી પણ મજબૂત ખુરશી તેમણે હાથમાં લીધી અને તે વડે તેમણે પેલું ટ્રાન્સમિટિંગ ઍપૅરૅટસ (વહન–યંત્ર) ધડોધડ, આડાતેડા ફટકા દઈ-દઇને ભુક્કેભુક્કા કરી નાખ્યું!

યંત્રનો પૂરેપૂરો નાશ કર્યાની ખાત્રી કર્યા પછી વીરેન્દ્રરાયે પોતાના પાટલુનના ખિસ્સામાંથી એક રીવૉલ્વર કાઢી. એમનું મન તથા મગજ બહુ જ ત્વરાથી કામ કરી રહ્યાં હતાં. તેમણે સૌને ઉદ્દેશીને કહ્યું: 'હવે મારે ખાસ અગત્યના કાર્ય માટે મારે ઘેર જવું પડશે.'

'આ તમે શું કરવા ધાર્યું છે?' બેત્રણ જણે એકી-સાથે સવાલ કર્યો.

'હું પેલા મારા બંગલે પહોંચી ચૂકેલા મારા રૂપ-ધારીને પૂરો કરવા માગું છું.'

'એ તો ખૂન કહેવાય!'

'તમે તમારૂં પોતાનું ખૂન કેમ કરીને કરશો?'

'ભલામાણસ, આત્મઘાતના ગુનામાં આવી જશો.'

'એની મને ખબર છે. આ કાંઇ એવો ગુનો ગણાય નહિ. કાયદો ગમે તેમ માને, પણ શું હું જીવતો હોઉં ત્યાં સુધી મારી પોતાની આંખે મારી શકુંતલાને બીજા પુરુષ સાથે કલ્પી શકું!—અને તે પણ લગ્નને જ દિવસે?'

'જુઓ, એક બીજી વાત.' સર નેમચંદને આવા ખૂનના કિસ્સામાં સંડોવાવાની ઇચ્છા ન હતી, તેથી તેમણે બીજો મુદ્દો ઉઠાવ્યો: 'અત્રેથી રવાના થતી વખતે જો તમારા ખિસ્સામાં એ પિસ્તોલ હતી તો પેલી બીજી વ્યક્તિ પાસે પણ એ જ હથિયાર હશે. અને એમ પણ બને કે એના મગજમાં પણ તમારા સરખા જ વિચાર આવતા હશે.'

'એ વાત તો ત્યાં પહોંચ્યા પછી.' આટલો જવાબ વાળીને સૌને વિચારમૂઢાવસ્થામાં મૂકીને વીરેન્દ્રરાય મક્કમ પગલે ઝડપથી ત્યાંથી બહાર નીકળી ગયા અને પોતાની મોટરમાં બેસી તે હંકારી મૂકી. મોટર અર્ધે માર્ગે પહોંચી ત્યારે તેમની સામે એટલી જ ઝડપથી આવતી એક બીજી મોટર જણાઈ. એ મોટરો જેમ એકબીજાની સમીપ આવતી ગઈ તેમ ધીમી પડતી ગઇ ને સામસામે થઇ ગઇ એટલે અટકી પડી. એ બંનેમાંથી એક એક વ્યક્તિ હાથમાં પિસ્તોલ સાથે બહાર આવી. એકીસાથે રીવૉલ્વરના બે અવાજ થયા અને બે માનવ આકૃતિઓ તમ્મર ખાઇને જમીન પર ઢળી પડી!

આ બધું એટલી થોડી ક્ષણોમાં બન્યું કે એક જ આદમીનાં બે સ્વરૂપોનું એ અદ્દભુત અને અશ્રુતપૂર્વ દ્વંદ્વ યુદ્ધ નીરખવાનો કોઇને અવસર મળ્યો નહિ. અવાજ સાંભળી સૌથી પહેલો એક પીળી પાઘડીવાળો સિપાઈ ત્યાં પહોંચ્યો. સરખા જ પોષાક અને ચહેરામોરાનાં બે શબ એકસરખી જ સ્થિતિમાં પડેલાં જોઇને એ તો આભો જ બની ગયો! આંખો ચોળીને એ બડબડ્યો: 'હે કાય? મી ભૂલ પાહતોસ કાય!'

એ બે મૃત શરીરો પર જ્યારે જ્યૂરી ભરાઈ ત્યારે કૉરોનરને પણ સૂઝ ન પડી કે પંચના સભ્યોને શી સલાહ આપવી. કેટલાક સભ્યોનું એમ કહેવું હતું કે

આ પ્રકરણને બેવડા ખૂન તરીકે લેખી શકાય. બીજા સભ્યો એમ જણાવતા હતા કે આ કિસ્સો બેવડા આપઘાત તરીકે ગણવો. આખરે એમ ફેંસલો કરવામાં આવ્યો કે સદરહુ મૃત્યુ કુદરતી કારણોને લીધે થયાં ન હતાં એટલું સૌએ સ્વીકારવું.

આમ, કૉરોનરની તપાસમાં કાયદેસર રીતે પ્રાધ્યાપક વીરેન્દ્રરાયનું નામ સંડોવવામાં આવ્યું ન હતું; એટલેકે તેમને હાથે જ આ ગોળીબાર થયેલો કે તેમણે જ આત્મઘાત કરેલો એમ ગણવામાં આવ્યું ન હતું. જો કદાચ એવું કર્યું હોત તો વળી કાયદાની દૃષ્ટિએ ખૂબ અટપટી અને વાંધાભરેલી ઘટના ઉપસ્થિત થાત.

પ્રયોગ-પ્રદર્શનના દિવસ પછી ત્રણેક મહિને અચાનક તારદેવ પરના 'વીર–ધામ' બંગલામાં એક ટૅક્સી આવી ઊભી અને સૌની અજાયબી વચ્ચે એક વ્યક્તિએ એમાંથી ઊતરીને માલિક જેવી અદાથી ગૃહપ્રવેશ કર્યો. એ હતા પ્રાધ્યાપક વીરેન્દ્રરાય! પહેલી નજરે તો કોઇ તેમને ઓળખી શક્યું નહિ; કારણ કે એમની મોંકળામાં ફેરફાર થઇ ગયો હતો; પરંતુ તેમનાં પત્નીને એમના વ્યક્તિત્વ વિષે શંકા ન રહી. વીરેન્દ્રરાયનું પુનરાગમન એ શકુંતલાના સદ્ભાગ્યનું પરિણામ જ ગણાવું જોઇએ.

વિશ્વમાં ઘણી વખત અકળ ઘટનાઓ બને છે, તેમ આ બાબતમાં પણ બનેલું જણાયું. મુંબાઇમાં જે સમયે આ પદાર્થ-અલોપાસ્ત્રનું છેલ્લું પ્રયોગ-દર્શન થતું હતું તે જ સમયે ટોકિયોમાં પણ કોઇ એક નિષ્ણાત રેડિયો-વિશારદ એ જ બાબત પ્રયોગ કરી રહ્યો હતો. અને એણે ગોઠવેલા યંત્રની વેવ્ઝ લૅંગ્થ પણ, જોગાનુજોગ, બરાબર અનુરૂપ આવે એ પ્રમાણે મુકાઇ હતી. એટલે જેવા વીરેન્દ્રરાય રેડિયો કૉર્પોરેશનની લૅબોરેટરીમાંથી અદૃશ્ય થયા કે તરત જ હજારો માઇલો દૂર પહોંચી ગયા! દુર્દૈવ એટલું જ હતું કે તે સમયે વાતાવરણમાં વિદ્યુતનું ભયંકર તોફાન ચાલતું હતું. આને પરિણામે, પ્રોફેસર પહોંચ્યા તો ખરા, પણ તોફાનની અસર તેમના શરીરયંત્ર પર એવી થઈ કે એમને ટોકિયોમાં લાંબી સારવાર હેઠળ બે અઠવાડિયાં સુધી રોકાવું પડ્યું.

પ્રોફેસર એ જાપાની વૈજ્ઞાનિકના રીસીવરમાં પહોંચ્યા એ આકસ્મિક સફળતાને કારણે વળી એક બીજી વિચિત્ર ઘટના બની ગઇ. એ વૈજ્ઞાનિકનું ભેજું આ સફળતાના આનંદના અતિરેકથી તે જ ક્ષણે ફટકી જતાં તેણે આવેશમાં આવી જઇને એ યંત્રને જ વહાલપૂર્વક આલિંગન દઇ દીધું અને એ રીતે યંત્ર અને યાંત્રિક બંને નષ્ટ થયાં!

આ પ્રમાણે રેડિયો દ્વારા પદાર્થનું ટ્રાન્સમિશન થવાની બાબત હવે ત્યાંથી જ અટકી ગઇ. કેટલા સમય માટે એ તો કોણ કહી શકે? પરંતુ એટલું તો ચોક્કસ કહી શકાય કે ગુજરાતે માત્ર વીરેન્દ્રરાયની એક જ ભૂલને કારણે એક ભારતકીર્તિત —બલકે જગતકીર્તિત વૈજ્ઞાનિક નોંધાવવાનો અવસર ગુમાવ્યો.

હવે વીરેન્દ્રરાય રેડિયોસંશોધનનું નામ લેતા નથી. પરંતુ વીરેન્દ્ર–શકુંતલાની જોડી એક ચિત્રપટની કંપની ચલાવે છે. ભવિતવ્યતા!

(સૂચિત) **મહાદેવપ્રસાદ હ. દેસાઈ**

બંસીલાલ વર્મા

[અનુ૦ પાછળના પૃ. ૩૪૩થી] ચિત્રશાળાની પડોશમાં રહેવાની ઇચ્છા ફળી. ૧૯૩૫માં ચિત્રશાળામાં દાખલ થયો.

ત્યાર પછી નવ મહીને ચર્ખાસંઘ તરફથી લખનૌ કૉંગ્રેસમાં સ્વ. ભાઇ હરિવદન દ્વારા તેમની સાથે ચિત્રકાર તરીકે જવાનું થયું. ત્યાં મને મારૂં હિંદીનું જ્ઞાન ખૂબ ઉપયોગી થયું. જોવા જાણવાનું પણ ખૂબ મળ્યું.

લખનૌથી પાછા આવ્યા બાદ થોડો વખત થયો ત્યાં શ્રી કકલભાઇ રાણપુરથી આવી અમદાવાદમાં છાપું કાઢવાની યોજના ઘડતા હતા, તેમણે રવિભાઇ પાસે એક કાર્ટૂનિસ્ટની માગણી કરી, અને રવિભાઇએ એમને મારી સોંપણ કરી. હું તો એથી ચોંકી જ ઊઠ્યો. પણ રવિભાઇને મારામાં વિશ્વાસ હતો; બસ મને મારામાં નહોતો. મેં એ વિશ્વાસને લાયક થવાનો પૂરો પ્રયત્ન કર્યો. ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં 'નવસૌરાષ્ટ્ર'ના ત્રીજા અંકમાં મારૂં પહેલું કાર્ટૂન બહાર પડ્યું. '**ચકોર**'ની સહીથી ત્યાર પછી એ કાર્ય ચાલુ જ રહ્યું.

કૉંગ્રેસ પ્રધાનમંડળના અમલમાં અમદાવાદમાં દારૂબંધીખાતું શરૂ થતાં તેના નિયામક શ્રી નંદાની માગણીથી પોસ્ટરો અને કાર્ટૂનો કરવા રવિભાઇએ મને ત્યાં સોંપ્યો. આ દરમ્યાન જ 'પ્રજાબંધુ'ના સંચાલકે મારી માગણી કરી અને 'વિચિત્ર' નામથી એમને ત્યાં પણ કાર્ટૂનિસ્ટ તરીકે કામ શરૂ કર્યું. એવામાં 'રેખા' શરૂ થયું અને એના સંપાદકોના આમંત્રણથી એ માસિક સાથે પણ જોડાયો. આજે એ ત્રણે કામ ચાલે છે.'

આપણી વનશ્રી



લેખક
શ્રી રામસિંહજી રાઠોડ
ડી. ડી. આર.

ઉપવનો અને તેમાં વસતી ગ્રામ પ્રજાના બનેલા ભારતવર્ષની ભારતીય સંસ્કૃતિ હિંદની રાષ્ટ્રીય મત્તા શાં તેનાં ઉજ્જ્વળ અને ઉત્તમ વનોમાં વિકસી છે. જંગલોમાં ભારતવાસીઓને જીવનનું કાવ્ય લાધ્યું હતું અને ત્યાં પ્રકૃતિને ખોળે માતા વસુધાનું પોષણ પામી આપણી સંસ્કૃતિ તેની ઉત્કૃષ્ટતાએ પહોંચી છે. પરાપૂર્વથી હિંદીઓના જીવનઘડતરમાં વન અને વૃક્ષોએ અમૂલ્ય ભાગ ભજવ્યો છે. આપણો ધર્મ જુઓ; આપણું સાહિત્ય ઉકેલો; આપણી કળાના અવશેષો અવલોકો; આપણા જીવનવ્યવહારમાં ડોકિયું કરો. સર્વત્ર કુદરતના જીવન જેવાં મનોહર અને ગહન જંગલ તેમજ રહસ્યપૂર્ણ ઝાડોની અસર તરી આવે છે. આપણા ઋષિઓએ અને કવિઓએ પોકારીપોકારીને કોઇ દૈવી પ્રેરણાબળે અને વિરલ ભાવથી જેને કાવ્યમય બનાવ્યો છે એ 'કલ્પદ્રુમ' એ જ આપણી અક્ષય્ય વનશ્રી!


એક વખત હતો જ્યારે માનવી જંગલમાં વસતો, વલ્કલ પહેરતો અને શિકાર ખેલીને કે કંદમૂળ અથવા ફળાહાર કરીને જીવનપોષણ કરતો. એ આદિકાળથી વિકાસ પામી આજના વૈજ્ઞાનિક જમાનામાં ઉન્નતિની ટોચે પહોંચ્યા મનાતા માનવી જીવનમાં અત્યારે પણ જંગલ અને ઝાડો એની એ અમાપ અગત્ય ધરાવે છે. ઝાડોની એક ડાળ બીજી સાથે ઘસાઇને પ્રગટેલા જંગલના દાવાનળમાંથી માણસને અગ્નિ હાથ લાગ્યો; પ્રગતિના પ્રતીક બનેલા એ અગ્નિને આજે પણ આપણે ઝાડોની કાઠી વડે જાળવી રાખ્યો છે. પરંપરાથી માણસે લાકડાંનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરી નિપજાવેલી વસ્તુઓમાં માનવસંસ્કૃતિના વિકાસક્રમનો ઇતિહાસ રહ્યો છે. આપણે ખેતી કરતા થયા અને લાકડાંમાંથી ખેતીનાં ઓજારો અને ગાડાં બનાવ્યાં. જંગલના ઘાસ પર ગાયો અને બળદને પોષ્યાં. ગામો અને શહેરો વસાવ્યાં અને ઘર બાંધવામાં લાકડાંનો ઉપયોગ કર્યો. કપડું વણવા લાકડાનો રેંટિયો અને શાળ બનાવી. લાકડાંનાં વહાણો બાંધી વહાણવટાંથી આપણે વેપાર અને વાણિજ્ય વિકસાવ્યાં. આમ, જંગલો આપણા જીવનની પ્રેરણા અને પોષણ બન્યાં અને જંગલનાં ઝાડોને વનદેવતા ગણી આપણે પૂજવા લાગ્યા.

સંસ્કૃતિ વધી તેમ જંગલો ઘટયાં

પણ આપણી વસતિ વધતી ચાલી. ઢોરોની સંખ્યા પણ જોઇએ તે કરતાં અનેકધા થઈ પડી. વિસ્તારવાળાં ગાઢ જંગલો જેટલાં આદરણીય મનાતાં તેટલાં જ ઘણાસ્પદ લાગવાં માંડયાં. જંગલો કાપી માણસોએ ખેતરો નિપજાવ્યાં. જંગલોમાં ને આડેવગડે ઢોરોને ફાવેતેમ છૂટાં ચરવા મેલ્યાં. રાની પશુઓ તથા એવા બીજા જંગલોના મનાતા ત્રાસથી છૂટવા જંગલો સળગાવી મૂક્યાં. માત્ર ભયંકર દુકાળ ને રોગચાળાથી ઢોરો ને માણસોની સંખ્યા ઘટતી ત્યારે જ જંગલ ને ઝાડોને કાંઈક વિશ્રાંતિ મળતી.

જમાનો બદલાતો ચાલ્યો. છતાં યે વધતી જતી વસતિને કારણે ખેતી માટે વધારે ને વધારે જોઈતી જમીન માટે તથા લાકડાં, બળતણ ને બીજી જંગલની પેદાશ અર્થે જંગલોની સફાઇ થવી ચાલુ રહી. ઉપરાંત, ચરિયાણ માટે જંગલો પર ઢોરોનો અતિ ભારે અને ઘાતક હુમલો કાયમ રહ્યો. આને પરિણામે જંગલો ઘસાતાં ચાલ્યાં. પણ સૌની જરૂર છૂટથી પૂરી પડતી, એટલે ભવિષ્યની વિષમ પરિસ્થિતિનો કોઈ ખ્યાલ પણ કેમ કરે?

આધુનિક સમય આવતાં તો જીવનની જરૂરતો મુજબ ઉદ્યોગશાળાઓ, કારખાનાં, યંત્રાલયો અને રેલવે વગેરેમાં જંગલ અને ઝાડોની પેદાશની માગ દિવસાનુદિવસ વધતી ચાલી. અંતે એવી સ્થિતિ આવી લાગી કે વસતિથી બહુ દૂર એકાંતમાં આવેલાં નામનાં જંગલો, કે પહાડોમાં જ્યાં માનવીથી ન પહોંચી શકાય તેવાં રહ્યાંસહ્યાં સ્થળોમાં જંગલો જ માત્ર સલામત રહેવા પામ્યાં. પછી તો જંગલોની પેદાશની અછત પણ જણાવા લાગી અને જંગલોના વિનાશથી આવી પડતી બીજી આપત્તિઓના પણ ભોગ બન્યા. એથી આપણે ચમકયા. એ ચમકના પ્રત્યાઘાત તરીકે જંગલો કાયમ રહે અને આપણી બધી જરૂરતો



હિંદભરના વિવિધ પ્રાંતોમાં સરેરાશ વાર્ષિક કેટલો વરસાદ પડે છે તે દર્શાવતો, આ સાથેના લેખને લગતો નકશો. સમજ: આંકડાથી નિર્દેશાએલી સળંગ બે લીટીઓની વચમાં જેટલા ઇંચ તેટલો લગભગ સરેરાશ વરસાદ પડે છે દાખલા તરીકે સિંધમાં કરાચી આગળ ૫થી ૧૦ ઇંચ જેટલો.

પૂરી પડે એ નેમથી હિંદમાં ઈ.સ. ૧૮૬૫માં જંગલોને વિકાસવા અને નિયંત્રણમાં લેવા વ્યવસ્થિત જંગલખાતાંની સ્થાપના થઈ; અને ઈ.સ. ૧૮૭૮ના જંગલોના કાયદાથી હિંદી જંગલોને સંરક્ષણ મળ્યું.

હિંદનાં જંગલો

અત્યારે હવે, આશરે ૧૦,૯૯,૩૧૩ ચોરસમાઇલના વિસ્તારવાળા આપણા હિંદ જેવા વિશાળ દેશનો માત્ર લગભગ ૨,૬૧ ૨૧૯ ચોરસમાઈલ પ્રદેશ જ જંગલોથી છવાએલો છે; અને તેમાંથી યે બ્રહ્મદેશને બાદ કરતાં તો હિંદનાં જંગલો એકંદરે ૯૯,૭૪૬ ચોરસમાઇલના વિસ્તારમાં જ આવેલાં છે. તેમાંથી પણ ૭૧,૩૫૭ ચોરસ માઇલનાં સરકારી દેખરેખ નીચેનાં બંધ જંગલો જ એના અનેકવિધ ફાયદા આપતાં આપણા દેશનું ગૌરવ બની રહેલાં છે. એ સરકારી જંગલો કોઇ પણ દેશ સાથે સરસાઇ કરે તેવાં સુનિયંત્રિત અને અમૂલ્ય છે.

આપણું વિચિત્ર અને વિવિધ હવામાન

હિંદુસ્તાનમાં તેની ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર ઋતુઓ અને હવામાનની એટલી બધી વિચિત્રતાઓ અનુભવવા મળે છે કે તે, દુનિયાભરની વિવિધ ઋતુઓ અને હવામાનના નમૂના જેવું બની રહે છે. આપણે ત્યાં વર્ષાઋતુ ઘણુંખરૂં તો ઉનાળા પછી બેસે છે, પણ ક્યાંક શિયાળે પણ વરસાદ આવે છે. આસામની ખાસી ટેકરીઓમાં ચેરાપૂંજીમાં દર વર્ષે ૪૬૦ ઈંચ વરસાદ પડી જાય છે તો રજપૂતાના અને સિંધ જેવા સૂકા મુલકમાં બેત્રણ ઈંચ પાણી પણ માંડ પડે છે' સિંધમાં અતિશય ગરમી પડે છે તો હિમાલયના પહાડોમાં તેટલી જ ઠંડી હોય છે. દક્ષિણ હિંદુસ્તાનના ગરમ પ્રદેશનાં લીલાંછમ જંગલોથી માંડી હિમાલયના શીત પ્રદેશ સુધીમાં અને પંજાબ, સિંધ તથા કચ્છના સૂકા મુલકથી માંડી હિંદુસ્તાનની પૂર્વના ડુંગરો અને બંગાળાના દરિયાકિનારાનાં જંગલો સુધીમાં આવી રહેલા ભૂપૃષ્ટની કેટલી યે વિચિત્રતા અને વિવિધતા અનુસાર હિંદુસ્તાનનો વનસ્પતિવૈભવ પણ તેની વિવિધતા અને વિચિત્રતામાં કોઇ પણ દેશને આંટી જાય એવો છે અને તેટલો જ તે વિપુલ અને સમૃદ્ધ છે.

અને તેટલી જ વિવિધ અને વિશિષ્ટ વનશ્રી

હિંદુસ્તાનની વિશિષ્ટ વનશ્રીનો અખૂટ ભંડાર તો હિંદના શિરોમુકુટ નગાધિરાજ હિમાલયના પહાડો પર, તેની તળેટીએ અને ખીણોમાં જ આવેલો છે. વાયવ્ય સરહદના પ્રાંતથી સંયુક્ત પ્રાંતોના કુમાઉં સુધીના અગ્ર હિમાલયના એ પહાડોમાં જોનાં લગભગ ૧,૫૦૦ ફૂટની ઊંચાઇએથી ૬,૫૦૦ ફૂટ સુધીમાં રેઝીન આપતાં ચીડપાઇનનાં જંગલો વિસ્તરેલાં છે. તેની ઉપરની પહાડશ્રેણિમાં ૮,૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી સરહદ પ્રાંતથી શરૂ થઈ ગંગોત્રી સુધીના વિસ્તારમાં પર્વતપુત્રી પાર્વતીના અપત્યવાત્સલ્યનો લહાવો લેનાર તરુવર દેવદારની મનોહર વનરાજી વિસ્તરેલી પડી છે. આમાંનાં કાશ્મીરપંજાબનાં દેવદારનાં ઉત્કૃષ્ટ વનો તેમનાં સૌંદર્ય અને બહુમૂલ્યતાથી ખાસ ધ્યાન ખેંચનારાં છે. આ વિસ્તારમાં તેમજ તેની ઉપર ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી બાંજ, તીલોંજ અને ખરસુ જેવી ઓકની વિવિધ જાતો મળી આવે છે. દેવદારની ઉપર ૧૨,૦૦૦ ફૂટ સુધી કેઇલ, સ્પ્રુસ અને સિલ્વર ફરનાં વિશાળ જંગલો આવેલાં છે. આ વિસ્તારમાં અને તેની ઉપર તેરથી ચૌદ હજાર ફૂટની ઊંચાઈ સુધીમાં, સોહામણાં હૉર્સચેસ્ટનટ, મૅપલ, બર્ચ, રહોડોડેન્ડ્રોન અને વિલો વગેરે વૃક્ષો વડે હિમાલયની વનરાજી કેટલી યે વિવિધતા ધારણ કરતીકરતી



હિમાલયમાં થતાં દેવદાર



પુષ્પ-પ્રફુલ્લિત સાલવૃક્ષ—નાનાં સાલવૃક્ષ સાથે

છેવટે, વનસ્પતિમાં જ્યાં માત્ર ઘાસ જ ઊગી શકે છે એ ઊંચાઇએ પહોંચે છે. બગિયાલ નામે જાણીતા આ વિસ્તારો ઉનાળે સંખ્યાબંધ ઘેટાં બકરાંઓને ચરિયાણ પૂરું પાડે છે. સામાન્યતઃ હિમાલય તરીકે જ ઓળખાતી એ ગિરિમાળાઓમાં તે પછીની ઊંચાઇએથી એ પહાડો ચિરંતન હિમાચ્છાદિત રહે છે અને તેના શબ્દાર્થને સાર્થ કરતો સાચો હિમાલય તો ત્યાંથી જ શરૂ થાય છે.

ભારતનાં જંગલો

હિમગિરિઓની સમાંતરે સંયુક્ત પ્રાંતોના અગ્ર-હિમાદ્રિની ટેકરીઓમાં નીચે તરાઇમાં, જમનાની પૂર્વેથી વિસ્તરી બંગાળા અને આસામ સુધી કીમતી સાલ વૃક્ષોનાં જંગલો આવેલાં છે. બોધિ વૃક્ષોમાંનાં એક (જેની નીચે ભગવાન બુદ્ધ નિર્વાણ પામેલા એ) પ્રકાશિત ઘેરી લીલી ઝાંઇવાળાં પર્ણમદ્યાં આ સાલ વૃક્ષોની તો ચીનયાત્રી હ્યુએનચાંગે પણ નોંધ લીધેલી છે. છોટાનાગપુર અને ઓરિસ્સાનાં સાલનાં જંગલો પણ જાણીતાં છે. હિંદી જંગલોમાં સાધારણપણે વિહરતાં કેટલાં યે વિવિધ રાની પશુઓમાંથી આ ગીચ જંગલોમાં તો જંગલી હાથીઓ, જંગલી પાડા ને માનવભક્ષી વાઘોનો વસવાટ પણ સાધારણ છે. બ્રહ્મદેશ અને બંગાળાની સીમા ઉપર વાંસનાં વિશાળ વનો એટલાં તો વિપુલ છે કે ત્યાં તેની કાંઈ કીમત નથી સમજાતી.

અગ્ર હિમાલયનાં સાલવનોના વિસ્તારને અંતે તિબેટની સરહદ સુધીમાં આસામનાં વિવિધ વનસ્પતિ-પ્રચૂર જંગલો આવેલાં છે. તેની નીચે બંગાળાના ઉપસાગરની કંઠારે ગંગાના તીરપ્રદેશમાં, જ્યાં પૂનમ અમાસના જુવાળ સમયે તો ઊંડાં પાણી ભરાઇ જાય છે અને જ્યાં બધાંને હમેશાં વહાણમાં જ વસવું પડે છે એવા, 'સુંદરવન' નામે જાણીતા વિસ્તારમાં વિશિષ્ટ ખાસિયતોવાળાં સુંદરીનાં વન વિસ્તરેલાં છે. અહીંથી મધ્ય હિંદ પર નજર દોડાવતાં ત્યાં સાગનાં સમૃદ્ધ જંગલો ધ્યાન ખેંચે છે. જે ભાગમાં વરસાદ ઓછો થાય છે ત્યાં સાગનાં એ વિશાળ વૃક્ષો ઠીંગરાએલાં માલુમ પડે છે અને ક્યાંક તેનાં જંગલો બીજાં વૃક્ષો સાથે મિશ્રણમાં આવેલાં છે. આવાં મિશ્ર જંગલો મુંબાઇ ઇલાકાના કાનડા સુધી વિસ્તરી ત્યાંથી દક્ષિણ હિંદમાં ઠેઠ ત્રાવણકોર, કોચીન અને મદ્રાસ સુધી ફેલાએલાં છે. એ તરફ મ્હૈસુરનાં સુખડનાં જંગલ તેની મહત્તાથી જાણીતાં છે. સિંધુની નહેરનાં પાણીથી સિંધના શુષ્ક વિસ્તારમાં ઉછેરાતા અને કુદરતી થતા બાવળનાં જંગલો ૧,૨૧૯ ચોરસ માઇલના વિસ્તારમાં આવેલાં છે. અને જ્યાં ઝાડોના ઉછેર માટે વરસાદનું પૂરતું પાણી નથી વરસતું એવા પંજાબનાં મેદાનોમાં નહેરો વાટે પાણી પાઇ ઉછેરાતાં સીસમ અને શેતૂરનાં વૃક્ષોનાં ૬૦,૦૦૦ એકરનાં પ્લાન્ટેશનો તો જંગલોની કૃત્રિમ વાવણીની સફળતાના આદર્શ નમૂના તરીકે દુનિયાભરમાં પ્રસિદ્ધ છે.

મુંબાઈ ઈલાકાની વનશ્રી

મુંબાઇ ઇલાકાના વિસ્તારનો ૧૭ ટકા પ્રદેશ જંગલોથી છવાએલો છે અને તેમાં ૧૨,૯૩૭ ચોરસ માઇલનાં રક્ષિત જંગલો આવેલાં છે. બાકીના પ્રદેશમાં જ્યાં વરસાદ બહુ ઓછો છે ત્યાં ઠીંગરાએલાં વૃક્ષો કે કાંટાળી રૂક્ષ વનસ્પતિ થાય છે. સિંધ તરફ પડતા સરેરાશ વરસે પાંચેક ઈંચ જેટલા વરસાદથી વધતાં વધતાં, ઘાટ તરફ ક્યાંકક્યાંક ૩૦૦ ઇંચ જેટલો વરસાદ ધરાવતા અને સમુદ્રની સપાટીથી ૩૦૦૦ ફૂટ કે તેથી વધુ ઊંચી જમીનવાળા આપણા ઇલાકાના પ્રદેશોમાં

હવામાનની સ્થિતિ જેવી વિવિધ છે તેવી જ આપણાં જંગલોની વનસ્પતિ પણ વિવિધતામાં વિશિષ્ટ છે. જ્યાં ૨૫ ઇંચ લગભગ વરસાદ થાય છે તેવાં દખ્ખણનાં જંગલોમાં થતા બાવળ, ખેર અને સાગનાં ઠીંગરાએલાં વૃક્ષોનાં લાકડાં મકાનોનાં છાપરાં છાવા, ખેતીનાં ઓજારો માટે અને સરપણ તરીકે ખપ લાગે છે અને ત્યાં થતા તવરની છાલ ચામડું રંગવા કામ લાગે છે. બીજાપુર પ્રાંતના, બેલગામના ગોકાક તાલુકાના, તથા સતારાના કેટલાક ભાગનો અને પૂના પૂર્વ-નાસિક તથા ખાનદેશની કેટલીક ઝાડીનો આમાં સમાવેશ થાય છે. નવાપુર નજીકનાં ખાનદેશનાં જંગલોમાં તથા પશ્ચિમ નાસિક અને સુરતનાં ડાંગનાં જંગલોમાં થતો સાગ ત્યાંના સરેરાશ લગભગ ૨૫થી ૫૦ ઈંચ જેટલા થતા વરસાદને કારણે વિશિષ્ટ ખાસિયતો ધરાવે છે. વળી આ તરફ બહુ જ ઊંચું ઘાસ થાય છે. જ્યાં ૪૦ ઇંચથી વધુ વરસાદ થાય છે તેવા થાણાના ઉત્તર છેડેથી માંડી કોલાબા અને કાનડામાંથી વિસ્તરતાં કોકણનાં જંગલોમાં સાગ, બ્લૅકવૂડ, ચેઇન, જાંબુ અને એવાં બીજાં ઇમારતી લાકડાં તથા વાંસ થાય છે. પશ્ચિમ ઘાટમાં ઘણે સ્થળે ૧૦૦થી પણ વધારે ઈંચ વરસાદ પડે છે. આ તરફના પહાડીઓ સૈકાઓથી ખેતી માટે જંગલો કાપતા આવ્યા છે. જંગલો કાપી, તેની તળેની ફળદ્રુપ જમીનમાં થોડાં વરસ ખેતી કરી, તેનો કસ ચુસાઇ જતાં તેને પડતર તરીકે છોડી દઈ, ફરી બીજે જંગલ કાપી તેઓ નવી જમીન તૈયાર કરે છે અને આ રીતે જંગલોનો વિનાશ થતો જ રહ્યો છે. આજે તો જોકે એ પ્રથા અટકાવવામાં તો આવી છે, પરંતુ એ પહાડોનાં એ સીધાં ચડાણો ખુલ્લાં થવાથી વધારેપડતા વરસાદના જોરે ધોવાઈ જતાં હવે માત્ર ખુલ્લા ખડક બની ગએલા છે! મહાબળેશ્વરની ઠીંગરાએલી વનશ્રીની વચ્ચે નજરે પડતાં ત્યાંનાં દેવસ્થાનોની આજુબાજુનાં પવિત્ર ઝુંડનાં વૃક્ષો, આજે, પહેલાંનાં એ સમૃદ્ધ જંગલોની ભવ્યતાના અવશેષ જેવા ઊભા છે. કાનડા પરગણાના કેટલાક ભાગમાં પુરાણાં જંગલો, ઉચ્ચ વૃક્ષો ને ગીચ ઝાડી આવેલાં છે. આ પલ્લવપુંજભરી ઝાડી ઉનાળે પણ એકસરખો છાંયો આપી હવામાનને હમેશાં ભેજવાળું, ઉષ્ણતામાન હમેશાં લગભગ સરખું અને ઝરણાં તથા વહેળાઓને સતત વહેતાં રાખે છે. ગીચ લીલા છોડવા અને માર્દવભરી વેલીથી વીંટળાએલા ૧૫૦ ફૂટથી યે વધુ ઊંચાઇવાળાં સુશોભિત વૃક્ષો, ઊંચાંઊંચાં તાડ અને દુર્ગમ નેતરભર્યા વિસ્તારો, એ આ તરફનું આકર્ષણ છે. આ સદા લીલીછમ રહેતી ઝાડીને લીધે કાનડાનાં સોપારીનાં ઉપવનોને જોઇતો જરૂરી ભેજ મળી રહે છે.

અને આપણા ગુજરાતની સમૃદ્ધિ

૬૪ હજાર ચોરસ માઇલના વિસ્તારવાળા આપણા ગુજરાતની તો ઘણીખરી જમીન ખેડવાણ અને ફળદ્રુપ છે; અને જે છૂટાંછવાયાં જંગલો છે તેમાં તાપીની દક્ષિણે આવેલાં ડાંગનાં સાગનાં વન મહત્ત્વનાં અને કીંમતી છે. તેની પેદાશ વરસે સરેરાશ ૧૦ લાખ રૂપિયાથી પણ વધારે આવે છે. રેવાકાંઠાનાં તાડનાં વન, મહીકાંઠાનાં જંગલોમાં થતાં સુખડનાં વૃક્ષ અને ગુજરાતની પૂર્વ સરહદ ઉપરનાં જંગલોમાં—મુખ્યત્વે પંચમહાલમાં—થતાં મહુડાં ગુજરાતની વિશિષ્ટ પેદાશ છે. પશ્ચિમમાં કાઠિયાવાડના ગિરનાર અને ગીર તથા પૂર્વ ગુજરાતની પૂર્વ સરહદ પરના પહાડો ગીચ ઝાડીથી છવાએલા છે. તેમાં સાગ, સીસમ, ખેર, વાંસ વગેરે ઇમારતી લાકડાં પૂરાં પાડતાં વૃક્ષો તથા આંબા, મહુડાં ને રાયણ જેવાં બીજાં ફળાઉ ઝાડો પણ પુષ્કળ થાય છે. આવાં ફળાઉ ઝાડો મહીકાંઠા અને રેવાકાંઠાનાં જંગલોમાં વધારે પ્રમાણમાં જોવામાં આવે છે.

જંગલો કરતાં પણ ગુજરાતમાં વિવિધ વનસ્પતિથી ભરચક ઘાસનાં બીડો વધારે છે. સુરત જિલ્લાના પારનેરાના ડુંગરામાં, કાઠિયાવાડના બરડો, શેત્રુંજો, વાળાકગિરિ અને ચોટીલાના ડુંગરોમાં અને કચ્છની ધારોમાં ઢોરોને પુષ્ટિ આપનારૂં સારૂં ઘાસ પુષ્કળ થાય છે; અને પરિણામે આપણે ત્યાં ઢોરઉછેરનો ધંધો ઘણા માલધારીઓને પોષે છે. ગુજરાતની ફળદ્રુપ જમીનમાં આંબા, રાયણ, ખજૂરી, અનનાસ અને ફણસ જેવાં ફળાઉ ઝાડો ઘણાં થાય છે અને રેતાળ તેમજ ડુંગરાળ પ્રદેશ સિવાય સર્વત્ર સાધારણપણે જ્યાંત્યાં લીમડો, પીપળો, પીપળી, વડ, આમલી વગેરેનાં ઘટાદાર વૃક્ષો જોવામાં આવે છે. ગુજરાત, જંગલો કરતાં આવાં વૃક્ષોથી સમૃદ્ધ છે.

(આ અતિ ઉપયોગી લેખનો વિશેષ ભાગ આવતા અંકમાં)



સંસારનાં શહેરો

૨૬-મુંબાઈ


હિંદના અને તેમાં યે ગુજરાતના વતનીઓને મુંબાઈ અજાણ્યું ન હોય. દિલ્હી ભલે હિંદની રાજધાની રહી, કલકત્તા ભલે પૂર્વકાળની રાજધાની તરીકે અને વસ્તી તથા બીજી રીતે હિંદનું મહાનગર ગણાતું હોય, પણ એમાંથી એકે મુંબાઈ જેટલું જગનામી થઇ શક્યું નથી.

સમસ્ત હિંદના પશ્ચિમ સાથેના વેપારની ધોરી નસ સમું અને હિંદના આગમણા કિનારાનો મોખરો સાચવતું, દરિયાઈ રાજમાર્ગોનું મહત્વનું આ થાણું અને પશ્ચિમ હિંદનું પ્રવેશદ્વાર (Gateway of India) જગતભરનાં મહાબંદરોમાં પોતાનો આંકડો નોંધાવે છે અને દુનિયા આખીનાં બંદરોના વાવટા એને ત્યાં ફરકી જાય છે.

આજનું મુંબાઇ જે એક ટાપુ પર વસેલું છે તે પણ, શરૂમાં જ્યારે તે અંગ્રેજોને હાથ આવ્યો ત્યારે, એક અખંડ ટાપુ નહિ, પણ દરિયાની નાની નાની નહેરો ને ખાડીઓથી વહેંચાએલા બેટડાઓનો સમૂહ હતો. સતત મહેનતથી માનવીએ આ ત્રણસો વરસમાં તેને હાલના ૧૧ માઇલ લાંબા ને ૨ માઇલ પહોળા એક અખંડ ભરચક વસાહતી બેટના રૂપમાં ફેરવી નાખ્યો છે; અને હજી પણ ઉત્તરે ટ્રૉમ્બે ને સાલસેટના મોટા ટાપુ સાથે તેને જોડી દઇને તેનાં પરાંઓનો વિસ્તાર વધાર્યે જ જાય છે.

હાથના અંગૂઠા અને તર્જની આંગળી વડે રચાતા ચન્દ્રાકાર વળાંકવાળા એ ટાપુના દક્ષિણ છેડાના એ સુંદર ગાળામાં બૅક-બેનો છીછરો દરિયો સોડી રહે છે, અને એ વળાંકને કિનારેકિનારે ચન્દ્રાકારે મુંબાઇ પથરાઇને પડ્યું છે. નીચલો તર્જની આંગળી જેવો છેડો શેડકૂતાર પાતળો થતોથતો જ્યાં અટકે છે તે કોલાબા પૉઈન્ટ ઉપર દીવાદાંડી છે, અને એ આંગળી ઘાટના આખા કોલાબા વિસ્તાર પર લશ્કરી થાણું અને યુરોપિયન વસાહતો આવેલી છે. અંગૂઠાના ઘાટનો ઉપલો છેડો મલબારહિલ નામના ૨૦૦ ફૂટ ઊંચાઈના ખડક પ્રદેશનો બનેલો છે, જેના બંને બાજુના ઢોળાવ સહિત આખા વિસ્તાર પર મુંબાઇના લક્ષ્મીનંદનોના પ્રાસાદો છે, ને એ મલબાર પોઇન્ટને છેડે મુંબાઈના ગવર્નરનું રહેઠાણ છે.


પણ આથી યે અગત્યનો ભાગ તો આ ટાપુના પૂર્વકિનારા અને હિંદના ભૂમિભાગ વચ્ચે આવેલો મુંબાઇનો બંદરી દરિયો છે. દક્ષિણે કોલાબા પોઈન્ટ આગળ ૭ માઈલ પહોળા પ્રવેશદ્વારથી સાંકડો થતો થતો એ સાગરભાગ, ઉત્તરે થાણા આગળ એક સાંકડી પટ્ટી જેવો બની, સાલસેટને મથાળે ફરતો આંટો લઇ, ફરી પાછો વસઈ આગળ મુખ્ય દરિયાને મળી જાય છે.



મુંબાઇનો નકશો

કોઈ મહાકાય સરોવર જેવા સોહતા એ સાગરભાગની પશ્ચિમે મુંબાઇનો ડક્કા અને ગોદીઓથી ભરેલો માઇલો સુધી પથરાએલો બંદરી કિનારો છે અને પૂર્વે વનરાજી અને ઘાટના પહાડોથી છવાએલો નિસર્ગસમૃદ્ધ હિંદનો ભૂમિકિનારો છે; અને એ બે વચ્ચે ડેકા લેતા, નાના નાના ટાપુઓવાળા મુંબાઈના એ બંદરી સાગરનું દૃશ્ય, દુનિયાભરનાં દૃશ્યોમાં વિશિષ્ટ સુંદર ગણાય છે.

મુંબાઇનો ઇતિહાસ છેક ઈસુના સંવત્સરની શરૂઆત સુધી આંકળી શકાય. ત્યાંના અસલ વતની કોળીઓ અને માછીમારોની આરાધ્યદેવી મુમ્બા માતા



ચંદ્રાકાર 'બૅક બે'ને કિનારેકિનારે પથરાઇને પડેલા મુંબાઇનું મનોહર દૃશ્ય

(જે પાર્વતીનું એક સ્વરૂપ છે)ના નામ પરથી ઓળખાતું, અને ટૉલેમીએ જેને હેપ્ટેનિશિયા કહ્યું છે તે સાત ટાપુઓ પર વસેલું મુંબાઇ, પશ્ચિમ ઘાટ પર રાજ્ય કરી ગએલા શતવાહન, મૌર્ય, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ રાજવંશોની હકૂમતો તળે અનુક્રમે આવ્યા કર્યું હતું. એલિફન્ટા ટાપુ ઉપર પુરી નામનું શહેર તેનું મુખ્ય નગર હતું. ૧૨૯૪માં અલાઉદ્દીન ખિલજીએ દેવગિરિ પર કરેલા હલ્લા બાદ ત્યાંના એક વંશજ રાજા ભીમે મુંબાઇના ટાપુ પરનું મહીકાવતી (માહીમ) વસાવેલું. ૧૩૪૮માં ગુજરાતના મુસલમાનોએ જીતી લીધું ત્યાં સુધી મુંબાઇમાં હિંદુ હકૂમત રહી. ઈ. ૧૫૩૪માં સુલતાન બહાદુરશાહે તે પોર્ટુગીઝોને આપી દીધું. કુદરતે બક્ષેલી તેની સુંદર બંદરી રચના જોઈ અંગ્રેજોની આંખમાં તે ખૂંચેલું જ હતું, અને પોર્ટુગીઝો પાસેથી તે લઇ લેવા ૧૬૧૪-૧૫ અને ૧૬૨૬માં લડાઇઓ કરેલી. ૧૬૫૪માં ઇસ્ટ ઇંડિયા કંપનીએ ક્રૉમવેલને તે ખરીદી લેવા પણ આગ્રહ કરેલો, પણ કાંઈ બનેલું નહિ અંતે, ઇંગ્લંડની ગાદીએ આવેલા ચાર્લ્સ બીજા જોડે પોર્ટુગાલની કુંવરી કૅથેરાઈનનું લગ્ન થતાં તેના દાયજાના એક ભાગ તરીકે ૧૬૬૫માં તે ઇંગ્લંડને હાથ આવ્યું. ૧૬૬૮માં રાજાએ તે ઇસ્ટ ઇંડિયા કંપનીને આપ્યું અને કંપનીએ તેને સૂરત-કોઠીના હવાલા નીચે મૂક્યું.

હાલના મુંબાઈની વિકાસયોજનાનો મૂળ જશ, ૧૬૬૯માં સૂરતની કોઠીના અધિકારપદે આવેલા જિરાલ્ડ ઑન્જિયરને છે. તેણે કિનારા, બંદર ને ગામના રક્ષણને માટે પાકી કિલ્લેબંદી કરી ને ૧૬૭૨માં જાતે ત્યાં જઈ વસ્યો. પછી તો વસતિ ચોમેરથી ઉભરાવા લાગી અને ૧૦ હજારમાંથી ૬૦ હજારે પહોંચી.

ઇ. ૧૮૫૩માં એક બાજુ રેલવે નંખાઈ અને બીજી બાજુ થોડાં વરસ બાદ પશ્ચિમમાં સુએઝની નહેર ખુલ્લી મુકાઈ એથી જમીન તેમજ સમુદ્ર બંનેના વ્યવહારમાર્ગો ખુલ્લા થયા, અને ત્યારથી મુંબાઇ કૂદકે ને ભૂસકે પ્રગતિ કરવા લાગ્યું. એક વખત ચોર્યાસી બંદરના વાવટા ફરકાવતું અને અંગ્રેજી કોઠીનું મુખ્ય મથક સૂરત હવે તેની હરીફાઈ આગળ તૂટી ગયું. વચ્ચે ૧૮૬૬-૬૭માં રૂના ભાવ ગગડવાથી આવેલી આર્થિક કટોકટીએ મુંબાઇની આબાદીમાં થોડો વિક્ષેપ નાખ્યો, પણ ૧૮૯૧ સુધીમાં તો તે પાછું ફાલીફૂલી ઊઠ્યું. પછીના દસકામાં પ્લેગની મહામારીએ તેને વીંખી નાખ્યું. પણ ત્યારપછી તે બમણા જોરથી વિકસ્યું છે, અને ૧૯૨૦ પછી તો તેનો વિસ્તાર વધારવા બૅક બે અને પૂર્વ કોલાબા તરફ તો દરિયામાંથી બે માઈલ જેટલી જમીન રેકલેમેશન કરી ઉમેરવી પડી છે.

હિંદના પશ્ચિમ કિનારાના પ્રવેશદ્વાર સમા તેના ભૌગોલિક સ્થાને, કુદરતે બક્ષેલી ભવ્ય અને સુંદર બંદરી રચનાવાળા કિનારાએ, તથા ત્યાંના વતનીઓની સાહસબુદ્ધિએ દુનિયાનાં નગરોમાં મુંબાઇને આજે મોખરે મૂકી દીધું છે. વ્યાપાર અને ઉદ્યોગથી ધમધમી રહેલા એ નગરની લગભગ બાર



મુંબાઈ મ્યુનિસિપાલિટીનું મકાન

લાખની વસતિમાં પૂર્વ અને પશ્ચિમની પચરંગી પ્રજાઓનો વાસ છે, જેમાં ૬૮ ટકા હિંદુ, ૧૮ ટકા મુસલમાન, ૭ ટકા યુરોપિયનો, ૫ ટકા પારસીઓ, ઉપરાંત યહુદીઓ અને બીજા છે. એક લાખની તેની પારસી વસતિમાંથી તાતા, વાડિયા, પીટિટ અને જીજીભાઈ જેવા, સખાવતો અને સાહસોથી જગનામી બનેલા નબીરાઓ પાક્યા છે. હિંદના પશ્ચિમ કિનારે પથરાઇને પડેલા મોટા મુંબાઈ ઈલાકાનું એ રાજધાનીનું નગર, મુખ્ય ધારાસભાઓ, રાજકારોબારી કચેરીઓ, ન્યાયાલયો અને મોટી

નિવર્સિટી ધરાવે છે; અને કોટ વિસ્તારનાં એનાં આલીશાન મકાનો અને એના વ્યાપારવણજની ઘટમાળ ને ધમાચકડી તથા ભવ્યતા ને વિશાળતા સંસારનાં મોખરાનાં શહેરોની તોલે આવે એવાં છે.

પાંગળો ઉત્સાહ

૧૯૩૦ના સત્યાગ્રહસંગ્રામ વખતે એક ઉત્સાહી કાર્યકર્તા પ્રચારકાર્ય માટે મોડાસા જવા ઊપડ્યા. અમદાવાદથી પ્રાંતીજ રેલમાં તલોદ સ્ટેશને ઊતર્યા અને મોડાસા જતી મોટર બસમાં બેઠા. બેઠા પછી એમણે સહજ કુતૂહલથી પૂછપરછ કરી કે મોડાસા અહીંથી કેટલું દૂર? જવાબ મળ્યો: ત્રીસ માઇલ. અમદાવાદથી તેત્રીસ માઇલની ટ્રેનની મુસાફરી કરી થાકેલા (!) એ કાર્યકર્તાને થયું: 'આટલું બધું દૂર! કોણ જાણે મોટર ક્યારે પહોંચશે!' અને થઈ ચૂકેલી ભૂલ સુધારવા તેઓ મોટરમાંથી ઊતરી પડ્યા ને બેત્રણ કલાક સ્ટેશને થોભી પછી વળતી ગાડીમાં અમદાવાદ ભેગા થઈ ગયા! સગવડોની વળગણી પર ટકી રહેલો આપણો ઉત્સાહ કેવો પાંગળો છે એનું આ ઉદાહરણ છે. રાજદ્વારી જ નહિ, પણ તમામ ક્ષેત્રોમાં આ સ્થિતિ છે. —ર. સો.

લેખક

★ શ્રી અનંત કાણેકરનો હળવો નિબંધ

લેખક તરીકે મારી જાતને ધન્ય ગણવાનું મન મને કોઇ દિવસ થયું હોય તો તે ગઇ કાલે. કાલે હું મારા એક મિત્રને ઘેર ગયો ત્યારે એ મિત્રની પત્ની ખૂબ જ ગુસ્સે થઇને મને કહેવા લાગી: 'તમે આ ગમે તેવું અર્થવગરનું શું લખી નાખો છો?'

'શું?' મેં પૂછ્યું.

'પેલું વ્યવસ્થિત રહેવાની ઘેલછા વિષે તમે કંઇક લખ્યું'તું ને?'

'તો એમાં શું થઇ ગયું, ભાભી?' મેં હસતાં કહ્યું.

'શું થઇ ગયું? અમારી બેબીએ તમારો એ લેખ વાંચ્યો ત્યારથી કમાલ કરવા માંડી છે. એક વસ્તુ એની જગ્યાએ મૂકે તો એના જ સમ! નિશાળેથી આવે એટલે ચોપડીઓ એક તરફ ઉડાવી દેશે, તો કપડાં બીજા ખૂણામાં ફેંકી દેશે. આમ જાણે ધમાલ કરી મૂકે છે; અને કંઇક બોલવા જઇએ તો કહેશે,' ''પેલા લેખમાં જુઓ, શું છાપ્યું છે તે. લોકો કંઇ અમસ્થા જ એવું છાપતા હશે?'

ભાભીના શબ્દો સાંભળી મારો આનંદ તો જાણે આકાશમાં ય ન સમાય એટલો વધ્યો. આવી નિષ્ઠાવાળી શિષ્યા મળેલી જોઈ કોને હરખ ન થાય?!

ખરેખર, છાપેલા શબ્દોની મહત્તા કંઇ ઓર જ હોય છે! એ બેબીની વાત જવા દો ને. મોટાં ને વૃદ્ધ માણસો પણ છાપેલા વાક્યને પ્રમાણ તરીકે સ્વીકારે છે. અમારા ગણુકાકાના દેવોના ખ્યાલ રાજા રવિવર્માનાં ચિત્રો પરથી જ બંધાયા છે. પણ એ વિષે જો તમે એમની જોડે વાદવિવાદ કરવા જશો, તો કાકા તમારું કહેવું કોઇ દિવસ નહિ માને, એટલું જ નહિ પણ તમને જ ગાંડામાં ગણી કાઢશે! પણ મેં એમની એ માન્યતાનો પૂરો લાભ ઉઠાવ્યો છે. જ્યારે પહેલી જ વાર મેં મૂછો મૂંડાવી ત્યારે કાકાનો પિત્તો શું ઊછળ્યો હતો!

'આ શું! ભાયડા જેવા ભાયડા થઇને આવા બૈરાંને શોભે એવા ચાળા?'

'નહિ કાકા, એવું ન બોલશો.' મેં કહ્યું: 'તમારા દેવોમાં મૂછાળા કેટલા એ જુએ જોઇએ. જુઓ રવિવર્માના રામ અથવા કૃષ્ણનું ચિત્ર. એમને તમે શું સ્ત્રૈણ કહેશો?'

ગણુકાકાને ગળે મારી આ વાત ઊતરી કે નહિ તે તો કોણ જાણે! પણ તે પછી કાકા કદી મારી સાથે એ વિષે માથાઝીક કરવા આવ્યા નથી!

બેબીની વાત ગણુકાકાને સંભળાવી હું જ્યારે છાપેલા શબ્દનું મહત્ત્વ ગાવા માંડ્યો, ત્યારે તેઓ તો તદ્દન અસ્વસ્થ થઇ ગયા. 'બહુ સારું;' તેમણે કહ્યું: 'હવે મારે પણ લેખો લખી છપાવવા માંડવા પડશે. તું કેટલાક માસિકોવાળાને તો ઓળખે છે ને? તો મારા લેખો છપાવી આપતો હોય તો કેવું સારું?'

'પણ કાકા, તમે તે શું લખવાના હતા?' મેં કહ્યું.

'શું એટલે! લાખ્ખો વિષયો છે: દેવનું ભજન કરવાથી થતા લાભ, પૈસો કેમ સંઘરવો, આ જગત તો માયા છે, વગેરે કેટલા બધા વિષય છે!'

કાકાએ ગણાવેલા વિષયો સાંભળી મને હસવાનું તો ઘણું યે મન થયું. પણ કાકાને હસવાની કંઈ જરૂર? 'લેખક', 'લેખક' કરીને પોતાને વર્ણવતા કેટલા યે લોકો વાસી અને રસવગરના વિચારો મોહક અને મંજુલ ભાષામાં લોકોને ક્યાં નથી આપતા?

લોકોના નેતા અને લોકોનું મનરંજન કરનારા એવા જો લેખકોના વિભાગ કલ્પીએ તો ઉપર વર્ણવેલા લેખકો બીજા વિભાગના હોઇ શકે.

હવે બેબીનો દાખલો લો કે ગણુકાકાનો. છાપેલા શબ્દોમાં લોકોને આટલો બધો વિશ્વાસ હોય છે એનો અર્થ એટલો જ કે ખરા લેખક તરફથી લોકો નેતૃત્વની અપેક્ષા રાખે છે, ખુશમસ્કરીની નહિ. તેથી જ પોતાની કલા સાથે ઇમાનથી વર્તતો કોઇ પણ લેખક, આગળ કાગળ પડ્યા છે ને હાથમાં પેન છે એટલા જ કારણસર લખવા નહિ માંડે. મારા એક પ્રિય ગ્રંથકારના શબ્દો મને આ વખતે સાંભરે છે. એનું એક નાનું પુસ્તક ઘણું જ લોકપ્રિય થયું અને લોકોએ એના પર અભિનંદનનો જાણે વરસાદ વરસાવ્યો. એ અભિનંદનોથી કંટાળી જઇને એ ચૂપ બેસી રહ્યો હતો, ત્યાં એનો એક ભક્ત આવી એનાં વખાણ કરવા માંડ્યો: 'કેવી સરસ ચોપડી લખી છે તમે! કેવું સુંદર લખો છો તમે!'

'એમ?' માથું ઊંચું કરી શાંતિપૂર્વક એણે કહ્યું, 'મારાં પુસ્તકો હું શાહીથી લખતો નથી. મારો દરેક શબ્દ હું મારા હૃદયના લોહીથી લખું છું.'

ખરેખર, લખવાનો ધંધો કરતો માણસ અને કળાશાળી લેખક એ બેમાં ફેર એટલો જ કે એક પોતાનું લખાણ શાહીથી લખે છે અને બીજો લોહીથી.

(મૂળ મરાઠી ઉપરથી) વસન્ત જોષી

૩ ભૂતકાળની શોધમાં


રૂપેણને ઓળંગી સામે કાંઠે આવતાં મને નિસર્ગદેવીએ પોતાનું વસ્ત્રપરિધાન બદલેલું દેખાયું. ઉઘાડા મેદાનને મૂકી હવે પીલુડીની નાની વનરાજિમાં મેં પ્રવેશ કર્યો. પ્રાચીન કાળમાં આ વનો ખૂબ ગીચ રહ્યાં હશે. સોલંકીઓના સુવર્ણકાળના અસ્ત સાથે જ કચ્છના નાના રણનો અખાત સંપૂર્ણ સુકાયો અને પશ્ચિમ દિશાએથી ખારો ભેજ લઈ ગરમાગરમ પવન ફુંકાવો શરૂ થયો. રૂપેણનાં નિર્મળ નીર સુકાયાં, સુકાએલાં ખારાં બન્યાં અને જોતજોતાંમાં વર્ધીપથક (વઢિયાર)ની વનશ્રી આજના જેવી ફીંગરાએલી અને કંગાળ બની રહી. એ છતાં એ નાની વનઘટા તેના પ્રમાણમાં આજે પણ સમૃદ્ધ જણાતી હતી.

વીસ માઈલ જેટલો પૃથ્વીનો પટ પગ વડે મેં પાછળ હડસેલી દીધો હતો; પણ થાક લાગવાને બદલે, લાંબા સમયથી જેને જોવા તલસતો હતો તે ઉન્નતમુખા પંચાસરપુરીને દૂરથી નિહાળી મારા પગ વધુ ને વધુ વેગ પકડતા જતા હતા. જરા આગળ ચાલતાં વનઘટામાં પથ્થરના સ્તંભ જેવું કશુંક જણાવાથી આપોઆપ મારી ગતિને બ્રેક લાગી ગઈ અને હું એ સ્થળે જઈ ઊભો રહ્યો. લાલ પથ્થરનો એક પાળીઓ, જાણે ધગધગતા બપોરમાંથી ત્રાણ પામવા વૃક્ષઘટામાં સંતાઈ રહ્યો હોય તેમ, ઊભેલો દેખાયો. તેના અક્ષરમરોડમાં અગાઉ કદી નહિ જોએલી એવી પુરાતનપણાની છાપ નિહાળી, એટલે પંચાસર-પ્રસ્થાનને ઘડીક ભૂલી જઈ સદીઓથી કંઈક સંદેશ લઈને ઊભેલી આ ખાંભી જોડે વાતો કરવા હું પલાંઠી વાળીને તેની સામે બેસી ગયો.

ગુજરાતના ગામેગામમાં પાળીઆઓના પુંજેપુંજ નજરે પડે છે. હાલનાં ગુર્જર ગ્રામોમાં ને મુખ્યત્વે ઉત્તર ગુજરાતમાં મહારાજ, મોદી, કે તલાટી સિવાય બીજા લોકોમાં ભાગ્યે જ કોઈ ભણેલ મળી આવે છે; ત્યારે શું આ ત્રણ જ માનવીઓને વાંચવા માટે આ પાળીઆ ઉપર લાંબાલાંબા લેખો કોતરવામાં આવ્યા હશે? સામાન્ય બુદ્ધિ એ વાત નકારે છે ને સૂચવે છે કે પ્રાચીન કાળમાં આપણાં ગામડાંઓમાં ભણેલાઓનું પ્રમાણ આજના કરતાં 'ઘણું વધારે' નહિ તો 'વધારે' તો અવશ્ય રહ્યું હશે.

જે વિવિધ જ્ઞાન સુલભ બને છે તેમાં આ હપતો એક નવો પ્રકાર ઉમેરે છેઃ શિલાલેખોના પથ્થરો. અને પછી એ પથ્થરોના પ્રકાર, તેની રચના, આપણે ત્યાં થતી તેની જાતો વગેરેની રસમય માહિતી આપે છે.

આ પાળીઆનો પથ્થર લાલ હતો,—અમનગર (હિંમતનગર) તરફ નીકળે છે તેવો. વઢિયાર અને પાટણવાડામાં બધે કાળા પથ્થર–grey sandstone–ના જ પાળીઆ જોએલા. લાલ અડદિયા–red granite–નાં દર્શન પહેલવહેલાં પંચાસરને આંગણે જ થયાં. અડદિયો પથ્થર, પછી તે ગમે તે રંગનો હોય, પણ ઘણો કઠણ હોય છે અને શિલાલેખો માટે મુખ્યત્વે એ જ વપરાય છે; પણ પાળીઆ જેવાં સાધારણ સ્મારકોના લેખો માટે ગરીબ ગ્રામજનો અડદિયો ક્યાં ખોળવા જાય? એટલે નજીકમાં જે પથ્થર મળી રહે તેનો જ ઉપયોગ કરે છે. ગુજરાતમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનો પથ્થર થાય છે. અરવલ્લી, આરાસુર અને પંચમહાલના ડુંગરો ગ્રેનાઈટના છે, એટલે એ વિસ્તારોમાં એ જ પ્રકારનો પથ્થર મળે છે. એ ઘણો જ સખત હોય છે, એટલે કોતરકામ માટે જૂજબાજ વપરાય છે. કાઠિયાવાડ અને દક્ષિણ ગુજરાતના પર્વતો trap પ્રકારના ખડકના બનેલા છે, એટલે એ પ્રદેશોમાં કાળો પથ્થર જ મળે છે; એ basalt પણ કહેવાય છે. ગિરનારનો ખડકલેખ એના ઉપર જ કોતરાએલો છે. એ gra-




પંચાસર આગળ મળેલા બે શિલાલેખોમાંનો એક

nite કરતાં ઓછો કઠણ હોય છે. આબુનો આરસ-પહાણ એ ઉષ્ણતા અને દબાણથી પાસાદારના રૂપમાં ફેરવાઈ ગએલો ચૂનાનો પથ્થર–limestone–છે. એ નથી ઘણો કઠણ કે નથી ઘણો નરમ, વળી તે કણીવગરનો–grainless–અને સુંદર રંગોનો મળતો હોવાથી બારીક કોતરકામ અને મૂર્તિઓ માટે સર્વશ્રેષ્ઠ લેખાય છે. સલાટો ધોળા આરસને વિવિધ ક્રિયાઓ વડે તપાવી તેને કેટલા યે પ્રકારના રંગોમાં ફેરવી નાખે છે. આબુ પર્વત આખો એનો જ બનેલો છે અને તેની તળેટીમાં આવેલી ચંદ્રાવતી નગરી આખી આરસની હતી તેનું કારણ એ જ હતું.

દરિયાની રેતીનો એક એક કણ એટલે એક એક અતિ નાનું શંખલું. દરિયામાં વસતા સૂક્ષ્મ જલચરો અહર્નિશ એ શંખલાઓને બનાવ્યા જ કરે છે અને મોજાં તેમના ઢગેઢગ નિરંતર કાંઠા ઉપર ફેંક્યા જ કરે છે. આ તે આપણી દરિયાની રેતી! કાંઠા ઉપર હમેશાં તેના નવા ઢગો ખડકાતા હોવાથી જૂના ઢગો વધુ ને વધુ નીચે ઊતરતા જાય છે અને ઉપરના ઢગોના અસહ્ય ભાર તળે કચડાઇ કાળાંતરે આ રેતી એકરસ થઇ પથ્થરનો આકાર લે છે. કાઠિયાવાડને સાગરકાંઠે આવી રીતે બંધાએલો તે જ આપણો ધ્રાંગધ્રા અને પોરબંદરનો પથ્થર. બંને વચ્ચે ફેર એટલો જ છે કે પહેલો વધુ પ્રાચીન હોવાથી વધારે કઠણ અને બીજો તેના કરતાં ઓછો કઠણ. કાઠિયાવાડ અને કચ્છને દરિયાકાંઠે એના જ પાળીઆ મળી આવે છે. પણ એ પથ્થર નરમ હોવાથી તેના ઉપર કોતરેલા અક્ષરો હજાર વર્ષ ઉપરાંત ટકતા નથી. ઈ.સ. ૩૧૦નો દ્વારકા પાસે મૂળવાસરમાં મળી આવેલો પાળીઓ (એ ગુજરાતનો જૂનામાં જૂનો પાળીઓ છે) જો હજારેક વર્ષ પૂર્વે ત્યાંના તળાવમાં ન દટાઇ ગયો હોત તો આજે આપણા માટે તેનું લખાણ રહેવા પામ્યું ન હોત.

આ પંચાસરનો પાળીઓ અડદિયા–granite–નો હોવાથી ઘણો કઠણ હોવા છતાં તેના અક્ષરો સહેજે વંચાય તેવા ન હતા; તેમની લીટીઓની કોરો ખરી ખરીને તેમાંના અક્ષરો કેટલાક તો ન ઓળખાય તેવા કદરૂપા થઈ ગયા હતા. ગરમ પ્રદેશોમાં દિવસે ઘણો તાપ પડતો હોવાથી પથ્થરનો પદાર્થ અમુક અંશે ફૂલે છે અને પછી રાતે એકદમ ઠંડી પડવાથી તે નજીવા



પંચાસર આગળ મળેલો બીજો શિલાલેખ

પ્રમાણમાં સંકોચાય છે, એટલે આ ક્રિયાને પરિણામે તેની–તે પથ્થરની સખ્તાઈના પ્રમાણમાં ઓછીવત્તી–સપાટી પરની કણીઓ છૂટી પડી જાય છે અને હવા તેમને ઉડાડી મૂકે છે. આમ કેટલાં યે વર્ષોને અંતે એક સારી અને સુંદર પથ્થરની ઇમારત ખવાઇ ગએલી દેખાવા લાગે છે; પણ અંદરના ભાગમાં છાંયડાને લઇ ગરમી–ઠંડી અધિકાંશે સમ પ્રમાણમાં રહેતી હોવાથી આ ક્રિયા કઠણ પથ્થરોમાં થતી નથી. આબુ પરનાં મંદિરો બહારથી ખવાઇ ગએલાં ને કદરૂપાં જણાય છે અને તેમની અંદરનું કોતરકામ હતું તેવું ને તેવું રહ્યું છે તેનું કારણ પણ એ જ છે.

આ પાળીઆની નજીક એક બીજો પાળીઓ પણ મને મળી આવ્યો. એ બંનેનાં લખાણોની અનુકૃતિઓ અહીં આપી છે. બંને પાળીઆઓના સંવતો અખંડ રહ્યા નથી. એકના ઉપર 'સોળ' વંચાય છે અને તેને જો 'સોળસો' માની લઇએ તો પાળીઆ ઉપરની લિપિ શંકાને કારણ આપે છે; કેમકે એ સૈકાના એક પણ પાળીઆ ઉપર આવા પ્રાચીન મરોડની લિપિ મેં ક્યાંય જોઈ નથી. એની લિપિના કેટલા ય અક્ષરો દસમા સૈકાની આસપાસના જણાય છે. બીજા પાળીઆ ઉપર ૦૮૬ વંચાય છે અને હજારનો આંકડો કે જે એકનો હોવો જોઇએ તે નાશ પામ્યો છે. એટલે આ પાળીઓ નિર્વિવાદે વિક્રમ સંવત્ ૧૦૮૬ (ઇ.સ. ૧૦૩૬)નો સિદ્ધ થાય છે. બંને પાળીઆઓના ઘણાખરા અક્ષરો ખંડિત થએલા હોવાથી આખા લેખનું લખાણ અને તેનો ભાવાર્થ બેસાડી શકાય તેમ નથી. માત્ર એ બંનેમાં 'પચાસણ' એ એક જ નામ સ્પષ્ટ વંચાય છે. શક્ય છે કે એ 'પંચાસણ' રહ્યું હોય, કારણ લેખમાં અનુસ્વારો રહેવા પામ્યા નથી. પંચાસર નામની ઉત્પત્તિ

વિષે પ્રબંધોમાં કશું જણાવ્યું નથી. ત્યાંના લોકો કહે છે કે આ શહેરને પાંચ તળાવો હતાં. (હજી પણ એ પાંચે અવશેષ રૂપે છે. એટલે જ તેનું નામ 'પંચાસર' પડેલું. આ વાત સાચી લાગે છે. અને ઉત્તર ગુજરાતમાં 'સણ' પ્રત્યય ધરાવતાં ઘણાં ગામો હોવાથી (દા.ત. ચંદ્રાસણ, વનાસણ, ખુદ્રોસણ, સુભાસણ, નગરાસણ ઇત્યાદિ) લોકસમાજ પંચાસરને પંચાસણ કહેવા લાગ્યો હોય ને એથી જ પાળીઆ ઉપર પંચાસણ નામ લખાયું હોય તો એ શક્ય છે; પણ હાલ તેને 'પંચાસણ' કહેનાર મને કોઇ મળ્યું નથી.

પાળીઆના સ્થળને મૂકી હું આગળ વધ્યો. પંચાસર દોઢેક માઇલ છેટું રહ્યું હતું. વનરાજિનો અંત આવ્યો હતો. હવે ડાબી બાજુએ સરાણ અને જમણી બાજુ પ્રાચીન તળાવોનાં તળિયાં દેખાવા લાગ્યાં. પંચાસરવાસીઓ પાદરમાં હરતાફરતા દેખાતા હતા. માથે સહેજ કાઠિયાવાડીપણું ધરાવતી પાઘડીઓ, કફનીના જેવું પહેરણ, સુરવાળ ઇજાર કે જેવા કોઇની યે નાતમાં ભળે નહિ તેવા વિચિત્ર પ્રકારના ચોરણા, અને જોડા પણ મેં અગાઉ ક્યાં યે જોએલા નહિ તેવા ઘાટના, ભાષાનો લહેકો કંઈક જુદો જ, મુખાકૃતિ અને ઉભે વઢિયારનાં સૌજન્ય અને મીઠાશની ઊણપ,—આ બધું જોઇ એમ લાગ્યું કે વઢિયારની દુનિયા રૂપેણની પેલી બાજુએ જ રહી ગઇ. આ તો કોઇ જુદો જ પ્રદેશ શરૂ થયો છે.

જયશિખરીની પાટનગરી પંચાસરમાં મેં પ્રવેશ કર્યો. પહેલાં ઉતારાની જોગવાઈ કરવાની હતી, એટલે લોટેશ્વરના મહંતે જે પરશોતમપુરીનું ઠેકાણું બતાવેલું ત્યાં પહોંચ્યા. મારા મજૂરે ત્યાંના મહંતને બૂમો મારી. અંદરથી એક માણસ બહાર નીકળ્યો. એ પોતે જ પરશોતમપુરીના મહંત હતા. મેં લોટેશ્વરના મહંતનો સંદેશો તેમને આપ્યો. ઉત્તરમાં તેમણે જણાવ્યું કે 'અહીં ઊતરવાનું થાય તેમ નથી. પરદેશી માણસનો શો વિશ્વાસ! કોઈ બીજી જગ્યા શોધી લો!' અહીંના માનસનો આ પહેલો અનુભવ થયો. રસ્તામાં ઊભેલા એક માણસે જણાવ્યું કે રામમંદિરે જાઓ, એટલે મજૂર એ બાજુએ મને દોરતો ચાલ્યો.

વનરાજના વડવાઓની આ પુરીની શેરીઓ વટાવતા અમે બંને ચાલ્યા જતા હતા, ત્યાં તો કોણ જાણે ક્યા ખૂણેથી ખાસ્સી મોગલાઈ દાઢીવાળો એક પોલીસ અમારી સાથે થયો. એને જોઇ મને વાઘેલના અનુભવો સાંભરી આવ્યા. વાઘેલાઓની જન્મભૂમિના અનુભવો ચાપોત્કટોની આદિપુરીમાં ફરી મૂર્ત રૂપ લે એવી દહેશત ઊભી થઈ. પોલીસ મને નીરખીનીરખીને જોતો ચાલતો હતો અને તેની મુખમુદ્રા એવી જણાતી હતી કે જાણે એ ચોક્કસ મને પોલીસ ચોકીએ જ લઈ જઈ બેસાડવાનો! આ નવી આફતમાંથી ઉગારવા મેં ભગવાનને પ્રાર્થવા માંડ્યા!

અંતે અમે રામમંદિરના ડેલામાં પેઠા. ઓટલા ઉપર ચારપાંચ જણ કાલાં ફોલી રહ્યા હતા. બધાએ ઊભા થઈ ઝૂકીને મને સલામ ભરી અને તુરત ખાટલો ઢાળી 'પધારો સાહેબ' કહી મને વધાવ્યો. હું બેઠો ન બેઠો ત્યાં તો ઠંડું પાણી આવી ગયું. મજૂર પાસેથી એક માણસે મારો સામાન લઇ સંભાળપૂર્વક ઓસરીમાં ગોઠવી દીધો. આ અણધાર્યો માનપૂર્વકનો સત્કાર જોઇ હું તો ડઘાઈ જ ગયો ને આ બધું શું, એ વિચારું છું ત્યાં તો પોલીસ પણ સામે આવીને બોલ્યો: 'સાબ, ચાપાણી અભી હોવે?'

આ પોલીસ, જે હું ધારતો હતો કે મને કાં પોલીસચોકીએ લઈ જશે ને કાં તો ગામમાં નહિ ટકવા દે તે આવું પૂછે એટલે શું? પાછળ કાંઇ રમતગમત તો નથી ને? મારું આશ્ચર્ય પરાકાષ્ટાએ પહોંચ્યું. જે હોય તે ખરૂં. મારે એના પ્રશ્નનો સામાન્ય ઉત્તર તો આપવો રહ્યો.

'ના; અભી તો નહિ; કલાક પીછુ હોની.' મેં પણ હિંમતમાં આવી જરા વટથી જવાબ આપ્યો.

'અચ્છા સાબ, ઇતની દેર મેં મય દૂધ લે કે આતા હું.'

પોલીસ દૂધ લેવા ગયો અને બીજા લોકો ચા વગેરેની તૈયારી માટે મંદિરની બાજુના મકાનમાં જતા રહ્યા. હવે મારે મજૂરને રજા આપવાની હતી. તેને બોલાવી પહેલાં તો આ રહસ્યની વાત પૂછી. તેણે હસીને ધીમેથી કહ્યું કે 'બોલશો નહિ, ઘણું સારૂં થયું. આ પોલીસ હમણાં જ નવો આવ્યો છે ને મુસાફરોને ખૂબ હેરાન કરે છે. આપની પાછળ પણ એટલા માટે જ લાગેલો તે હું મનમાં સમજી ગયો હતો. પણ તમે કોટ પાટલુન પહેરેલાં છે, એટલે રસ્તામાં કાંઇ બોલી શક્યો નહિ, અને તમે કોને ઘેર જાઓ છો એ જોવા પાછળ પાછળ આવ્યો. અહીં મંદિરનાં માણસોને ભ્રમ થયો કે પોલીસ તમારી તહેનાતમાં છે, એટલે તમે અમલદાર હશો એમ માની ઝૂકીઝૂકીને સલામો ભરી. એ આ

પોલીસે જોયું, અને એ નવો હોવાથી, તમને મંદિરવાળાઓ તરફથી આવો સત્કાર મળેલો જોઇ જરૂર આ કોઇ અમલદાર હશે એમ સમજી તમારા માટે ચાપાણી અને બીજી પરોણાગતની વ્યવસ્થામાં પડી ગયો છે!"

મેં છુટકારાનો દમ ખેંચ્યો. ખુશ થઇ મજૂરને બે આના વધુ આપી મેં વિદાય કર્યો. **અમૃતલાલ વ. પંડ્યા**

જીવી જાણનારા]૧૬[જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

બે માનો દિકરો

ઍટલૅંટિક મહાસાગરમાં ક્યૂબા નામે બેટ છે, ત્યાં સ્પૅન્યર્ડનું રાજ હતું. પણ એ લોકો ક્યૂબન ઉપર જુલમ કરતા, એટલે ક્યૂબને ૧૮૯૮માં બળવો કર્યો તથા યુનાઇટેડ સ્ટેઇટ્સે ક્યૂબનનો પક્ષ લીધો. તેથી સ્પેઇનમાંથી વધારે સૈનિકને ક્યૂબા મોકલવાની જરૂર પડી.

લડાઇમાં કોણ જાય ને કોણ નહિ તે નક્કી કરવા ચિઠ્ઠી નાખતા. જેની ચિઠ્ઠીમાં મોટો આંકડો આવે તે સ્પેઇન રહે, અને બીજા લશ્કરમાં જાય એમ ઠર્યું.

એક જુવાન સ્પૅન્યર્ડની ચિઠ્ઠીમાં મોટી રકમ આવી એટલે એ ભરતી દફતરમાંથી હરખાતોહરખાતો બહાર નિકળ્યો ત્યાં એના એક મિત્રની મા રોતીરોતી એને મળી.

'કાં મા, કેમ મૂંઝાઓ છો?' જુવાને પ્રશ્ન કર્યો.

'મારા દિકરાને ક્યૂબા જવાની ચિઠ્ઠી આવી છે. એને છોડાવવો હોય તો બસો ડૉલર મારે આપવા પડે તે હું ક્યાંથી કાઢું? એટલે મારા તો બારે વહાણ જાણે બૂડયાં.'

જુવાન વિચારમાં પડ્યો, એનાં માબાપ મરી ગયાં હતાં, એટલે પોતાને કાંઈ થાય કરે તો કોઇને પાછળથી શોક કરવો કે નિરાધાર બનવું પડે એમ નહોતું. એટલે એ બોલ્યો: 'તમે રુઓ મા. હું તમારા દિકરાને સાટે ક્યૂબા જાઇશ.'

'ના, ના. એ તમારું સૌજન્ય છે, પણ એનો કેમ મારાથી લાભ લેવાય? તમે ક્યૂબા જઇને મરો તે મારે ન ખપે.'

પણ ગમે તેમ તો ય માનો જીવ છે ને? પોતાનો દિકરો ઘેર રહે ને એનો મિત્ર ક્યૂબા જાય એમ છેવટ ઠર્યું. દિકરા વતિ જીવ આપવા નિકળેલા જુવાનને ભેટ આપવા સારુ માએ ઘેરઘેરથી પાઇપૈસો ઉઘરાવીને સોળ ડૉલર ભેગા કર્યા, તે તેણે પોતાનાં આંસુ સહિત એને ચરણે ધર્યા.

બીજી એક બાઇને કાને આ વાત આવી. એના દિકરાને પણ ક્યૂબા જવાની ચિઠ્ઠી આવી હતી અને એ પણ પુત્રવિયોગની કલ્પનાથી વ્યાકુળ હતી. એટલે એ નવા સૈનિક આગળ ગઈ તથા બોલી:

'હું જાણું છું કે તમે ભલા છો. અમારા પાડોસીના દિકરાને ઠેકાણે તમે જાઓ છો એમ મેં સાંભળ્યું છે. તો મારા દિકરા વતિ પણ તમે જાઓ તો?'

'જુઓ, બાઈ. હું એક માણસ રહ્યો, એટલે બેને ઠેકાણે કેમ કરીને જાઉં? પણ મારી આગળ આ સોળ ડૉલર છે તે લઈ જાઓ ને એટલા પૈસામાં તમારા દિકરા વતિ ક્યૂબા આવનાર કોઈ નિકળે તો જુઓ.'

બાઈ પૈસા લઈ ગઈ, ને સોળ ડૉલર સારુ ક્યૂબા જવા એક ગરીબ માણસ તૈયાર પણ થઈ ગયો એને મોકલીને તેણે પોતાના દિકરા ઉપર આવેલી વાત ટાળી.

સ્પેનની માઠી દશા બેઠી હતી, એટલે એની હાર થઈ તથા ક્યૂબામાંથી એનો પગ નિકળી ગયો. પણ તે પહેલાં લગભગ ૮૦,૦૦૦ સ્પૅન્યર્ડ ક્યૂબામાં મોટે ભાગે તાવથી મરી ગયા.

એક દિવસે ગ્રાનાડાને સ્ટેશને મોટું ટોળું મળ્યું હતું, કેમ કે સૈનિક તે દી પરદેશથી ઘેર આવવાના હતા. એ ટોળામાં બે માતા પણ હતી, જે પોતાના પુત્રોને જીવિતદાન દેનારા તરુણને વધાવવા આવી હતી.

નિસ્તેજ તથા લઘરવઘરિયા સૈનિક ગાડીએથી ઉતર્યા.

'ક્યાં એ? ઓલા આવે છે એ તો નહિ? ના ના ક્યાં હશે? કાંઈ કળાતા તો નથી.'

પણ ક્યાંથી કળાય? કોણ જાણે કેટલા માસ પહેલાં એ જુવાનનો દેહ ક્યૂબામાં પડી ગયો હતો, અને ક્યૂબાની માટીને પાવન કરતો તદ્રૂપ તદાકાર થઇ ગયો હતો.

(ગોલ્ડના અંગ્રેજી ઉપરથી) **દે. વા.**

જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ ૨૦મું

શ્રી સૂર઼્ાઈ

નિત્ય નિયમ પ્રમાણે એક દિવસ બપોરે ફીનિક્સના છાપખાનામાં તૈયાર થએલી ટપાલને ટિકીટો લગાડવાના કામમાં હું ગુંથાયો હતો. દૂરદૂરના હડતાલિયાઓ મોટી સંખ્યામાં આવી ચૂકયા હતા અને બહુ નવા આવનારા હવે ન હતા. એમના સ્વાગતનું કામ કંઈક હળવું પડયું હતું, એટલે બહારની ધાંધલ તરફ મારા મનમાં બેપરવાઇ હતી. એટલામાં છાપખાનાના મધ્ય ભાગમાં છોટમનો તીક્ષ્ણ સ્વર સંભળાયો: 'મગનલાલ કાકા! એ મગનલાલ કાકા! આપણા ઘર આગળ એક માણસ આવ્યો છે. એ પૂરૂં ચાલી યે નથી શકતો. એનો એક હાથ અક્કડ રહી ગયો છે. એની બાયડી એને ઝાલીને ચલાવે છે અને થોડીથોડી વારે એ રોઇ પડે છે. એ માણસનું મોઢું બહુ ખરાબ છે.' છોટમના બીજા બાળસાથીઓએ પણ ટેકો આપ્યો: 'અમે એને પૂછયું, પણ કંઈ સમજાતું જ નથી. એની બાયડી સાવ રડતાંરડતાં જ બોલે છે. એ માણસ જેમ ચાલી નથી શકતો તેમ બોલી પણ નથી શકતો. એ ઘેર આવીને બેઠો છે. અમે એને બીજા બધા હડતાલિયાઓ સાથે જઈ બેસવા કહ્યું તો એ ઊઠતો જ નથી. શેઠને મળવું છે એટલું ફરીફરી કહે છે.'

છોટમ વગેરેની વાત સાંભળી લઈ મગનકાકાએ છોકરાઓને એની મશ્કરી ન કરવાનું સૂચવ્યું અને એને સારી જગ્યાએ બેસાડવાનું કહી એમને પાછા મોકલી દીધા. સાંજે છાપખાનાનું કામ પતાવીને તુરત અમે બધા એ માણસ પાસે પહોંચ્યા. મગનકાકાએ એને પૂછપરછ કરવા માંડી ત્યારે દેવદાસકાકા અને અમે બાળકો એને ઘેરી વળ્યા. મહામહેનતે થરથરતે અવાજે એ માણસે પોતાનું નામ ઉચ્ચાર્યું: 'સૂર઼્ાઇ,' અને પછી એ કંઇ વધુ બોલ્યો જ નહિ. સફાળો મગનકાકાના પગ પાસે આવી ઊભો, પોતાનું ફાટેલું પહેરણ પીઠ પરથી ખેંચી લઇ વાંકો નમ્યો અને બોલ્યો: 'દેખો મહારાજ.'

અમારી બધાની આંખ ફાટી રહી. આખા બરડા પર આંગળઆંગળને છેટે ચામડીમાં ગોળ-લાંબા- સહેજ ત્રાંસા પટ્ટા પડયા હતા. દાઝવાથી ઊપડી આવેલા ફોલ્લા સમા એ દેખાતા હતા. વચ્ચેવચ્ચે અનેક જગ્યાએ ચામડી ચિરાઇ ગઈ હતી અને માંસના લાલ લોચા નજરે પડતા હતા.

'યહ કયા હુવા?' મગનકાકાએ પૂછયું.

'સા'બને શૅંબક મારા હૈ.' સૂર઼્ાઇએ જવાબ આપ્યો. ગેંડાના ચામડાના કોરડાને-હંટરને- ત્યાં શૅંબક કહેતા.

'ઇતના બહોત મારા?'

'વહ તો ઔર મારતા, હમારે લોગ બીચમેં ન આયે હોતે તો.'

સૂર઼્ાઈ ઝાઝું બોલ્યો નહિ. એણે તો માર ખાધો ને મૂંગે મોઢે જ સહન કર્યો. અમને જોનારને એની પીઠ જોઈ જે ઉકળાટ થયો હતો એ એના વાકયમાં ન હતો. એની વાતમાં એવી ટાઢક હતી અને ચહેરા



શ્રી સૂર઼્ાઈ, પત્ની અને બાળક

પરથી એવો ભાવ નીતરતો હતો કે 'એ મારનાર ઘાતકી લોકો છે. તેમણે આવું કર્યું એમાં નવાઈ શી!' છેવટે એ એટલું જ બોલ્યો: 'ઉસને મારા ઉસમેં કુછ નહિ; લેકિન દૂસરે કોઇ હાથ ન આવે તો મુઝ બીમાર કો પીટા; ઇસમે કૌનસી બહાદુરી થી?'

પણ સુર્ઝાઇની સ્ત્રીમાં સુર્ઝાઈની સહનશીલતા ને ઠંડક ક્યાંથી હોય! એને પોતાને માર પડયો હોત તો કદાચ એને એટલું ન લાગત; પણ પોતાના પતિની એ દશા એનાથી શી રીતે જોઈ જાય? એ ખૂબ રોતી ને કકળતી રહી. જાણે એના હૈયાના બે ટુકડા થઇ જતા હતા. એ ફરીફરીને સિદ્ધ કરવા મથતી હતી કે વગર વાંકે આ માર પડયો છે. એ કહે: 'મારા પતિનો આમાં કંઇ દોષ ન હતો. એ મુદ્દલ સામે થયો ન હતો. માંદગીને લીધે એ ત્રણચાર દિવસથી કામે ચડી શક્યો ન હતો. એ ભાગી શક્યો હોત તો આ માર ન પડત.'

એ બાઈનો વલોપાત અને સુર્ઝાઇની પીઠ પરના સોળ જોઇને અમને અમારી ચામડી ચિરાઈ ગઈ હોય એવી વેદના થઈ. અમે ટિનકાઓ પણ મનમાં ને મનમાં બળી ઊઠયા: 'આ તે શો જુલમ! ગોરા સાહેબ થયા એટલે શું આટલો કેર વર્તાવે? આપણા લોકો કામ કરવાની ના પાડે તો શું મારીને કામ લેવાનું હોય?'

મગનકાકા પણ થોડીવાર દિગમૂઢ બની એ ત્રાસ જોતા ને સાંભળતા ઊભા રહ્યા. પછી એને આશ્વાસનનાં વેણ કહી મગનકાકાએ અમારી નિશાળના એક ઓરડામાં એમને રહેઠાણ અપાવ્યું. એ સાંજે અંધારું થતાં સુધી અમે અનેકવાર સુર્ઝાઇનું દર્શન કરવા ગયા. અમારી બીજી રમતો ભુલાઇ ગઇ.

બીજા બધા હડતાલિયાઓના ગયા પછી પણ કેટલાક દિવસ સુધી સુર્ઝાઇ ફીનિક્સમાં રહ્યો. દિવસોના દિવસ વીતવા છતાં એની સ્ત્રીનો ઉદ્વેગ શમતો ન હતો અને સુર્ઝાઇ પોતે તો જાણે મૂંગો જ બની ગયો હતો. અમે ગમે એટલા એને ઘેરીએ, એના ઊપસેલા સોળને તપાસીએ પણ એ ન બોલે. પોતાની આપદા બાબત એ હોઠ સુદ્ધાં ન ફફડાવતો. ઊલટું મને એવું યાદ છે કે એની પત્ની જ્યારે કકળાટ કરતી ત્યારે એ અકળાઈ ઊઠતો અને વીતક વિષે શાંત રહેવાનો ઇશારો કરતો જણાતો.

મારું બાલમાનસ ત્યારે, એટલે સાંભળેલી વાતોઓને તાદૃશ જોવાની પ્રવૃત્તિ મનમાં ચાલ્યા જ કરે. અમારી નિશાળના જે ઓરડામાં સુર્ઝાઇને ઉતારો મળ્યો હતો એ ઓરડા સાથે મારા મનમાં કાચબા ને કાચબીની વાર્તા જડાઈ ગઇ હતી. ભોજા ભગતનું પેલું ભજન—

> કાચબો ને કાચબી જળમાં રહેતાં, હતાં હરિનાં દાસ,
> દર્શન કારણ બહાર નીસર્યાં રાખીને વિશ્વાસ.

ફીનિક્સની પ્રાર્થનામાં વારે વારે ગવાતું અને એનો અર્થ અમે નિશાળમાં ભણતા. સુર્ઝાઇ અને એની પત્ની એ ઓરડીમાં વસ્યાં ત્યારથી કાચબા કાચબીની વિડંબનાનું અને સુર્ઝાઈની વિડંબનાનું ચિત્ર એકસાથે મારાં કલ્પના-ચક્ષુ સામે ખડાં થાય છે ને નીચેની કડીનો ઘોષ કાન-માં ગુંજી ઊઠે છે:

> બળતી હોય તો બેસને મારી પીઠ પર રાખું પ્રાણ,
> નિંદા કરે છે નાથની એ તો લાગે છે મુજને બાણ;
> ચિંતા મેલી શરણે આવો, મારવા તુંને નહિ દિયે માવો.

સત્યાગ્રહની એ લડતનો અંત આવ્યો ત્યારે સુર્ઝાઇનો કિસ્સો પણ ઠીક ચર્ચાયો. ગોરા પ્લૅન્ટરોએ પોતાનો બચાવ એ કિસ્સામાં શી રીતે કર્યો એની મને જાણ નથી. છતાં જ્યારેજ્યારે સત્યાગ્રહીએ વેઠવાની રિબા-મણીની ચર્ચા ચાલે છે ત્યારેત્યારે, હજી યે, મરતાં સુધી રિબાઇ રહેલા છતાં ખમતીધર એ સુર્ઝાઈનું સ્મરણ થયા વિના નથી રહેતું. સત્યાગ્રહના એ મૂક શહીદના મનમાં શા ભાવ ઊઠતા હતા એ તો રામ જાણે. એનું શરીર છૂટયું, પણ મરીને એ જીવી ગયો. એ અજ્ઞાત અભણ વ્યક્તિ અંધારામાં વિલીન થઇ પણ પોતાની પાછળ અજવાળાં મૂકી ગઈ.

હવે પાછો હડતાલિયાઓની વાત પર આવું. હડતા-લિયાઓમાંથી સુર્ઝાઇ સિવાયના બીજા કોઈનું વ્યક્તિગત સ્મરણ આજે મને નથી. એ સમયે પણ એ પરિચય આખા સમૂહનો હતો. કેવળ સુર્ઝાઇ જ અમારે મન ફીનિ-ક્સવાસી બની ગયો હતો; બીજા મહેમાન સમા હતા.

જેમજેમ ફીનિક્સ હડતાલિયાઓનું આશ્રયસ્થાન બનતું ગયું તેમતેમ સરકારની કપરી નજર ફીનિક્સ પર ઊતરવાનો ભય વધતો ગયો. મગનકાકા પકડાશે, મિ. વેસ્ટ પણ પકડાશે, અને કદાચ દેવીબેન પણ પકડાઈ જશે એવી વાતો રાત ને દિવસ થવા લાગી. આ વાતો સાંભળી મને બહુ મજા પડતી. મને થતું કે આ મોટાઓ પકડાઈ જશે અને છતાં પણ હડતાલિયાઓ અહીં આવ્યા જ કરશે તો પછી સરકાર કોને પકડશે? પછી તો દેવદાસકાકાનો ને મારો વારો જ આવવાનો.

કેવી મઝા પડશે! અમે પણ પકડાશું!

એક રાતે અમે મગનકાકાને પૂછ્યું: 'તમે પકડાઈ જાઓ પછી અમે મોટાંમોટાં બાળક જ રહ્યાં હોત તો સારૂં થાત. તમારા જતાં આ નાનાંઓ તો રોશે ને રાધાબેન તો બહુ જ રોશે.' મગનકાકાએ અમને હિંમત આપી અને બોલ્યા: 'એ તો બે'ક દિવસ રડશે.ને પછી તમારે બીજું કામ પણ શું હશે? તમે બધાં ભેગાં થઈ ખૂબ રમજો એટલે એ ભૂલી જશે. મિસિસ સેનને ત્યાં જજો. એ તમને ગમ્મત કરાવશે. છાપવાનું કામ તો મારી હાજરી હોવાને લીધે ચાલે છે. હું નહિ હોઉં એટલે તમારે પ્રેસને તો તાળાંકૂંચી જ વાસવાનાં. ફીનિક્સમાં એકલાં બાળકો જ રહ્યાં હોય ત્યારે છાપાંની આશા જ કોણ રાખે? તમારે તમારૂં સંભાળવું. બગીચામાં થાય તે કામ કરવું અને ભણાય એટલું પોતાની મેળે ભણવું. ગણિત અને કાવ્યદોહનનું વાચન તો પોતાની મેળે કરી જ શકો છો. મારા ગયા પછી ડરબનથી, મૅરિત્સબર્ગથી લોકો આવશે, તમારી દયા ખાશે, તમને પોતાની સાથે ડરબન લઈ જવાનો આગ્રહ કરશે, પણ તમે ન જતા. કહી દેજો કે અમને અહીં જ ગમે; શહેરમાં ન ગમે. અમે આવીએ તો આ બગીચો ઊજડી જાય. અમે એકલા ડરતા નથી. ગમે તે આવીને છાપું ચલાવવાની વાત કરે તોપણ ના પાડી દેજો. છાપું બંધ થવાની જાણ હિંદુસ્તાન સુધી પહોંચશે અને ત્યાંથી ગોખલેજી ફીનિક્સની સંભાળ લેશે.'

આમ મગનકાકાએ અમને પૂરા તૈયાર કરી રાખ્યા. એમના પકડાવા બાબતની અમારી ઉત્સુકતા વધતી ગઇ. એક પછી એક દિવસો વીતવા લાગ્યા, પણ ન એમનું વૉરંટ આવ્યું કે ન કંઇ પકડવાનાં ચિહ્ન જણાયાં. અમારે કાને એટલી વાત આવી કે ફીનિક્સ આશ્રમની બાજુના વૅાટલ્સ (વિલાયતી બાવળ)ની ઝાડીમાં અને શેરડીનાં વાવેતરોમાં પોલિસો ખૂબ ફરવા માંડી છે. આ વાતોને આધારે અમે માનવા લાગ્યા કે હવે હુમલો કલાક પછી આવશે, ત્રણ કલાક પછી આવશે, સાંજે આવશે; પણ એમ કરતાં સાતઆઠ દિવસ નીકળી ગયા અને અમે મગનકાકાના પકડાવાની આશા મૂકી દીધી.

એવામાં એક મંગળવારે સવારે મગનકાકાએ મને કહ્યું: 'આજ રાતે પાછાં હજારેક નવા હડતાલિયાઓ આવ્યા છે. છાપાનો દિવસ છે ને કામ બહુ છે. એટલે, તું આ વંદા નાખી આવ.' અમારા ઘરમાં ધોળા ને રાતા વંદા બહુ થઇ પડેલા. એ ચોપડીઓનું નિકંદન બહુ કાઢતા. એમને પકડવા માટે રાત્રે સાંકડા મોઢાની ઉઘાડી શીશી મૂકી રાખવામાં આવતી. એમાં સવાર પડ્યે સેંકડો વંદા ખદબદી રહેતા. વખત મળ્યે મગનકાકા એ વંદાઓને દૂર જંગલમાં નાખવા જતા અને ફરવાનું ઉકેલતા; પણ એમને સમયની ભીડ પડતી ત્યારે એ કામ મારે કરવાનું રહેતું.

વૅાટલ્સના જંગલમાં અરધા માઇલથી યે વધુ દૂર હું વંદા નાખવા ગયો, ત્યાં મને એક વિચિત્ર અવાજ સંભળાયો. કાન દઇને સાંભળતાં એ મોટરસાઇકલ હોવાની અટકળ કરી, કેમકે ડરબનમાં જોએલી મોટર-સાઇકલના અવાજ જેવો જ એ ધ્વનિ હતો. એવામાં તો, જે ટેકરીની તળેટીમાં હું વંદા ઠલવી રહ્યો હતો તેને મથાળે જ એ સાઇકલ આવેલી ભાસી. આટલાં વરસમાં ફીનિક્સમાં કદી આવો અવાજ સંભળાયો ન હતો એટલે મગનકાકા માટેનું વૉરંટ લઇને આવતા કોઇ સોલ્જરની મેં કલ્પના કરી. બીજું કંઇ કારણ ન જ હતું. હું એકલો હતો તોપણ મારાથી મનમાં ને મનમાં મલકી દેવાયું. મગનકાકાને પકડવા આવતા સોલ્જરને હું જ પહેલો ભેટીશ એ ખ્યાલ આવતાં મને હર્ષ વ્યાપી ગયો. પાછા ઘેર પહોંચવાની ઉતાવળ હતી, પણ એ શું છે એનો પત્તો મેળવ્યા વિના મારૂં પગલું ઘર તરફ કેમ પડે? મોટરસાઇકલ હમણાં દેખા દેશે એ આશાએ થોડી મિનીટો સુધી ટેકરીને મથાળેથી નીચે આવતા રસ્તા તરફ હું મીટ માંડી રહ્યો. પણ એટલામાં એ અવાજ દૂર જતો જણાયો. હવે તો એ મોટરસાઇકલ સોલ્જરની હોવાની મારી શંકા દૃઢ થઈ. ખરૂં જાણવા હું ટેકરી પર ચડવા લાગ્યો અને ઝપાટાભેર ચડતો અર્ધેક પહોંચ્યો ત્યાં તો પાછો સાઈ-કલનો અવાજ મારી પાસે આવતો જણાયો, એટલે હું ઊભો રહ્યો. પણ ટેકરીના મથાળા સુધી અવાજ આવી પાછો ફરી ગયો. આમ મારા ઉપર ચડતાં સુધી ત્રણેક વાર મોટરસાઈકલે આવજા કરી, પણ હું ઉપર પહોંચ્યો ત્યારે તેના ટાયરના પડેલા ચીલા સિવાય કંઈ પણ નજરે ન પડયું. આસપાસ ઝાડીમાં પણ હું ખોળી વળ્યો પણ કોઇ ઓછાયો યે નજરે ન પડ્યો. મોડું થતું હોવાથી હું પાછો ફર્યો.

આવીને મેં દેવદાસકાકાને ખુશખબર આપ્યા કે 'આજે મગનકાકા પકડાવાના છે.' અને પછી સાઇકલવાળી વાત સંભળાવી. તેઓ મારા મતને મળતા થયા અને અમે બંનેએ જઈ મગનકાકાને વાત કરી. તેઓને પણ અમારો તર્ક સાચો લાગ્યો અને બોલ્યા: 'ચાલો ત્યારે, આજનો મંગળવાર છેલ્લો છે; છાપાનું કામ વહેલું પતાવી નાખીએ.'

અને આમ કહી, મને ફીનિક્સ આશ્રમમાં રોન કરવા મોકલી તેઓ બંને છાપખાનામાં પહોંચ્યા.

(ચાલુ) પ્રભુદાસ છગનલાલ ગાંધી

સરજનહારની સૃષ્ટિ



નોળિયો

સાપ સાથે વેર ધરાવતા આ નાનાસરખા પ્રાણીને ભાગ્યે જ અહીં કોઈ નહિ ઓળખતું હોય. પરંતુ અમેરિકામાં તો એના પ્રવેશ સામે ખાસ મનાઈ ફરમાવવામાં આવી છે. દેશદેશનાં અનેકવિધ પ્રાણીઓને સંઘરતાં ત્યાંના સંગ્રહાલયો પણ નોળિયાને સત્કારતાં નથી. વર્ષો પહેલાં જમૈકા ટાપુ પર ઉંદરોનો ત્રાસ વધી પડ્યો ત્યારે કોઈની સલાહથી નોળિયાની આયાત ત્યાં કરવામાં આવેલી. પરંતુ પછી તો નોળિયાનો ત્રાસ ઉંદરોથી યે વધી પડ્યો. ઉંદરો સ્વાહા થઈ જતાં એમણે મરઘાં-બતકાંનો ને જમીન પર માળા બાંધતાં પક્ષીઓનો સંહાર કરવા માંડ્યો. આ ત્રાસ પરથી બોધપાઠ લઈને જ અમેરિકાએ તેના પ્રવેશ સામે મનાઈ ફરમાવી છે.

નોળિયાની અનેક જાતો થાય છે, પણ તેમાં હિંદનો રાખોડી રંગનો નોળિયો સૌથી મોટો છે. એનું શરીર ૧૫થી ૧૮ ઈંચ જેટલું લાંબુ હોય છે, ને એટલી જ લગભગ લાંબી પૂંછડી હોય છે. એની રુંવાટી ઢીલી, લબડતી ને લાંબી હોય છે તથા તે શાહુડીના કાંટા જેમ ઊભા થઈ શકે તેવી હોય છે. સામાન્ય રીતે માણસજાતને ઉપદ્રવકર્તા પ્રાણીઓ જ એનો ખોરાક છે: સાપ, ગીલોડી, ઉંદર વગેરે દરમાં રહેતાં પ્રાણીઓ તથા સાપ અને મગરનાં ઇંડાં વગેરે. આને લઈને વગડાઉ સ્થાનોમાં ઘરની ચોકી માટે તેમને ખાસ પાળવામાં આવે છે.

નોળિયો સાપને ખાઈ જાય છે તેથી એવું મનાય છે કે તેને સાપનું ઝેર નથી ચડતું. પણ એ ખોટી વાત છે. સાપનું ઝેર તેના શરીરમાં નહિ, પણ માત્ર જડબાંમાં જ હોય છે, તેથી સાપ ખાનારને ઝેર ચડતું નથી. ખરી રીતે તો નોળિયાને પણ સાપ કરડે તો તે મરી જાય છે; પણ જરા મોડા. એટલે જ સાપનો સામનો થતાં નોળિયો મોટે ભાગે તેનો દંશ ચુકાવવાની જ પેરવી કરે છે, અને તેની તીક્ષ્ણ નજર ને શારીરિક ચપળતાને લઈ તેને તેમાં મુશ્કેલી નથી પડતી. એ વખતે એ પોતાની રુંવાટી ખડી કરી દેતો હોઈ મૂળ કરતાં લગભગ બમણા કદનો બની જાય છે ને એ રીતે સાપને કાયર બનાવે છે. વળી એની ચામડી પણ એવી જાડી છે કે સાપનો દંશ બહુ સહેલાઈથી તેમાં ઊતરી શકતો નથી.

સાપને જોઈને નોળીઓ તરત ધસી જતો નથી, પણ પોતાના પંજા પર રહી હળવેહળવે ઘૂરકતો તેની સમીપ પહોંચે છે. એક જ નેમ ન સાધતાં જ્યાં લાગ મળે ત્યાં એ સાપના શરીર પર ઘા કરવા માંડે છે. આમતેમ અમળાતો સાપ આ પ્રકારથી સહેજ નરમ પડે છે કે તરત તે તેને માથાના ભાગમાંથી પાછળથી પકડે છે. તેના તીણા દાંત તરત સાપની ખોપરી કચડી નાખી તેનાં જડબાં બંધ કરી દે છે. થોડીવારમાં સાપ ખતમ થઈ જાય છે ને પછી નોળિયો મોજથી તેની ઉજાણી ઉડાવે છે.

પંચતંત્રની વાર્તાઓ

ત્યાંથી આગળ ચાલતાં કાગડો કહે, 'આ ઘૂડ નીચ છે તે શું પ્રજાને પાળવાનો હતો? કહ્યું છે, કે

નીચ ન્યાય કરો પામી વિવાદી બેયનો મરો।
જે રીતે ક્ષયને પામ્યા બન્ને શિશ કપિંજલ

પક્ષીઓ કહે, 'એ કેમ?' તે બોલ્યા :

કથા ૪

એક ઝાડની બખોલમાં કપિંજલ નામે પક્ષી રહેતો હતો. હું યે એ જ ઝાડ ઉપર રહેતો, એટલે અમારે પ્રીત થઈ, અને પ્રતિ દિવસ આહારવિહાર થઈ રહ્યા પછી પ્રથમ પ્રદોષ ટાણે અમે સુભાષિત પ્રશ્ન પ્રતિપ્રશ્ન કરતા. એક દિવસ સાંજે કપિંજલ આવ્યો નહિ, એટલે હું આકુળવ્યાકુળ થઈ ગયો ને વિચાર્યુંઃ 'એ ક્યાંક બંધાઈ ગયો કે નાશ પામ્યો, કે એણે બીજે ક્યાંક વાસ કર્યો? થયું શું?' એમ કરતાં બહુ દિન વીતી ગયા, અને કપિંજલની સૂની બખોલમાં શીઘ્રગ નામે સસલો આવીને પેઠો. મિત્રસમાગમની મને હવે આશા નહોતી એટલે હું કાંઈ બોલ્યો નહિ. સસલાને બખોલમાં વસ્યાં થોડો કાળ થયો ત્યાં કપિંજલ આવ્યો. એટલે સસલાને કહ્યું, 'આ મારૂં સ્થાન છે, એટલે અહીંથી શીઘ્ર નીકળ.' તે બોલ્યો, 'મૂર્ખા તેતર, તું જાણતો નથી કે ઘર તથા ભોજનનો તો જે પાસે આવી પડે તે જ ઉપયોગ કરે?' કપિંજલ કહે, 'એ ઠીક છે. પણ તોપછી કોક વ્યાવહારિક આગળ નિર્ણય કરાવીએ.' સસલો કહે, ભલે.

એમ કહીને બે ય વાંધો પતાવવા નીકળ્યા. હું પણ કૌતુકથી એની પાછળ ચાલ્યો. કપિંજલે સસલાને પૂછ્યું, 'પણ આપણો વ્યવહાર જોશે કોણ?' સસલો કહે, 'ભગવતી ગંગાને કાંઠે દીર્ઘવાલ નામે તપસ્વી બિલાડો છે તે આપણો ન્યાયદર્શી બનશે.' તેતર કહે, એવા ઢોંગીનો વિશ્વાસ કરવામાં લાભ નથી.' આ સાંભળીને બિલાડો સૂર્યાભિમુખ થઇને બે પગે ઊભો,



હાથ ઊંચા કર્યા, આંખ મીંચી ગયો ને જપ કરવા મંડ્યો. એટલે એની આગળ બે ય જણાએ પોતાની વાત મૂકી અને કહ્યું, 'અમારે વિવાદ થયો છે, તેનો ધર્મશાસ્ત્રદ્વારા નિર્ણય દે.' બિલાડો કહે, 'ઘડપણને લીધે હું દૂરથી સાંભળતો નથી, પણ સાંભળ્યા વિના જય પરાજય કેમ સૂઝે?' એટલે બેય પાસે આવ્યા. પછી તો બિલાડો ધર્મશાસ્ત્રનો પાઠ કરવા મંડ્યો:

અહિંસાથી અધિકો ધર્મ ન ભૂતો ન ભવિષ્યતિ।
રખડે ઘોર અંધારે પશુહિંસક યાજ્ઞિકો ॥
વૃક્ષ કાપી ઢોર મારી કરી રુધિરકર્દમ।
આમ જો જાય છે સ્વર્ગે નરકે કેમ જાય છે ॥

આમ શ્લોક બોલતાંબોલતાં એણે ઝપટ મારી, સસલાતેતર બેયને પકડ્યા ને મારી નાખ્યા.

એટલે હું કહું છું: 'નીચ ન્યાય કરો પામી ક્ષતિ. આ દુર્જન ઘૂડને રાજા ન જ કરવો જોઇએ.' દે. વા.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: (મોકૂફ); બીજું ઈનામ: 'શ્રમજીવીઓની સવાર'- આર. એમ મિસ્ત્રી,(નડિયાદ); ત્રીજું ઈનામ: 'સૂરદાસ'–બાબુભાઈ ભણસાલી (મહુવા) નોંધપાત્ર (ગુણ પ્રમાણે): (૧) 'શૂન્ય પથ'-શિવકુમાર જોષી (કલકત્તા); (૨) 'જગનિવાસ'–આર. એમ. મિસ્ત્રી (નડિયાદ); (૩) 'વેરણિયા'–નાથુભાઇદેસાઇ(કપડવણજ);(૪)'શિકારી'–આર.જે પરીખ (ધ્રાંગધ્રા); (૫)'વાત્સલ્ય'-લલિતકુમાર પટેલ (અમદાવાદ).

બીજું ઈનામ જીતનાર ભાઈ મિસ્ત્રીના 'શ્રમજીવીઓની સવાર' જેવા સૂર્ય સામેથી લેવાએલા વિષયો, ફોટોગ્રાફીની શરૂઆત કરનારાઓ માટે મુશ્કેલ ગણાય. ફોટોગ્રાફીની ટેકનિકમાં એક્સ્પોઝર અને ડેવલપમેન્ટ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. સામા પ્રકાશમાં લીધેલા વિષયોમાં તેજ-છાયા વચ્ચેનું અંતર (પ્રકાશની દૃષ્ટિએ) મોટું હોવાથી એક્સ્પોઝરની થોડી સરખી ઘટ છાયાવાળા ભાગોની ડીટેઈલ (વિગતો)ને આવતી અટકાવી દે છે, જ્યારે થોડું વધારે એક્સ્પોઝર આપવા જતાં વિષયના પ્રકાશિત ભાગોની વિગત ઊડી જાય છે. તે જ પ્રમાણે ડેવલપમેન્ટમાં પણ પુષ્કળ કાળજી રાખવી પડે છે. ઉપરની દૃષ્ટિએ જોતાં ભાઈ મિસ્ત્રીની ટેકનિક સારી ગણાય. બળદની ત્રણ જોડી એક જ હરોળમાં આવવાથી સંયોજન કાંઇક નબળું બને છે. ડાબી તરફની આખી જોડ ટ્રિમ કરી શકાય તેમ નથી; નહિ તો ચિત્ર ટ્રિમિંગની મદદથી પણ સુધારી શકાત. ચિત્રનું નામ બંધબેસતું લાગતું નથી. જેમ બને તેમ નામ ટૂંકાં ને ચિત્રલક્ષ્યને અનુલક્ષી તથા સૂચક યોજવાં જોઇએ.

હરીફાઈના નિયમો તરફ અમે અનેક વાર હરીફોનું ધ્યાન દોર્યું છે, છતાં તેઓ તે તરફ લક્ષ જ આપતા જણાતા નથી. ફોટોગ્રાફી કરનારે કોઈ પણ પ્રદર્શન અગર હરીફાઇમાં ભાગ લેતાં પહેલાં તેના નિયમો બારીકાઇથી વાંચી જવા જોઈએ અને તેનું પૂરેપૂરું પાલન કરવું જોઇએ. આ વખતની હરીફાઇમાં ઈનામ જીતનારાં અને નોંધપાત્ર ઠરેલાં ચિત્રોના પાડનારાઓમાંના ૫૦ ટકાએ પોતાનાં નામઠામ અંગ્રેજીમાં લખ્યાં છે, તે ઠીક ગણાય નહિ. કોઇક વાર આવી નજીવી લાગતી ભૂલો માટે ચિત્ર ઈનામ મેળવતાં રહી જવાનો યે સંભવ છે. માટે ફરીથી સૌને નિયમો ખ્યાલમાં રાખવાની સૂચના છે. જેમને નિયમોની જાણ ન હોય તેઓ કુમાર કાર્યાલયમાંથી તેની પત્રિકા મંગાવી લે.

'સૂરદાસ'ની ફોટોગ્રાફિક ટેકનિક સારી છે. ડાબી તરફથી આવતા પ્રકાશમાં લીધેલા એ ચિત્રમાં છાયાની વિગત સ્પષ્ટ આવી છે. ગયે મહિને સમજાવેલી ડિફરેન્શિયલ ફોકસિંગની ખૂબીને કારણે ભાઈ ભણસાલીનું આ ચિત્ર આકર્ષક બન્યું છે. રેલવેના પાટાઓ 'સૂરદાસ' જેવા વિષયને માટે અનુરૂપ બૅકગ્રાઉન્ડ ન ગણાય સમયસૂચકતા વાપરી તકનો ઉપયોગ કરવામાં જ કુશળતા રહેલી છે. એકતારો રાખવાની ઢબ સુયોગ્ય નથી.

ભાઈ શિવકુમારે વાદળ-આચ્છાદિત હિમાલયનું આહ્લાદક દૃશ્ય 'શૂન્ય પથ'માં ઉતાર્યું છે, પરંતુ જરા અનુચિત દૃષ્ટિકોણ તથા ખામીયુક્ત ફોકસિંગ ચિત્રના ગુણ ઓછા કરે છે. આવી રમણીય પશ્ચાદ્ભૂમિ સાથે વાંકાચૂંકા પહાડી રસ્તાને વિષયનું કેન્દ્ર બનાવી સુંદર ચિત્ર સર્જી શકાય.

'જગનિવાસ-ઉદેપુર'નો વિષય અને શાંત વાતાવરણ ચિત્તાકર્ષક છે. ઉપરથી લટકતી ડાળીઓ અને પાંદડાંનો જથ્થો ચિત્ર-વિસ્તારમાં અપ્રમાણસર છે. તેને લીધે ચિત્રમાં સમતોલપણું રહેતું નથી. (બ્લૉકમાં પણ અમે થોડું ટ્રિમિંગ કરીને લીધું છે.) ટેકનિક સારી છે. લાકડાં વેરતા 'વેરણિયા'-માં ક્રિયાની ગતિ લેન્સની સપાટીને સમાન્તરે હોવાથી શટરની ઝડપ ઓછી પડી છે, તેથી હાથ અને કરવત હાલેલાં જણાય છે. પશ્ચાદ્ભૂમિ વિસંવાદી છે.

ભાઇ પરીખનું 'શિકારી' ચિત્ર આફ્રિકાના જંગલીનો સારો ખ્યાલ આપે છે. ભાલો ફેંકતા શિકારીના શરીરનો ઝોક સરસ છે ને તેથી ચિત્ર જીવંત લાગે છે. પ્રિન્ટમાં કર્કશતા (harshness) હોવાથી તેને ઇનામ મળ્યું નથી; લલિતકુમાર પટેલના 'વાત્સલ્ય'માં ક્રિયાભાગ સારો ગણાય, પણ થોડી કૃત્રિમતા આવી છે.

બલવન્ત ભટ્ટ



માધુકરી

ડુંગર ફોડો, ખીણો જોડો, ઊડી આભ ભરો નિજ બાથ,
અણઘડ જગને સુઘડ બનાવે, તે તો યૌવનના દૃઢ હાથ,
જયજય પ્યારા વીર સન્તત !
અધૂરાંને પૂરાં કરવાં સૌ, એ યૌવનનો હક્ક અમોલ,
ધર્મ સદા સેવાનો પાળો, કાર્ય કરો, ના બોલો બોલ;
જયજય પ્યારા વીર સન્તત !
ઊઠો પ્યારા વીર જુવાનો ! આજ સમી નહિ આવે કાલ;
અદલ સફળ તમ કરો જુવાની વરો અમર કીર્તિની માળ:
જયજય પ્યારા વીર સન્તત !

—અરદેશર ફરામજી ખબરદાર

કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર

આ માસ (ઑક્ટોબર)ની તા. ૪-૫ના રોજ મુંબાઇના અંધેરી ઉપનગર મુકામે ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૪મા અધિવેશનના પ્રમુખસ્થાને કવિશ્રી ખબરદારને ચૂંટીને, ગુજરાતે, પારસીઓએ કરેલી ગુજરાતની સંસ્કારસેવાની કદરશનાસી રૂપે ઘણું સુયોગ્ય બહુમાન કર્યું છે. ગુજરાતીઓના એક નાના સરખા, પણ હીરાની કણી જેવા બહુમૂલ અને સોહામણા અંગ સમી એ પારસી કોમે જેમ વ્યાપારી સાહસોમાં ગુજરાતના નામને જગતભરમાં જાણીતું કર્યું છે અને ઉદાર સખાવતોથી ગુજરાતની કીર્તિને ઝળહળતી કરી છે તેમ ગુજરાતની સંસ્કારિતામાં પણ એમનો ફાળો નાનોસૂનો નથી. ગુજરાતી સાહિત્યમાં મલબારી, ખબરદાર, કાબરાજી, શેઠના, સંજાણા, પાલમકોટ, તારાપોરવાળા, મરઝબાન, મસાણી, મોદી, ભાગલ્યા વગેરે નામોના અક્ષરો ઊજળા છે. ગુજરાતના પત્રકારત્વનો આરંભ 'મુંબઇ સમાચાર' સ્થાપીને આજથી એક સદીથી યે પહેલાં પારસીઓએ કર્યો હતો; ગુજરાતમાં મુદ્રણકલાના ઉદ્યોગને પહેલા અવતારનાર પારસીઓ જ હતા; શિક્ષણના ક્ષેત્રમાં ઘણા તેજસ્વી પારસી ગુરુઓ અને શિક્ષણશાસ્ત્રીઓની તાલીમનું ગૌરવ સ્વીકારનારા હજારો ગુજરાતીઓ આજે મોજૂદ હશે; અને મુંબાઇ યુનિવર્સિટીના આજના ઉપ-કુલપતિ પણ પારસી જ છે. આમ, ગુજરાતની એ સપુત કોમે કરેલી સંસ્કારસેવાનું બહુમાન કવિ ખબરદારને પોતાનું પ્રમુખપદ અર્પીને કરીને ગુજરાતી સાહિત્ય પરિષદ કૃતકૃત્ય બની છે. એ કવિશ્રીનો ટૂંકો જીવનપરિચય તારવીને અત્રે આપીએ છીએ.

એમનો જન્મ દમણમાં ૧૮૮૧ની ૬ઠ્ઠી નવેમ્બરે થયો હતો. પાંચ વર્ષની વય થઇ તેટલામાં જ એમના પિતાશ્રીનો દેહાંત થયો; એટલે નાના અરદેશરને તેમનાં શિક્ષિત અને સંસ્કારી માતા અને દાદા-દાદીએ લાડ લડાવી મોટા કર્યાં. ખબરદાર આઠ વર્ષના નાના બાળક હતા ત્યારે તેમના દાદાએ તેમની પાસે મહાકવિ ફિરદૂસી તુસીના 'શાહનામા'નું ગુજરાતી ભાષાંતર અને ગિરધરકૃત રામાયણ વંચાવ્યાં. જન્મ સાથે જ કવિના હૃદયમાં રોપાએલું કવિતાનું બીજ દાદાએ છાંટેલા અમૃતવારિથી આ રીતે વિકાસનો માર્ગ પામવા ભાગ્યશાળી થયું દમણમાં ગુજરાતી સાત ચોપડી પૂરી કરી અંગ્રેજી અભ્યાસ માટે તે ૧૮૯૧માં મુંબઇ આવ્યા.

કવિશ્રી ખબરદારની મૂળ અટક તો પોસ્ટવાળા હતી. પણ એમના દાદા ઘણા બાહોશ હોવાથી તેમનો મિત્રવર્ગ તેમને રમૂજમાં 'ખબરદાર' કહેતો. આ શબ્દ નાના 'અદી'ને ગમી ગએલો. આથી મુંબાઈ આવી નિશાળમાં દાખલ થયા ત્યારે તેમણે નિશાળના રજિસ્ટરમાં ખબરદાર લખાવ્યું.

મુંબાઈમાં ન્યૂ હાઇસ્કૂલ--જે હાલ ભરડા હાઇસ્કૂલને નામે ઓળખાય છે તેમાં-તે દાખલ થએલા. મુંબાઇમાં જે મામાને ત્યાં રહેતા એ રૂસ્તમજી પેમાસ્તર અંગ્રેજીમાં કવિતાઓ લખતા. તે પરથી આપણા કવિને પણ દસ વર્ષની નાની વયે જ કવિતા લખવાની પ્રેરણા થઈ અને એ બાળકે એ વેળા ગુજરાતીમાં કવિતાઓ લખી. ન્યૂ હાઈસ્કૂલમાં હેડમાસ્તર શ્રી જાલભાઇ દોરાબજી ભરડાએ તેમના પર ઘણો પ્રભાવ પાડ્યો. તેમના કવિતાવિકાસમાં એ ગુરુ ઘણો રસ લેતા અને 'વિલાસિકા'ની હસ્તપ્રત વાંચી ખબરદારની કાવ્યશક્તિ વિકસાવવા તેમણે ગુજરાતી અને અંગ્રેજી કાવ્યસાહિત્યનો



કવિશ્રી ખબરદાર (સ્કેચ: રસિકલાલ પરીખ)

પરિચય વધારે પ્રમાણમાં એમને કરાવ્યો. 'કલ્યાણિકા' કવિએ પોતાના આ સ્વર્ગસ્થ ગુરુને અર્પણ કર્યું છે.

અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી એ પહોંચ્યા ત્યાં તો મુંબાઈમાં એકાએક મરકી ફાટી નીકળી અને એ બે વર્ષ સુધી ચાલુ રહી. આ દરમ્યાન શ્રી ખબરદાર પોતાને વતન દમણ આવ્યા અને પોતાની નાનીશી જાગીરની વ્યવસ્થા કરવા લાગ્યા, પણ કપરા સંજોગોને વશ થઈ તેમને વતન છોડવું પડ્યું અને ૧૯૦૯માં તેઓ કુટુંબ સાથે મદ્રાસ ગયા.

કવિશ્રી માત્ર સોળ વર્ષના હતા ત્યારે સ્વ. દાદી તારાપોરવાળાના તંત્રીપદે નીકળતા 'માસિક મજાહ' નામે માસિકે ૧૦૦ દોહરાઓ લખવાની એક હરીફાઈ જાહેર કરેલી. (એ વેળા કવિ દલપતરામની શૈલીના દોહરાઓ લખવાની પ્રથા સારી પેઠે પ્રચલિત હતી.) એ હરીફાઈમાં તે વખતના સારા ગણાતા કવિઓએ ભાગ લીધો હતો. સોળ વર્ષના કુમાર ખબરદારે પણ એમાં ભાગ લીધો ને પહેલો નંબર મેળવ્યો.

અઢાર વર્ષની વયે તેમનું લગ્ન થયું. નિશાળ છોડીને ધંધામાં પડવા છતાં કાવ્યસાહિત્યનો અભ્યાસ તો કાયમ ચાલુ જ રાખ્યો ને ગુજરાતી કવિઓનું સારું અધ્યયન કર્યું. દલપતરામમાંથી એમને સરળતા, છંદપ્રભુત્વ, સાહિત્યની ઉચ્ચ પવિત્રતા અને નીતિમત્તાનો આદેશ લાધ્યા; નર્મદાશંકર અને હરિલાલ ધ્રુવમાંથી એમનાં કાવ્યોમાં વીરરસ છવાયો; પ્રેમાનંદ, નરસિંહ મહેતા, મીરાં અને દયારામના કાવ્યોએ શબ્દમાધુર્ય અને રસમાધુર્ય અર્પ્યાં; અનુભવથી લીધેલા જ્ઞાનને લોકવાણીમાં ઉતારવાની વૃત્તિ અખાના અભ્યાસથી જાગી. યુરોપિયન કવિઓની કવિતાઓના વાચનથી એમની દૃષ્ટિમર્યાદા વિશાળ બની.

એમના આધ્યાત્મિક જીવનના ઘડતરમાં મહાત્મા કુબેરદાસજીનો જબરો ફાળો છે. કવિ તરીકેના એમના જીવનના મૂળમાં કવિ દાદી એદલજી તારાપોરવાળા હતા. એમના 'માસિક મજાહ'ની હરીફાઈમાં ખબરદાર પ્રથમ આવેલા, તેથી તારાપોરવાળાએ મોટો લેખ લખી એ કિશોર કવિને જાહેરમાં મૂક્યા. આ પ્રોત્સાહનથી પ્રેરાઈ એ પછીનાં બે-એક વર્ષમાં શ્રી ખબરદારે અનેક કાવ્યો લખ્યાં, જેમાંનાં ઘણાંખરાં 'કાવ્યરસિકા'માં સંગ્રહાયાં છે.

મદ્રાસમાં તેમણે સાઈકલ, મોટર વગેરેના વેપારની દુકાન ભાગીદારીમાં ખોલી હતી. કેટલાંક વર્ષ તો એ ધંધો સારો ચાલ્યો, પણ ધીરેધીરે એમાં એવી પડતી આવી કે અંતે એ સમેટી લેવો પડ્યો. છેલ્લાં ત્રણ વર્ષથી કવિ મુંબઈ આવ્યા છે અને નિવૃત્તિ ભોગવે છે.

તેમનો 'કાવ્યરસિકા' નામનો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૦૧માં પ્રકટ્યો ત્યારથી માંડીને આજ સુધીમાં એટલે કે લગભગ ૪૦ વર્ષના ગાળામાં તેમણે કુલ ૨૬ ગ્રંથો લખ્યા છે, જેમાંના ૧૫ પ્રગટ થયા છે અને બાકીના ૧૧ હજી અપ્રગટ છે.

એમણે અંગ્રેજીમાં પણ અનેક કાવ્યો લખ્યાં છે. The Silken Tassel એ એમનાં અંગ્રેજી કાવ્યોનો સંગ્રહ છે. એમની અંગ્રેજી કવિતાઓ વાંચીને કવિવર ટાગોરને ગુજરાતી કાવ્યો વાંચવાની ઉત્કંઠા જાગી હતી. '૨૪માં ભાવનગર ખાતે ભરાએલી સાતમી ગુજરાતી સાહિત્યપરિષદના સાહિત્યવિભાગના તેઓ પ્રમુખ હતા. ૧૯૩૧ની ૬ઠ્ઠી નવેમ્બરે તેમને ૫૦ વર્ષ પૂરાં થયાં હોવાથી તેમનો કનકોત્સવ મુંબાઈમાં તેમજ ગુજરાત-મહાગુજરાતમાં અન્ય સ્થળોએ ઉજવાયો હતો.

જ્યોતિષવિદ્યાના પણ તેઓ પ્રખર અભ્યાસી છે તે બહુ ઓછા માણસો જાણતાં હશે. વર્ષોના અભ્યાસ, ચિંતન ને અવલોકનના પરિણામે એ વિદ્યામાં તેઓ નિપુણ બન્યા છે. માત્ર હિંદના જ નહિ પરંતુ અનેક દેશોના જ્યોતિષવિદ્યાના વિદ્વાનો સાથે તેઓ પરિચયમાં આવ્યા છે. આપણા પ્રાચીન જ્યોતિષના એમણે ઊંડા અભ્યાસ કર્યો છે.

અત્યારે તો કવિશ્રી માંદગીને બિછાને છે. સાયેટિકાના હુમલાએ છેલ્લાં ચાર વર્ષથી બહુ પ્રખર રૂપ ધારણ કર્યું છે. હાલચાલ રહી ગયા છે અને લગભગ બિછાનામાં જ પડ્યા રહેવું પડે છે. છતાં પ્રભુમાં અખંડ શ્રદ્ધા રાખનાર આ કવિનું ધૈર્ય અતુલ છે. મદ્રાસનો તેમનો ધંધો સમેટી લેવો પડ્યો હતો એટલે હાલ તો ભાવનગર રાજ્ય તરફથી મળતી મદદ પર અને ગાંધીજીના આદેશ અનુસાર એક શ્રીમંત ગૃહસ્થ માસિક મદદ આપે છે તે પર કવિ નભે છે. સાંભળ્યું છે કે પારસી લેખક મંડળ કવિનાં પુસ્તકો માટે મોટું ફંડ એકત્ર કરે છે. એમ હોય તો ખરેખર ખુશ થવા જેવું છે.

હજી થોડા જ સમય પર કવિતારચનાની કળા વિષે યુનિવર્સિટીના આશ્રય હેઠળ એમણે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

છઠ્ઠી અંગ્રેજી સુધી ભણેલા અને કશી પણ ડીગ્રી ન ધરાવતા કવિને વ્યાખ્યાનો આપવા યુનિવર્સિટી નોતરે એ પરથી જ તેમની કાવ્યરચનાશક્તિનું માપ નીકળે છે.

લગભગ ૬૦ વર્ષના વયે પણ સાહિત્ય અને કવિતા માટે કોઇ યુવાન જેવી ધગશ દાખવતા આ કવિ પુનઃ સ્વાસ્થ્ય મેળવો અને દીર્ઘાયુ ભોગવો. ('ગુજરાતી'માંથી)

રખડુઓની ભૂમિ-લાપલૅન્ડ

નૉર્વે, સ્વીડન, ફિનલૅંડ અને રશિયાની ઉત્તરે આટ-લાંટિક મહાસાગરથી તે ધોળા સમુદ્ર સુધી લાપલૅન્ડ અથવા રખડુઓની ભૂમિ પથરાએલી છે. એ કોઇ બંધારણીય વિસ્તાર ન હોઈ એનો પ્રદેશ જુદો તારવી શકાય એમ નથી. એ તો લાપ લોકો પોતાનાં રેનડીઅરો લઇ રખડતારખડતા જ્યાં પહોંચે ત્યાં તેના ભૌગોલિક સીમાડા ગણી શકાય.

સ્કૅન્ડીનેવિયન દ્વીપકલ્પ જેમ જ આ લાપલૅન્ડ એક ઉચ્ચ પ્રદેશ છે. એની પશ્ચિમે ઉજ્જડ વિસ્તારો, ફિયંડોં, ઊંડી ખીણો, હિમશીર્ષ પર્વતો ને હિમગિરિઓ છે. પૂર્વે વિશાળ પાર્વત સરોવરો છે. પૂર્વમાંનો—સ્વીડન, ફિનલૅંડ ને રશિયામાંનો-લાપલૅન્ડનો બધો ભાગ નીચાણવાળો પ્રદેશ છે.આંતરવ્યવહારનાં મુખ્ય સાધનો નદીઓ ને સરોવરો જ છે.

ધ્રુવવર્તુલ કરતાં પણ ઉત્તર સુધી પથરાએલું હોતાં લાપ-લાંડનું હવામાન શિયાળામાં ખૂબ ઠંડું હોય છે. વરસના આઠ મહિના સુધી બધી જમીન બરફથી ઢંકાઈ જાય છે. ઉનાળામાં દિવસો ખૂબ લાંબા હોય છે ને શિયાળામાં રાત્રિઓ. નૉર્વેમાં આવેલું હૅમરફેલ્ટ દુનિયાનું સૌથી ઉત્તરમાં આવેલું શહેર હોઇ ૧૩મી મેથી તે ૨૯મી જુલાઇ સુધી સૂરજ આથમતો જ નથી, તેમ ૧૮મી નવેંબરથી તે ૨૩મી જાન્યુઆરી સુધી ઊગતો પણ નથી. લાંબા દિવસોના સતત પ્રકાશમાં બરફ ઓગળવા માંડે છે એટલે બધે કીચડ થઇ રહે છે. એ ઉનાળામાં નાનાનાના છોડવા ક્યાંક ઊગે છે. કેટલાક ભાગમાં રાઈ નામના અનાજનાં ખેતરો પણ ઊભાં કરવામાં આવે છે, પણ સામાન્યતઃ તો આખો પ્રદેશ અનુત્પાદક લેખી શકાય. ચણીબોરને મળતા નાના છોડવા કે રેનડીઅરોને કામ આવે એવું લિચન માત્ર ઊગે છે.



ખભે બાળકની ખોઈ લટકાવેલી લાપ સ્ત્રી




લાપલાંડના ભમતા વતનીઓ કદી સ્થાયી ન રહેતા આવા નેસ બાંધી ફરતા જ ફરે છે.

લાપલૅન્ડની નદીઓ ને સરોવરોમાં તથા પડોશના દરિયામાં બધા પ્રકારનાં માછલાં થાય છે. અને વનસ્પતિની અવકૃપા પામેલી એ ભૂમિમાં ગાય અને ઘેટાંને પણ માછલાં ખાવાની ટેવ પાડવી પડે છે. ધ્રુવ મહાસાગરમાં સીલ, વ્હેલ, વૉલરસ વગેરે થાય છે. હૅમરફેસ્ટ મુકામે કૉડલિવર તેલ મોટા પ્રમાણમાં મેળવવામાં આવે છે. ખનીજની દૃષ્ટિએ આખો પ્રદેશ સમૃદ્ધ હોવા છતાં તેની પૂરેપૂરી શોધ હજી નથી થઇ. કેટલીક તાંબાની ખાણ શોધાઈ છે. સ્વીડિશ લાપલાંડમાં આવેલી લોઢાની ખાણો તો દુનિયાની સૌથી કીમતી ખાણો ગણાય છે.

લાપ લોકો મૂળ મંગોલ તોખમના હોઈ ફિન લોકોના સંબંધી છે. યુરોપમાં એમની જાતિ ઠીંગણામાં ઠીંગણી છે. એમના પગ સહેજ વળેલા હોય છે, છતાં એ ખૂબ ચપળ ને મજબૂત હોય છે. તેમનો વર્ણ પીળાશપડતો, વાળ કાળા અને સીધા ગાલ ઉપસેલા, મોં પહોળું, નાક ચપટું ને આંખો કાળાશપડતી હોય છે. રેનડીઅરોનાં ચામડાં તથા ઊનનાં કપડાં એ પહેરે છે.

લાપ લોકો એમના અનુદાર પડોશીઓને હાથે પહેલેથી જ ઉત્તર તરફ ધકેલાતા રહ્યા છે, તે હજુ વધુ ને વધુ ધકેલાતા જાય છે. મોટા ભાગના લાપ લોકો સ્થાયી નિવાસ કરતાં પોતાના સઘળા રસાલા સાથે રખડતા રહેવાનું જ પસંદ કરે છે. આજે માત્ર ૩૦,૦૦૦ જેટલી રહેલી એમની વસતિ દિવસાનુદિવસ ઘટતી જ જાય છે, ને લાંબે ગાળે કદાચ નાબૂદ થઇ જાય એવી પણ ધાસ્તી રહે છે.



ત્રિકોણાકારી ચાલન

આપણે સીધા ચાલીએ છીએ; ચાર પગવાળાં ને છ પગવાળાં જીવ બધાં આડાં પડીને ચાલે છે, છતાં ચોપગાં કરતાં છપગાંની ચાલન ક્રિયા જુદી પડી આવે છે.

ચાલતી વખતે છપગાં કીટક ત્રિકોણ રચે છે. આ ત્રિકોણ એની એક બાજુના આગલા તથા પાછલા, અને બીજીબાજુના વચલાપગને આધારે ચલાય છે, અને તે જ સમયે બાકીના ત્રણ પગને આગળ ધપાવવામાં આવે છે. આગલા પગનું કામ ખેંચવાનું છે, વચલો પગ આખા શરીરને આધાર આપીને પોતાની બાજુ તરફ વાળવાનું કામ કરે છે, જ્યારે પાછલો પગ કીટક દેહના ઉત્તરભાગને ધક્કો આપવામાં મદદ કરવા ઉપરાંત સમતુલા જાળવી કીટકને સમક્ષેત્રમાં ફેરવે છે. આનું પરિણામ એ આવે છે કે છપગાંની ચાલણક્રિયા સીધી લીટીમાં થવાનેબદલે ડાબી તથા જમણી વળતી વાંકીચૂંકી રેખાવાળી બની જાય છે.

કાજળથી કાળા કરેલા કાગળ પર કોઈ કીટકને ચલાવી જોવાથી આ સાથેની આકૃતિમાં દર્શાવેલી ત્રિકોણિક ચલનરચના સ્પષ્ટ થશે. આકૃતિમાં 'કૅરેબસ' નામનું કીડલું ચાલી રહ્યું છે તો ખંડિત રેખા તરફ; પરંતુ એમ ચાલતાં ખરી રીતે તો એ અખંડિત રેખાના વાંકાચૂંકા માર્ગને જ અનુસરે છે.

આકૃતિમાંનાં મીંડાં, ચલનક્રિયા દરમિયાન ભૂમિ પર આધાર રાખતા પગનાં નિશાન બતાવે છે.

(આકૃતિ 'વીગલવર્થ' ઉપરથી) —મ. હ. દેસાઈ

રાષ્ટ્રદ્યોતક પુષ્પો

લગભગ દરેક દેશમાં અમુક ફૂલ તેના રાષ્ટ્રધ્વજ જેવું જ સૂચક અને દ્યોતક બનેલું છે. હિંદ અને મિસરમાં કમળ પ્રધાનપદે છે. જાપાનમાં ક્રિસાન્થેમમ, જર્મનીમાં કૉર્નફ્લાવર, ગ્રીસમાં વાયોલેટ, ઈરાનમાં ગુલાબ, ચીનમાં નારસીસસ, ફ્રાન્સમાં લીલી, સ્પેનમાં દાડિમ ફૂલ, સ્વિટ્ઝરલૅંડમાં એડલવીસ, મેકસિકોમાં હાથલા થોરનું ફૂલ, કૅનેડામાં સ્યુગર મેપલીફ, સ્કૉટલૅંડમાં થીસલ, વેલ્સમાં લીક, આયર્લાંડમાં શામરૉક અને ઇંગ્લંડમાં ગુલાબ. (ટ્રેઝર ચેસ્ટ)

ભારતીય સંવતો.

૨૩-ફસલી સન

હિંદુસ્તાનમાં મુસલમાનોનું રાજ્ય થતાં હિજરી સન એનો રાજકીય સન થયો; પણ એનું વર્ષ સૌર (સૂર્યગણત્રીના) વર્ષ કરતાં નાનું હોવાથી, બંને મોસમના પાકો (ફસલ)–રવી અને ખરીફ–નું મહેસુલ નિયત મહિનાઓમાં વસૂલ લેવાની સરળતા માટે, અકબર બાદશાહે હીજરી સનમાં થોડો ફેરફાર કરીને હીજરી સને ૯૭૧ (ઈ. સ. ૧૫૬૩=વિ.સં. ૧૬૨૦)થી આ નવો સન ચાલુ કર્યો. એમાં સન તો મૂળ હીજરી જ રાખવામાં આવ્યો, પણ માસ સૌર રાખવામાં આવ્યા. આ રીતે એ પણ શાહુર સનની પેઠે હીજરી સનનો જ એક પ્રકાર છે. એ જ રીતે બંગાળમાં પ્રચલિત 'બંગાળી સન', બંગાળના ચટગાંવનો 'મગિ સન', તેમજ ઓઢિયાના 'વિલાયતી સન' અને 'અમલી સન' પણ આ ફસલી સનના જ પ્રકારાંતરો છે.

ફસલી સનનો પહેલો પ્રચાર પંજાબ અને યુક્ત પ્રાંતોમાં થયો અને પછી અકબરે બંગાળ જીતતાં ત્યાં થયો. પછી શાહજહાંએ દક્ષિણમાં તેનો પ્રચાર કર્યો. ઉત્તર હિંદમાં ચાલતા ફસલી સનમાં ૫૯૨–૯૩ ઉમેરતાં અને દક્ષિણ હિંદનામાં ૫૯૦–૯૧ ઉમેરતાં ઈસવી સન આવે છે.

આ મહિનો (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૫ ટિપુ સુલતાનની સત્તાનો નાશ કરનાર હિંદના ગવર્નર જનરલ લૉર્ડ કૉર્નવૉલિસનું ગાઝીપુરમાં અવસાન –૧૮૦૫; જ્યાં હિંદીઓના જ ફાળાથી થએલો તેનો મકબરો આજે પણ છે.

તા. ૮ અંગ્રેજ નવલકથાકાર હેન્રી ફીલ્ડિંગનું અવસાન ઇ. ૧૭૫૪

તા. ૧૩ પ્રતિભાશાળી ફ્રેન્ચ લેખક આનાતોલ ફ્રાન્સનું અવસાન–ઇ. ૧૯૨૪

તા. ૧૪ અમેરિકાનાં પ્રજાસત્તાક રાજ્યોમાંના અગ્રણી પેનસિલ્વાનિયા સંસ્થાનના સ્થાપનાર વિલિયમ પેનનો જન્મ-ઇ. ૧૬૪૪. એણે એને 'સિલ્વાનિયા' (વનભૂમિ) નામ આપેલું; પણ ચાર્લ્સ બીજાએ એનું નામ સાથે જોડી પેનસિલ્વાનિયા કર્યું. એની રાજધાની ફિલાડેલ્ફિયા, વૉશિંગ્ટનની સ્થાપના સુધી અમેરિકન પ્રજાસત્તાકનું પાટનગર રહેલું. ક્વેકરપંથી હોવાને લીધે પેનનું જીવન અનેક કષ્ટસહનમાં વીત્યું.

તા. ૨૨ બ્રિટનની શાહીવાદી નીતિ સામે હિંદની રાષ્ટ્રીય મહાસભાએ કૉંગ્રેસ પ્રધાનમંડળોનાં રાજીનામાં આપવાનું ઠરાવ્યું-ઇ. ૧૯૩૯

તા. ૨૩ અંગ્રેજ કવિ રૉબર્ટ બ્રિજિસનો જન્મ-ઇ. ૧૮૪૪

તા. ૨૯ અંગ્રેજ સાહિત્યકાર જૉન્સનના મિત્ર અને ચરિત્રલેખક બૉઝવેલનો જન્મ-ઇ. ૧૭૪૦

તા. ૩૦ રશિયાના પહેલા મહાન વાસ્તવવાદી નવલકથાકાર ફીઓડોર મિખાઇલોવિચ ડૉસ્ટોએવસ્કીનો મૉસ્કો મુકામે જન્મ-ઇ. ૧૮૨૧ એની સૌથી મહાન કૃતિ: 'ક્રાઇમ ઍન્ડ પનિશમેન્ટ'.

આ માસની સાહિત્યવિભૂતિ

મણિલાલ નભુભાઈ દ્વિવેદી



'અભેદમાર્ગપ્રવાસી' તરીકે ગુજરાતી સાહિત્યમાં ઓળખાએલા આ તત્ત્વજ્ઞ કવિ અને શિષ્ટ સાહિત્યકારનો જન્મ સંવત ૧૯૧૪ના ભાદરવા વદ ૪ તા. ૨૬મી સપ્ટેમ્બર ૧૮૫૮ના રોજ નડિયાદમાં થયો હતો. પિતા વ્યાજવટાવનો ધંધો કરતા; ને માતૃપક્ષ પણ ખાધેપીધે સુખી હોવાથી તે લાડમાં ઊછર્યા.

૪ વર્ષની વયથી ગામડી નિશાળે અભ્યાસ શરૂ કર્યો અને ૭ની વયે તો જનોઈ ધારણ કરી સરકારી શાળામાં દાખલ થયા. ગણિત પર અણગમો પહેલેથી જ હતો; પણ અંગ્રેજી ત્રીજા ધોરણથી અભ્યાસમાં તેજ બતાવવા માંડ્યું અને પ્રથમ આવ્યા, એટલે હેડ માસ્તરે ધોરણ કુદાવી પાંચમામાં બેસાડ્યા. પરંતુ આત્માવલોકન અને આત્મસુધારણાની ઝંખના એ વયે પણ એટલી તીવ્ર હતી કે એ વર્ગમાં સંસ્કૃત અને ભૂમિતિમાં ન ફાવતાં આપમેળે પોતે નીચલા ધોરણમાં ઊતરી ગયા.

આ વખતે બાલાશંકર જે એમનાથી એક ધોરણ પાછળ હતા તેમની સાથે એમને મૈત્રી થઇ અને તેમના સહવાસ ને પ્રેરણાથી મણિલાલ કવિતા લખતા થયા. કવિતારચના, વાચન અને ચર્ચા ઉપરાંત જ્ઞાતિસુધારણા માટે 'સ્વસુધારક' મંડળ સ્થાપ્યું. ૧૫ વર્ષની વયે અમદાવાદમાં પ્રાર્થના સમાજ સ્થપાઇ તેની પ્રવૃત્તિમાં પણ રસ લેતા.

પુખ્ત વયે ભવભૂતિના ઉત્તરરામ ચરિતનું સુંદર ભાષાંતર અને ઊંચા તત્ત્વજ્ઞાનના સંસ્કૃત ગ્રંથો ઉપર અંગ્રેજી ભાષ્યો આપનાર એ પંડિત સાહિત્યકાર કુમારાવસ્થામાં સંસ્કૃતમાં એટલા કાચા હતા કે ૧૮૭૫માં મૅટ્રિકમાં તે નાપાસ થયા! પણ પછીથી પલટો આવ્યો, અને ૧૮૭૬માં આખી યુનિવર્સિટીમાં બીજે નંબરે આવ્યા. આ જ વર્ષમાં બીજા બે બનાવો બન્યા: ધાર્મિક આસ્તિકતાનાં બીજ હૃદયમાં રોપાયાં અને 'શિક્ષાશતક' નામનું નાનું કાવ્યપુસ્તક પ્રથમ પ્રગટ કરી મિત્ર બાલાશંકરને અર્પણ કર્યું.

મુંબાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થઈ ૧૮૮૧માં તેઓ બી. એ.માં બીજે નંબરે આવ્યા એ દરમ્યાનનો અભ્યાસકાળ તેમજ પછીનો સમય એમણે બુદ્ધિશક્તિને કસે ચડાવી અને સંસ્કૃત સાહિત્ય તેમજ ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનું ઊંડું અધ્યયન કર્યું. મુંબાઈની મ્યુ. ગુજરાતી શાળાઓના ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેક્ટર હતા, ત્યારે ઉત્તરરામ ચરિતનું ભાષાંતર બહાર પાડ્યું અને ૧૮૮૫માં ભાવનગર સામળદાસ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક નીમાયા બાદ સ્ત્રીવિષયક માસિક 'પ્રિયંવદા' શરૂ કર્યું, જેને પાછળથી 'સુદર્શન' નામથી સાહિત્યવિષયક માસિકમાં ફેરવી નાખ્યું. સુધારાને લગતું 'નારીપ્રતિષ્ઠા', 'સિદ્ધાંતસાર'-નાં કેટલાંક પ્રકરણો, 'ચારિત્ર્ય' અને 'બાળવિલાસ'ના નિબંધો અને 'સુદર્શન'માં લખેલાં એમનાં ચિંતનાત્મક સાહિત્યવિવેચનો ગુજરાતી સાહિત્યમાં જાણીતાં છે. એથી યે જાણીતાં છે, એમણે લિટનકૃત અંગ્રેજી પુસ્તકના અનુકરણ રૂપે લખેલી 'ગુલાબસિંહ' નામની તત્ત્વબોધક નવલકથા અને 'કાન્તા' નાટક.

આ ઉપરાંત તત્ત્વજ્ઞાનવિષયક ગુજરાતી તેમજ અંગ્રેજી ઘણા ગ્રંથો એમણે લખ્યા. અને મુંબાઈ સરકારે તર્કકૌમુદીનો ન્યાયગ્રંથ અંગ્રેજી ટીકા સાથે એમની પાસે સંપાદિત કરાવી બહાર પાડ્યો ત્યારપછી તો એ સંસ્કૃત પંડિત તરીકે પંકાઈ ગયા. છેલ્લે વડોદરા રાજ્ય તરફથી પાટણ તથા બીજા ભંડારોના સંસ્કૃત અને પ્રાચીન ગ્રંથોના સંશોધનનું કાર્ય એમને સોંપાયું. તેમાં એમણે એટલો શ્રમ લીધો કે તબિયત બગડી અને ૧૮૯૮ના ઑક્ટોબરની ૧લી તારીખે તે અવસાન પામ્યા.

તત્ત્વદર્શી સાહિત્યકાર, રૂપદર્શી છતાં મસ્ત કવિ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય સાધનાર સુધારક, અને સૂક્ષ્મ સ્થિરચિંતક વિવેચક મણિલાલ ખરેખર ગુર્જરગિરાના મુકુટના ચમકતા મણિ સમા હતા.

ડ્યૂક ઑફ ઑર્લીઅન્સ બારમો લૂઈ બનીને ફ્રાન્સના શહેનશાહપદે આવ્યો ત્યારે તેના સાથીઓએ તેને જૂના દુશ્મનોને વીણીવીણીને સજા કરવાની શિખામણ આપી. લૂઇએ જવાબ આપ્યો: હું ડચક ઑફ ઑર્લિયન્સ હતો તે વખતે જેમણે મારૂં બૂરૂં કરેલું તેને હું હવે શિક્ષા કરૂં તે ફ્રાન્સના શહેનશાહને શોભાસ્પદ નથી!


અનેકાર્થી શબ્દ: **મધુ**=મીઠું,ગળ્યું; મધ; દારૂ; વસંતઋતુ; અશોક વૃક્ષ; એક છંદ; ચૈત્ર માસ.

કહેવતોના અર્થ: 'રાઇના પાડ તો રાતે વહી ગયા.' તક કે અવસર વીતી ગયા પછી તેનો લાભ લેવા આવનારને આપેલા વાયદાની (પછી ભલે તે છળ કરીને પણ અપાયો હોય) નિષ્ફળતા સમજાવવા વપરાતી આ કહેવત વિષે એવી વાત છે કે રાત્રે ઘરમાં ચાર પેસતાં વાણિયાએ યુક્તિ કરીને બૈરીને મોટેથી કહ્યું કે 'આજ આવેલા દેશાવરના કાગળ પ્રમાણે કાલે એક રૂપિયાની રૂપિયાભાર રાઈ પણ મળશે નહિ; માટે આંગણામાં સૂકવેલી રાઈ સવારે વહેલીવહેલી ભેગી કરી લેજે.' મૂર્ખા ચોરો આ સાંભળી, સવારે રાઇનું મોંઘું મૂલ મળવાની લાલચે, કશી ગિલ્લકત ન લેતાં રાઇ એકઠી કરી લઇ ગયા, ને બીજે દિવસે તે વેચવા નીકળતાં વાણિયાએ તેમને પકડાવી દઇ ઉપલી કહેવત સંભળાવી. એને મળતી કહેવતો: 'પાણીએ દીવો બળી ગયો;' 'વર રહ્યાં વાસી, પહેરામણી ગઈ નાસી;' વગેરે.

ઊંઘ—પુરુષ માટે છ કલાક, સ્ત્રીમાટે સાત કલાક, મૂર્ખ માટે આઠ કલાક!

ચાલુ યુદ્ધમાં ઇંગ્લંડને રોજનું ૧૫ કરોડ પૌંડનું ખર્ચ થાય છે.

ભૂરી આંખોવાળા કરતાં માંજરી આંખોવાળાં માણસો ઝળઝાંખળાંમાં વધુ દેખી શકે છે.



ખાળના નળમાં ભરાઇ રહેલો કચરાનો ગાળ સાફ કરવો ઘણીવાર દુષ્કર હોય છે. તેને માટે ગાદીની જૂની થઇ ગએલી કમાન એક દંડા ઉપર આ પ્રમાણે જડી દઇને ઉપયોગમાં લેવાથી બહુ સરસ કામ આપશે.

ગણિતગમ્મત

તમારે જેટલા ભાઇ હોય તે સંખ્યાના બમણા કરી તેમાં ત્રણ ઉમેરો. ને જે સંખ્યા આવે તેના પાંચગણા કરો. પછી જે આવે તેમાંતમારે જેટલી બહેનો હોય તે સંખ્યા ઉમેરીને તેને દશ વડે ગુણો. જે આવે તેમાં તમારા કાકાની સંખ્યા ઉમેરો અને જે આવે તેમાંથી ૧૫૦ બાદ કરો. હવે આવેલા જવાબનો પહેલો આંકડો તમારા ભાઈની સંખ્યા, બીજો બહેનની સંખ્યા અને ત્રીજો આંકડો કાકાની સંખ્યા. (ચાવી : સા×૨+૩×૫+રે×૧૦+ગ−૧૫૦=સારેગ.)

જગતનાં મુખ્ય સમાચાર ખાતાં: બ્રિટિશ સામ્રાજ્યનું 'રૉઈટર', અમેરિકાનું 'એસોશીએટેડ પ્રેસ', જર્મનીનું 'ડી.એન.બી.'. ફ્રાન્સનું 'હાવાસ', ઈટાલીનું 'સ્ટેફાની' ને જપાનનું 'ડોમેઇ.'


માણસની જીભ કરતાં ગાયની જીભ ઉપર પાંચગણી સ્વાદગ્રંથિઓ હોય છે.

દુનિયાની અરધા ઉપરાંતની વસ્તી દિવસમાં ત્રણ વખત ચોખા ખાય છે.

અઢાર માસનું થતાં સુધીમાં બાળકના મગજમાં સાત શબ્દો સુધા જ ભાષા સ્થાન મેળવી શકે છે. પણ પછી એ સંખ્યા ઝડપથી વધવા માંડે છે ને બે વર્ષનું થતાં તો બાળક ૩૨૮ શબ્દો પર કાબુ ધરાવતું જણાયું છે. નવ જ મહિના બાદ આ સંખ્યા બેવડાય છે.

દુનિયાભરની લિપિઓના અક્ષરો બીજી અનેકરીતે એકબીજાથી જુદા પડતા હોવા છતાં તે બધીમાં પહેલો અક્ષર તો 'અ' જ છે.

'હું હવે કદી સોગન નહિ ખાઉં.'
'તારાથી રહેવાશે જ નહિને?'
'તારા સમ બસ, ખાઉં તો!'



બીજ અને વૃક્ષ : ઉપલે ડાબે ખૂણે બતાવેલી ઇ. ૧૮૧૫ની સાલમાં ફ્રાન્સમાં શોધાએલી, પેડલ (પગાં) અને ચેઇન (સાંકળ) વિનાની ફ્રેન્ચ બાઇસિકલ, એ આજની આસાન સાઈકલ અને ઝડપી મોટરસાઈકલનું મૂળ બીજ હતું.



ફોટો · એફ. આર. રત્નાકર

દિનાન્તે




ફોટો · એફ. આર. રત્નાકર

પ્રભાત-ધૂસર



ફોટો - એફ. આર. રત્નાકર

તડકી-છાંયડી



ફોટો - એફ. આર. રત્નાકર

એકલ પ્રવાસી